અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૬ ફેબ્રુઆરી ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, મહા સુદ ૯ | અંક : ૨૧૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### Delhi Exit Pollsનું અનુમાન । ભાજપને ૫૧થી ૬૦ સીટ મળવાનું અનુમાન : આમ આદમી પાર્ટીને ૧૦ થી ૧૯ સીટો મળવાની શક્યતા

# દિલ્હીની સત્તામાં ૨૭ વર્ષ બાદ ભાજપની વાપસી થવાના એંધાણ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ માટે મતદાન પૂર્ણ થયું છે. બુધવારે (૫ ફેબ્રુઆરી ૨૦૨૫)ના રોજ દિલ્હીની તમામ ૭૦ સીટો પર મતદાન થયું. તમામ એક્ઝિટ પોલ આ વખતે ભારતીય જનતા પાર્ટીની જીતની ભવિષ્યવાણી કરી રહ્યા છે. અહીં અમે આપને જણાવીશું કે તમામ એક્ઝિટ પોલમાં ભાજપ માટે શું અનુમાન લગાવ્યા છે. દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ના અંતિમ પરિણામ શું હશે, એ તો ૮ ફેબ્રુઆરીના રોજ જ જાણવા મળશે. Delhi Exit Pollsના અનુમાન અનુસાર, જો પરિણામ પણ એવા જ આવે તો, ભાજપ કોને મુખ્યમંત્રી બનાવશે, તેને લઈને અટકળો શરૂ થઈ ગઈ છે.





**People Pulse Exit Poll** : દિલ્હી ચૂંટણીમાં ભાજપને ૫૧થી ૬૦ સીટ મળવાનું અનુમાન છે. આમ આદમી પાર્ટીને ૧૦ થી ૧૯ સીટો મળવાની વાત કહી છે. કોંગ્રેસને એક પણ સીટ મળતી દેખાતી નથી.

**Chanakya Exit Poll** : દિલ્હી ચૂંટણીમાં ભાજપને ૩૯થી ૪૯ સીટો મળવાનું અનુમાન લગાવ્યું છે. આમ આદમી પાર્ટીને ૨૫થી ૨૮ સીટો મળવાનું અનુમાન છે. કોંગ્રેસને ૨-૩ સીટો મળવાની ભવિષ્યવાણી કરી છે.

**Matrize** : દિલ્હીમાં ભાજપને ૩૫-૪૦ સીટો, આમ આદમી પાર્ટીને ૩૨-૩૭ સીટો, કોંગ્રેસને ૦-૧ સીટ અને અપક્ષ ઉમેદવારોને ૦ સીટો મળવાનું અનુમાન છે. જેમાં ભાજપ ને ૪૬ ટકા, આમ આદમી પાર્ટીને ૪૪ ટકા, કોંગ્રેસને ૦૮ ટકા અને અપક્ષને ૦૨ ટકા વોટ મળવાનું અનુમાન છે.

**JVC Exit Poll** : ભાજપને ૩૯થી ૪૫ સીટો મળવાનું અનુમાન છે, કોંગ્રેસને ૦થી ૨ સીટ મળવાનું અનુમાન છે. આપને ૨૨થી ૩૧ સીટો મળવાનું અનુમાન છે.

**P Marq Exit Poll** : ભાજપને ૩૯થી ૪૯ સીટો મળવાનું અનુમાન છે. આમ આદમી પાર્ટીને ૨૧થી ૩૧ સીટો મળવાનું અનુમાન છે. કોંગ્રેસને ૦-૧ સીટો મળવાનું અનુમાન છે.

**People's Insight** : ભાજપને ૪૦-૪૪ સીટો, આમ આદમી પાર્ટીને ૨૫-૨૯ સીટો અને કોંગ્રેસને ૦-૧ સીટ મળવાનું અનુમાન છે.

**WeePreside** : આમ આદમી પાર્ટીને ૪૬-૫૨ સીટો અને ભાજપને ૧૮-૨૩ સીટનું અનુમાન લગાવ્યું છે.

**Mind Brink Exit Polls** : આમ આદમી પાર્ટીને ૪૪-૪૯ સીટો મળવાનું અનુમાન, ભાજપને ૨૧-૨૫ સીટો મળવાનું અનુમાન છે.

છેલ્લા ૨૭ વર્ષથી દિલ્હીની સત્તાથી દૂર રહેલી ભાજપ આ વખતે મજબૂતી સાથે વાપસીની તૈયારીમાં લાગેલી છે. પાર્ટીના આંતરિક સર્વે અનુસાર, ભાજપને ૪૨ સીટો પર જીતની આશા છે. જે બહુમત માટે જરુરી ૩૬ સીટોથી પણ વધારે છે. ૨૦૨૫ની ચૂંટણીમાં આપને કેટલાય પડકારોનો સામનો કરવો પડ્યો છે. હાલમાં જ આપના ૮ ધારાસભ્યો ભાજપમાં સામેલ થવાથી પાર્ટીની સ્થિતિ નબળી થઈ ગઈ. ભ્રષ્ટાચારના આરોપોએ પણ તેમની છબીને નુકસાન પહોંચાડ્યું છે.


દિલ્હીની ૭૦ વિધાનસભા સીટોમાંથી અમુક સીટો ચૂંટણી પરિણામોમાં આમતેમ થઈ શકે છે. વિકાસપુરી સીટ પર ૪.૪૬ લાખ મતદારો છે, જે તેને સૌથી વધારે મતદારોવાળી સીટ બનાવે છે. આ સીટ આપ નો ગઢ માનવામાં આવે છે. પણ આ વખતે ભાજપે અહીંથી ડો. પંકજ કુમાર સિંહને મેદાનમાં ઉતાર્યા છે, જે આપના મહેન્દ્ર યાદવને પડકાર આપી રહ્યા છે.

અનામત સીટો પણ સત્તાની ચાવી માનવામાં આવે છે. છેલ્લી બે વિધાનસભા ચૂંટણીમાં આપે તમામ ૧૨ અનામત સીટો પર જીત મેળવી હતી. જો કે આ વખતે દલિત વોટર્સનું મન કઈ તરફ હશે, તે જોવાનું રસપ્રદ રહેશે. મહિલા મતદારોનું વલણ પરિણામમાં મહત્વની ભૂમિકા નિભાવશે. આપ અને ભાજપ, બંનેએ મહિલા મતદારોને લલચાવવા માટે કેટલીય યોજનાની જાહેરાત કરી છે. છેલ્લા ત્રણ દાયકાના ચૂંટણી ઈતિહાસ પર નજર નાખીએ તો દિલ્હીના રાજકારણમાં કેટલાય ઉતાર ચડવા આવ્યા છે. ૧૯૯૩માં થયેલી પહેલી વિધાનસભા ચૂંટણીમાં ભાજપને ૪૯ સીટો સાથે સત્તામાં આવી હતી. ત્યાર બાદ ૧૯૯૮થી ૨૦૧૩ સુધી કોંગ્રેસના શીલા દીક્ષિતે રાજ કર્યું. ૨૦૧૩માં આમ આદમી પાર્ટીએ રાજકારણમાં એન્ટ્રી કરી ખળભળાટ મચાવી દીધો. આપે ત્યારે ૨૮ સીટો જીતીને કોંગ્રેસ સાથે મળીને સરકાર બનાવી હતી, જો કે આ ગઠબંધન લાંબો સમય ચાલ્યું નહીં. ૨૦૧૫ અને ૨૦૨૦માં આપ ક્રમશઃ ૬૭ અને ૬૨ સીટો જીતવામાં સફળ રહી.

### સૂર્યને અર્ઘ્ય આપી મંત્રોચ્ચાર સાથે કર્યુ ગંગા પૂજન

# વડાપ્રધાન મોદીએ સંગમ ઘાટ પર આસ્થાની ડૂબકી લગાવી

### મોદી મોટર બોટ દ્વારા યોગી સાથે સંગમ પહોંચ્યા હતા



। (એજન્સી) પ્રયાગરાજ, તા.૫ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રયાગરાજ મહાકુંભમાં પહોંચી ગયા છે. તેણે સંગમમાં ડૂબકી લગાવી. સીએમ યોગી તેમની સાથે છે. પીએમ લગભગ અઢી કલાક પ્રયાગરાજમાં રહ્યા હતા. મોદી મોટર બોટ દ્વારા યોગી સાથે સંગમ પહોંચ્યા હતા. તેમણે ભગવા રંગના કપડા પહેર્યા હતા. ગળામાં રુદ્રાક્ષની માળા હતી. મંત્રોચ્ચાર વચ્ચે પીએમ મોદીએ એકલાએ જ સંગમમાં ડૂબકી લગાવી હતી. મોદીનું વિમાન બમરૌલી એરપોર્ટ પહોંચ્યું હતું.. અહીં રાજ્યપાલ આનંદીબેન પટેલ, સીએમ યોગી, બંને ડેપ્યુટી સીએમએ સ્વાગત કર્યું હતું. પીએમ એરપોર્ટથી હેલિકોપ્ટર દ્વારા ડીપીએસ હેલિપેડ પહોંચ્યા હતા. અહીંથી તેમનો કાફલો અરેલના વીઆઈપી ઘાટ પહોંચ્યો હતો. ત્યાંથી બોટ દ્વારા સંગમ પહોંચ્યા. ૫૪ દિવસમાં ँસ્ની મહાકુંભની આ બીજી મુલાકાત છે. આ પહેલા તે ૧૩ ડિસેમ્બરે અહીં આવ્યા હતા. મોટર બોટમાં પીએમ મોદી સાથે સીએમ યોગી પણ ગયા હતા. CM યોગીએ તેમને મહાકુંભ વિશે માહિતી આપી હતી. બંને નેતાઓ મોટર બોટમાં વાતચીત કરતા સંગમ પહોંચ્યા હતા. પીએમ મોદીએ સંગમમાં ડૂબકી લગાવી હતી. તેમણે સંગમ ઘાટથી થોડે દૂર સ્નાન કર્યું હતું. જેથી ભક્તોને કોઈ મુશ્કેલી ન પડે. સંગમ સ્નાન દરમિયાન સુરક્ષાકર્મીઓએ તેમને ઘેરી લીધા હતા. પીએમ મોદી અહીં સાધુ સંતો સાથે મુલાકાત કી હતી., પીએમ મોદી વાયુસેનાના પ્લેનથી ૧૨:૩૦ કલાકે તેઓ પ્રયાગરાજથી દિલ્લી રવાના થયા હતા. માહિતી આપતા એસપી ટ્રાફિક ફેર અંશુમન મિશ્રાએ જણાવ્યું કે, અરૈલમાં પીએમના આગમન દરમિયાન વીઆઈપી ઘાટ તરફ જતા રસ્તા પર થોડા સમય માટે વાહનવ્યવહાર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ સિવાય અન્ય કોઈ ડાયવર્ઝન સિસ્ટમ લાગુ કરવામાં આવી નથી.

મહાકુંભ ૨૦૨૫માં વસંતએ ત્રીજું શાહી સ્નાન થઈ ગયું. આ સાથે મહાકુંભના ત્રણ અમૃતસ્નાન થઈ ચૂક્યા છે. આ પછી, વધુ બે મુખ્ય સ્નાન બાકી છે. ભીડને ટાળીને, તમે ફેબ્રુઆરી મહિનામાં બાકી રહેલા સ્નાન તહેવાર દરમિયાન સંગમ શહેરમાં પહોંચી શકો છો અને મહાકુંભના સાક્ષી બની શકો છો. જાણીએ હવે આગામી સ્નાન ક્યારે? ફેબ્રુઆરી મહિનામાં ૧૨ ફેબ્રુઆરીએ મહા પૂનમનું સ્નાન થશે બાદ મહાકુંભનું ચોથુ સ્નાન મહાશિવરાત્રિ પર થશે. ૨૬મી ફેબ્રુઆરીએ મહાશિવરાત્રીનો તહેવાર છે, આ દિવસે સ્નાન કરવાથી વ્યક્તિ પુણ્ય પ્રાપ્ત કરે છે. મહાશિરાત્રી પર મહાકુંભમાં ભારે ભીડ જોવા મળી શકે છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર અમૃત સ્નાનના દિવસે ગંગા સ્નાન કરવાથી તમામ પાપોમાંથી મુક્તિ મળે છે.

### સેન્સેક્સ-નિફ્ટી અસ્થિરતા વચ્ચે લાલ નિશાનમાં બંધ થયા

। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

૫ ફેબ્રુઆરીના રોજ, સેન્સેક્સ-નિફ્ટી અસ્થિરતા વચ્ચે લાલ નિશાનમાં બંધ થયા. નિફ્ટી આજે ૨૩૭૦૦ની નીચે બંધ થયો. ટ્રેડિંગના અંતે, સેન્સેક્સ ૩૧૨.૫૩ પોઈન્ટ અથવા ૦.૪૦ ટકા ઘટીને ૭૮,૨૭૧.૨૮ પર બંધ થયો. બીજી તરફ, નિફ્ટી ૪૨.૯૫ પોઈન્ટ અથવા ૦.૧૮ ટકા ઘટીને ૨૩,૬૯૬.૩૦ પર બંધ થયો. નિફ્ટીમાં એશિયન પેઈન્ટ્સ, ટાઈટન કંપની, નેસ્લે ઈન્ડિયા, એચયુએલ, બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ સૌથી વધુ ઘટ્યા હતા. જ્યારે હિન્ડાલ્કો ઈન્ડસ્ટ્રીઝ, ઓએનજીસી, એપોલો હોસ્પિટલ્સ, બીપીસીએલ, અદાણી પોર્ટ્સ સૌથી વધુ વધ્યા હતા. ઝોમેટો અને જિયો ફાઈનાન્શિયલના શેરને લઈને મોટા સમાચાર છે. આ બંને શેર માર્ચમાં નિફ્ટી-૫૦ ઈન્ડેક્સમાં સામેલ થઈ શકે છે. આ અંદાજ જાણીતી બ્રોકરેજ ફર્મ જેએમ ફાઈનાન્શિયલ દ્વારા તેના તાજેતરના એક અહેવાલમાં વ્યક્ત કરવામાં આવ્યો છે.

### અમૃતસર એરપોર્ટ પર સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત કરાઈ

# યુએસ આર્મી એરક્રાફ્ટ ડિપોર્ટ કરાયેલા ભારતીયોને લઈને અમૃતસર પહોંચ્યું

। (એજન્સી) અમૃતસર, તા.૫ ।

અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા ૧૦૪ ભારતીયોને લઈને ટેક્સસના સાન એન્ટાનિયોથી ઉપડેલું યુએસ આર્મીનું C-17 એરક્રાફ્ટ પંજાબના અમૃતસરના એરપોર્ટ પર બુધવારે બપોરે લેન્ડ થયું હતું. આ ડિપોર્ટેશન એરક્રાફ્ટ અમૃતસરમાં લેન્ડ થવાના અહેવાલો પહેલેથી જ વહેતા થતા અમૃતસર પોલીસને હાઈએલર્ટ પર રાખવામાં આવી હતી. અમેરિકાથી ઈલીગલ ઈન્ડિયન ઈમિગ્રન્ટ્સને લઈને આવેલા યુએસ મિલિટરીના એરક્રાફ્ટમાં ૩૦ પંજાબના, ૩૩ ગુજરાતના અને ૩૩ હરિયાણાના, મહારાષ્ટ્રના ૩, ઉત્તર પર્દેશના ૩, ચંદીગઢના ૨ લોકો હોવાનું જાણવા



મળી રહ્યું છે. જોકે, સત્તાવાર રીતે કોઈ આંકડો જાહેર કરવામાં આવ્યો નથી. પહેલા એવા અહેવાલ મળ્યા હતા કે, અમેરિકાથી ૨૦૫ ભારતીયોને ડિપોર્ટ કરાયા છે અને પછી આ આંકડો ૨૫૦નો જણાવાઈ રહ્યો હતો.

યુએસ આર્મી એરક્રાફ્ટ અમૃતસરના શ્રી ગુરુ રામદાસજી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર બુધવારે બપોરે ૧.૫૫ કલાકે ચુસ્ત સિક્યોરિટી વચ્ચે લેન્ડ થયું હતું. આ ડિપોર્ટેશન એરક્રાફ્ટ આવવાનું હોવાના પગલે અમૃતસર એરપોર્ટ ડાયરેક્ટર, ડેપ્યુટી કમિશનર, કમિશનર ઓફ પોલીસ અને CIF ડાયરેક્ટરે એક મીટિંગ કરી હતી. સિક્યોરિટીના ભાગરૂપે પોલીસે કાર્ગો ગેટ અને અન્ય એન્ટ્રી પોઈન્ટ્સ પાસે બેરિકેટ લગાવી દીધા હતા. મંગળવારે જ એક અધિકારીએ કન્ફર્મ કરી દીધું હતું કે, અમેરિકાથી C-17 એરક્રાફ્ટ માઈગ્રન્ટ્સને લઈને ઈન્ડિયા આવવા નીકળી ગયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાના બે દિવસના પ્રવાસે જવાના છે અને ત્યાં ટ્રમ્પને પણ મળવાના છે, તે પહેલા અમેરિકાનું એરક્રાફ્ટ ડિપોર્ટેડ ભારતીયોને લઈને અમૃતસર પહોંચ્યું છે.

# સ્વિડનમાં સ્કૂલમાં અંધાધૂંધ ગોળીબાર, ૧૦ના મોત, અનેક ઘાયલ

### પોલીસ પ્રમુખ રોબર્ટો ઇડ ફોરેસ્ટે જણાવ્યું કે ક્રાઈમ સ્પોટ પર થયેલા નુકસાનને જોતાં અમે મૃતકોની સાચી સંખ્યા હજુ સુધી જાહેર કરી શક્યા નથી

। (એજન્સી) સ્ટોકહોમ, તા.૫ ।

યુરોપિયન દેશ સ્વિડનના ઓરેબ્રૂ શહેરમાંથી એક ચોંકાવનારા અહેવાલ સામે આવ્યા છે. અહીં એક સ્કૂલમાં અંધાધૂંધ ગોળીબાર કરાયાની ઘટના સામે આવી છે જેમાં ઓછામાં ઓછા ૧૦ લોકો મૃત્યુ પામી ગયા. આ હુમલામાં પોલીસે કાર્યવાહી કરતાં હુમલાખોરને પણ ઠાર માર્યો હોવાની જાણકારી મળી છે. એક જ હુમલાખોરે ઘટનાને આપ્યો અંજામ પોલીસે કહ્યું કે આ સમગ્ર હુમલામાં એક જ હુમલાખોરની સંડોવણી હતી પણ તેણે



આ હુમલો કેમ કર્યો તેની કોઈ ચોક્કસ માહિતી સામે આવી શકી નથી. આ ઘટના સ્વિડનની રાજધાની સ્ટોકહોમથી લગભગ ૨૦૦ કિલોમીટર પશ્ચિમે આવેલા ઓરેબ્રૂ શહેરના કેમ્પસ રિસબર્ગસ્કામાં બની હતી. અહીં યુવાઆરપે ભણવા આવે છે.

કેમ્પસ રિસબર્ગસ્કામાં એવા યુવાઓ ભણવા આવે છે જેનો સમયસર તેમનો અભ્યાસ પૂર્ણ કરી શક્યતા નહોતા. જોકે આ કેમ્પસની નજીકમાં જ એક બાળકોની સ્કૂલ પણ આવેલી છે. સ્વિડનના વડાપ્રધાન ઉલ્ફ ક્રિસ્ટરસને ઘટનાને દેશની સૌથી ભીષણ સામૂહિક ગોળીબારની ઘટના ગણાવી હતી. તેમણે કહ્યું કે આજે અમે નિર્દોષ લોકો વિરુદ્ધ ભયાનક અને જીવલેણ હિંસા જોઈ. આ હુમલાએ આખા દેશને હચમચાવી મૂક્યો છે.

પોલીસ પ્રમુખ રોબર્ટો ઈડ ફોરેસ્ટે જણાવ્યું કે ક્રાઈમ સ્પોટ પર થયેલા નુકસાનને જોતાં અમે મૃતકોની સાચી સંખ્યા હજુ સુધી જાહેર કરી શક્યા નથી. મૃતકાંક વધી શકે છે કેમ કે અનેક ઈજાગ્રસ્તોની હાલત ગંભીર છે. પોલીસે કહ્યું કે હજુ સુધી આ હુમલા અને આતંકવાદ વચ્ચે કોઈ કનેક્શન સામે આવ્યું નથી પણ અમે એ એંગલની પણ તપાસ કરી રહ્યા છીએ.

### શત્રુઘ્ન સિન્હાએ UCCને પણ કર્યું સમર્થન

# તૃણમૂલ કોંગ્રેસના સાંસદ શત્રુઘ્ન સિંહાએ UCCની પ્રશંસા કરી

। (એજન્સી) કોલકાતા, તા.૫ ।

તૃણમૂલ કોંગ્રેસના સાંસદ શત્રુઘ્ન સિંહાએ સમાન નાગરિક સંહિતા (UCC) ની પ્રશંસા કરી. એટલું જ નહીં તેમણે દેશભરમાં નોનવેજ ખોરાક પર પ્રતિબંધ મૂકવાની માંગ કરતાં કહ્યું કે દેશભરમાં નોનવેજ ખોરાક પર પ્રતિબંધ મૂકી દેવો જોઈએ. દેશભરમાં માત્ર બીફ જ નહીં પરંતુ સામાન્ય રીતે તમામ પ્રકારના નોનવેજ ખોરાક પર બૅન મૂકવામાં આવે. શત્રુઘ્ન સિંહાએ કહ્યું, "પ્રથમ નજરે ઉત્તરાખંડમાં સમાન નાગરિક સંહિતાનો અમલ પ્રશંસનીય છે. દેશમાં સમાન નાગરિક સંહિતા લાગુ થવી જોઈએ અને મને ખાતરી છે કે બધા મારી સાથે સહમત થશે, પરંતુ તેમાં ઘણી ખામીઓ છે." ટીએમસી સાંસદે કહ્યું કે , "સમસ્યા એ છે કે જે નિયમો ઉત્તર ભારતમાં લાગુ કરી શકાય છે તે ઉત્તર-પૂર્વના રાજ્યોમાં લાગુ કરી શકાતા નથી. યુસીસીની જોગવાઈઓનો મુસદ્દો તૈયાર કરતા પહેલા સર્વપક્ષીય બેઠક યોજવી જોઈએ." ઉત્તરાખંડમાં ભાજપ સરકાર દ્વારા સમાન નાગરિક સંહિતા (UCC) લાગુ કર્યા પછી, ગુજરાતમાં ભાજપ સરકારે પણ તેના ચૂંટણી ઢંઢેરામાં આપેલા વચન મુજબ તેનો અમલ કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે.રાજ્ય સરકારે યુસીસીની જરૂરિયાતનું મૂલ્યાંકન કરવા અને તેના માટે બિલનો મુસદ્દો તૈયાર કરવા માટે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ રંજના દેસાઈની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરી છે.

### આખા દેશમાં નેશનલ હાઈવે પર ગમે તેટલું ફરો

# ૩૦૦૦૦ ભરી દો પછી ૧૫ વર્ષ ટોલ ટેક્સ ભરવાની જરૂર નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

રાષ્ટ્રીય ધોરીમાર્ગો (NHs) પર મુસાફરી કરતા ખાનગી કાર માલિકો અને મધ્યમ વર્ગના મુસાફરો માટે મોટા રાહતના સમાચાર છે. કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં વાર્ષિક અને આજીવન ટોલ પાસની સુવિધા શરૂ કરવા જઈ રહી છે. આ દરખાસ્ત મુજબ મુસાફરો ૩,૦૦૦માં વાર્ષિક ટોલ પાસ ખરીદી શકશે, જેનાથી તેઓ સમગ્ર વર્ષ દરમિયાન રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર અમર્યાદિત મુસાફરી કરી શકશે. તેમજ, ૧૫ વર્ષ માટે આજીવન ટોલ પાસ ૩૦૦૦૦ માં ઉપલબ્ધ થશે. આ યોજનાના અમલીકરણ પછી, રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર મુસાફરી કરતા લાખો મુસાફરોને સીધો લાભ મળશે અને ટોલ પ્લાઝા પર ભીડ પણ ઓછી થશે. અહેવાલ મુજબ, આ દરખાસ્ત માર્ગ પરિવહન મંત્રાલય પાસે અંતિમ તબક્કામાં છે. માહિતી અનુસાર, મંત્રાલય ખાનગી કાર માટે પ્રતિ કિલોમીટર ટોલ દર ઘટાડવાનું પણ વિચારી રહ્યું છે, જેથી હાઈવે વપરાશકર્તાઓને વધુ રાહત મળી શકે. આ પાસ માટે કોઈ નવું કાર્ડ ખરીદવાની જરૂર રહેશે નહીં કારણ કે આ સુવિધા FASTag માં જ સંકલિત કરવામાં આવશે. હાલમાં, સ્થાનિક અને નિયમિત મુસાફરોને એક જ ટોલ પ્લાઝા પાર કરવા માટે માસિક પાસ આપવામાં આવે છે. તેમની કિંમત ૩૪૦ પ્રતિ માસ છે.

### ચાંદીમાં પણ રૂ. ૧૫૦૦નો ઉછાળો

# સોનામાં ચળકાટ વધી, રૂ. ૧૫૦૦ ઉછળી ૮૭૩૦૦ની રેકોર્ડ ટોચે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

અમેરિકા-ચીન વચ્ચે ટેરિફ વોરના કારણે સોનાના ભાવ સળંગ ત્રીજા દિવસે સર્વોચ્ચ સ્તરે પહોંચ્યા છે. અમદાવાદમાં સોનાનો ભાવ ગઈકાલે રેકોર્ડ રૂ. ૮૫૮૦૦ પ્રતિ ૧૦ ગ્રામ નોંધાયા બાદ આજે ૧૫૦૦ રૂપિયા ઉછળી રૂ. ૮૭૩૦૦ના ઐતિહાસિક ટોચે પહોંચ્યો છે. ચાંદીમાં પણ આકર્ષક તેજી જોવા મળી છે. અમેરિકા અને ચીન વચ્ચે ટેરિફ વોરના કારણે કિંમતી ધાતુમાં તેજી આવી છે. ચીનમાં લુનાર યરનો હોલિડે પૂર્ણ થયો છે. આજે માર્કેટ ખૂલતાં જ સોનામાં આકર્ષક તેજી જોવા મળી છે. બીજી તરફ અમેરિકાએ ચીનની પ્રોડક્ટ્સ પર ૧૦ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરતાં ચીને પણ જવાબી કાર્યવાહીના ભાગરૂપે અમેરિકા પર ટેરિફ લાદવાની સાથે ગુગલ વિરૂદ્ધ તપાસ હાથ ધરતાં વૈશ્વિક પડકારો વધ્યા છે. ડોલર ઈન્ડેક્સ પણ નબળો પડ્યો છે. જેથી રોકાણકારો સેફ હેવન તરફ ડાયવર્ટ થયા છે. જ્યારે આજે ચાંદીના ભાવમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. અમદાવાદમાં ચાંદી ગઈકાલે રૂ. ૯૩૫૦૦ પ્રતિ કિગ્રા થઈ હતી. જે આજે રૂ. ૧૫૦૦ ઉછળી રૂ. ૯૪૦૦૦ પ્રતિ કિગ્રાએ પહોંચી છે. અમદાવાદમાં અગાઉ ઓક્ટોબર માસમાં ચાંદી રેકોર્ડ એક લાખ પ્રતિ કિગ્રાનું ઓલટાઈમ હાઈ લેવલ વટાવી ગઈ હતી. દિલ્હીમાં આજે ચાંદી રુ. ૧૬૨૮ વધી ૯૫૪૨૧ રૂપિયા પ્રતિ કિલો થયો છે.

# ગુજરાત જાયન્ટ્સે વિમેન્સ પ્રીમિયર લીગ ૨૦૨૫ માટે એશ્લે ગાર્ડનરને કેપ્ટન તરીકે નિયુક્ત કરી

| અમદાવાદ, તા.૫ |

ગુજરાત જાયન્ટ્સે વિમેન્સ પ્રીમિયર લીગ ૨૦૨૫ (WPL) માટે ઓસ્ટ્રેલિયાની ઓલરાઉન્ડર એશ્લે ગાર્ડનરને ટીમની કેપ્ટન તરીકે નિયુક્ત કરી છે. ૨૦૧૭માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કરનારી ગાર્ડનર ઓસ્ટ્રેલિયન ક્રિકેટની એક પ્રભાવશાળી ખેલાડી છે.

તેણે બે વખત બેલિન્ડા ક્લાર્ક એવોર્ડ જીત્યા છે અને ૨૦૨૨ કોમનવેલ્થ ગેમ્સમાં ઓસ્ટ્રેલિયાને ગોલ્ડ મેડલ અપાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ૨૦૨૩માં દક્ષિણ આફ્રિકામાં યોજાયેલા T20 વર્લ્ડ કપમાં એ ‘‘પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટ’’ બની હતી.

ગુજરાત જાયન્ટ્સ સાથે ગાર્ડનર લીગની શરૂઆતથી જ જોડાયેલી છે. WPLની છેલ્લી બે સીઝનમાં તેણે ૩૨૪ રન બનાવ્યા છે અને ૧૭ વિકેટ ઝડપી છે.

‘‘ગુજરાત જાયન્ટ્સનું કેપ્ટન બનવું મારા માટે ખૂબ જ સન્માનની વાત છે. હું હંમેશા આ ટીમનો ભાગ બનવાનું માણ્યું છે અને હવે નેતૃત્વ કરવાની તક મળવી ગર્વની બાબત છે. અમારી ટીમમાં યુવા અને અનુભવી ખેલાડીઓની સરસ





સંમિશ્રિતતા છે અને ઘણી ભારતીય પ્રતિભાઓનો સમાવેશ થાય છે. હું આ ઉલ્લેખનીય ગ્રૂપ સાથે કામ કરવા અને અમારા ચાહકો માટે ગૌરવ મેળવવા આતુર છું’’, ગાર્ડનરે જણાવ્યું.

ટીમના મુખ્ય કોચ માઈકલ ક્લિન્ગરે ગાર્ડનરની ક્ષમતાઓ પર ભરોસો વ્યક્ત કર્યો. ‘‘એ ખૂબ જ ઉર્જાવાન અને નિષ્ઠાવાન ખેલાડી છે. તેના ગેમ સેન્સ, વ્યૂહાત્મક દ્રષ્ટિકોણ અને ટીમને પ્રેરિત કરવાની ક્ષમતા તેને ગુજરાત જાયન્ટ્સ માટે પરફેક્ટ કેપ્ટન બનાવે છે. અમને પૂરો વિશ્વાસ છે કે તે આગેવાની આપશે અને ટીમને સફળતા તરફ દોરી જશે’’, તેમણે કહ્યું. ગત સીઝનમાં ટીમની કેપ્ટન બેથ મૂની હતી. તેના વિશે ક્લિન્ગરે કહ્યું, ‘‘હું મૂનીનો આભાર માનું છું કે તેણે અમારું નેતૃત્વ કર્યું. હવે તે વિકેટકીપિંગ અને ઓપનિંગ બેટિંગ પર વધુ ધ્યાન આપી શકશે, અને અમારી ટીમ માટે એક મહત્વપૂર્ણ આગેવાન બની રહેશે.’’ અદાણી સ્પોર્ટ્સલાઈનના ચીફ બિઝનેસ ઓફિસર શ્રી સંજય અદેસરાએ જણાવ્યું, ‘‘એશ્લે ગાર્ડનર એ ગુજરાત જાયન્ટ્સની ભાવનાને સંપૂર્ણ રીતે રજૂ કરે છે – સમર્પણ, કુશળતા અને નેતૃત્વથી ભરપૂર. અમારી પ્રતિબદ્ધતા છે કે અમે એક વિશ્વ-સ્તરની ટીમ બનાવીશું જે ટોચના સ્તરે પ્રદર્શન કરશે. અમને પૂરો વિશ્વાસ છે કે તેના કેપ્ટનશીપ હેઠળ, ટીમ WPLમાં શાનદાર દેખાવ કરશે.’’

## ન્યૂઝ બ્રિફ

### ખેડૂતોને ૫ લાખ સુધી વિના વ્યાજે લોનની બજેટમાં જાહેરાતને આવકાર

| (એજન્સી) હિંમતનગર, તા.૫ |

દેશનાં નાણાંમંત્રીએ તા.૧ ફેબ્રુઆરીના રોજ કેન્દ્રીય બજેટ સંસદમાં રજૂ કર્યુ છે. જેમાં ખેડૂતોને વિના વ્યાજે લોન આપવાની મર્યાદામાં વધારો કર્યો છે. અગાઉ ખેડૂતોને રૂ. ૩ લાખની લોન મળતી હતી. પરંતુ બજેટ અગાઉ ગુજરાત પ્રદેશ સહકાર ભારતીના ચેરમેન, સાબરકાંઠા બેન્કના પૂર્વ ચેરમેન તથા સહકારી અગ્રણી મહેશભાઈ પટેલના જણાવ્યા મુજબ, તેમણે થોડાક સમય અગાઉ ગુજરાત પ્રદેશ સહકારી ભારતીની મળેલી બેઠકમાં ખેડૂતોને મળતી વિના વ્યાજની લોનમાં વધારો કરવામાં આવે તે માટે હોદ્દેદારોને સાથે રાખી વિશ્વાસમાં લીધા બાદ ઠરાવ કર્યો હતો. ત્યારબાદ તેમણે તત્કાલીન સમયે જ વડાપ્રધાન તથા નાણાંમંત્રીને રજૂઆત કરી હતી કે, મોંઘવારીને લીધે ખેડૂતોને ઘણી વખત નાણાંકીય જરૂરીયાત ઉભી થાય ત્યારે તગડું વ્યાજ ચૂકવીને પરાણે શાહુકારો પાસેથી પૈસા લેવા પડતા હતા. જેથી જો ખેડૂતોને રૂ. ૩ લાખને બદલે રૂ. ૫ લાખની લોન કેસીસી સ્વરૂપે વિના વ્યાજે મળે તો ગુજરાતના નહીં પણ દેશના ખેડૂતોને ફાયદો થાય તેમ છે. દરમિયાન તા.૧ ફેબ્રુઆરીએ સંસદમાં નાણાંમંત્રી નિર્મલા સિતારમણે પોતાના બજેટ પ્રવચનમાં ખેડૂતવર્ગને મોટી ભેટ આપી હોવાની જાહેરાત કરી હતી. જે રૂ. ૩ લાખથી વધારીને રૂપિયા ૫ લાખ વિના વ્યાજે જાહેર કર્યુ છે. જેથી આગામી નવા નાણાંકીય વર્ષમાં ખેડૂતોને ફાયદો થશે.

### વડોદરામાં ૭ ડિસેમ્બરથી અત્યાર સુધીમાં ટીબીના ૬૨૨ દર્દી મળ્યા

| (એજન્સી) વડોદરા, તા.૫ |

કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ટીબી નિર્મૂલનની કામગીરી સંદર્ભે વડોદરા શહેરમાં તા. ૭ ડિસેમ્બરથી ૧૦૦ દિવસની ટીબી નિર્મૂલન ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશ દરમિયાન આરોગ્યની ટીમો દ્વારા ઘરે ઘરે જઈ ટીબીના શંકાસ્પદ કેસો શોધવા, શંકાસ્પદ દર્દીઓનો છાતીનો એક્સ-રે કાઢવો અને જરૂરી આરોગ્યલક્ષી તપાસ કરી કામગીરી કરવામાં આવી રહી છે. વડોદરામાં તા. ૭ બાદ કુલ ૬૨૨ ટીબીના નવા દર્દીઓ વહેલાસર શોધીને સારવાર પર મુકાયા છે. અત્યાર સુધીમાં વડોદરા શહેર કુલ ૧૨૩૦૦ છાતીના એક્સ-રે કરવામાં આવ્યા છે. આ એક્સ-રે અર્બન સામુહિક આરોગ્ય કેન્દ્ર અને અન્ય સરકારી હોસ્પિટલ ખાતે નિશુલ્ક કરવામાં આવી રહ્યા છે. ટીબી એ જંતુજન્ય ચેપી રોગ છે.

## ગાંધીનગરમાં લાંચ લેતા ૨ કર્મચારીઓ રંગેહાથ ACB એ ઝડપ્યા

| (એજન્સી) ગાંધીનગર, તા.૫ |

ગાંધીનગરમાં વાહનની સબસીડી લોન માટે લાંચ લેતા ૨ સરકારી કર્મચારીઓને એન્ટી કરપ્શન બ્યુરા એ ઝડપી પાડ્યા છે. ઈન્ચાર્જ મદદનીશ કમિશનર અને પ્યુન લાંચ લેતા રંગેહાથ ઝડપાયા હતા. ફરિયાદી પાસેથી ૪ હજારથી વધુની લાંચ માંગવામાં આવી હતી. મળતી માહિતી અનુસાર, ફરીયાદીને વાજપાઈ બેંકેબલ યોજના હેઠળ ઈકો ગાડી ખરીદવા સારૂ રૂ. ૭.૭૪ લાખની સબસીડી લોન લેવા માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સહયોગ સંકુલ, ગાંધીનગર ખાતે સંપર્ક કરતા જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના પટાવાળા પ્રવિણભાઈ મણીલાલ શ્રીમાળીએ ફરિયાદીનું ઓનલાઈન ફોર્મ ભરવાના, લોન ઝડપથી મંજુર કરાવી આપવાના અવેજ પેટે રૂ. ૪૨૦૦/-ની લાંચની માંગણી કરી હતી. મૌલિક પટેલ અને પ્રવીણ શ્રીમાળી નામના ૨ કર્મચારીઓની ધરપકડ કરવામાં આવી છે. સરકારી બિલ્ડિંગની કચેરીમાં લાંચ માંગવામાં આવી હતી. ગાંધીનગરના જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સહયોગ સંકુલના પટાવાળાએ ફરિયાદી સાથે વાતચીત કરી લાંચના નાણાં સ્વીકાર્યા હતા.

## બાંટવા નપામાં BJP ના ૧૫ ઉમેદવારો બિનહરીફ જાહેર થયા

| (એજન્સી) જુનાગઢ, તા.૫ |

જુનાગઢ શહેરના નગરપાલિકા ચૂંટણીમાં મોટી ઉથલપાથલ થઈ રહી છે. ૨૪ બેઠકમાંથી ૧૫ બેઠક ઉપર ભારતીય જનતા પાર્ટી (BJP)ના ઉમેદવાર બિનહરીફ જાહેર, આ ચૂંટણીમાં એક નવો ઈતિહાસ બન્યો છે. સૌથી વધુ ચર્ચામાં એ છે કે કોંગ્રેસના ૧૫ ઉમેદવારો પોતાના ચૂંટણી ફોર્મ પરત ખેંચી લીધા છે, જેના પરિણામે હવે ભાજપના ઉમેદવારો એ ૧૫ બેઠકો પર વિજયી થવા યોગ્ય બની રહ્યા છે. મળતી માહિતી મુજબ, જુનાગઢના બાંટવા નપામાં ભગવો લહેરાયો છે. બાંટવા નગર પાલિકા બિનહરીફ જાહેર થઈ છે. ભાજપના ઉમેદવાર ૧૫ બેઠક ઉપર બિનહરીફ જાહેર થયા છે. કોંગ્રેસના ૧૫ ઉમેદવારે ફોર્મ પરત ખેંચ્યા હોવાથી આ નિર્ણય થયો છે. ૨૪ માંથી ૧૫ બેઠક ઉપર ભાજપ બિનહરીફ જાહેર થયું છે. આ સમસ્યા અને વિખેરાયેલા પરિસ્થિતિને લઈને નગરપાલિકા ચૂંટણીમાં વિમન્યતા ફેલાઈ છે, જ્યાં હવે નગર પાલિકાની ચૂંટણી એકદમ ભાજપના ૫ ક્ષમાં ફેંસી રહી છે. આ ચર્ચાવિષય એ છે કે ચૂંટણીને લઈને કાર્યકર અને નાગરિકો વચ્ચે મતવિશ્વાસ અને રજુઆતના પ્રશ્નો પણ ઉઠી રહ્યા છે.

## દ્વારકા બાલાપર ગામમાં મોટાપાયે ડિમોલિશન હાથ ધરાયું

| (એજન્સી) દ્વારકા, તા.૫ |

બેટ દ્વારકામાં ગેરકાયદેસર દબાણ સામે આજે ફરી દાદાનું બુલડોઝર ફરી વળ્યું. દ્વારકા દબાણ દૂર ના કરવા ગુજરાત હાઈકોર્ટમાં અરજીઓ કરવામાં આવી હતી, પરંતુ આજે નામદાર હાઈકોર્ટ દ્વારા આ તમામ અરજીઓ ફગાવામાં આવી હતી. તેથી દબાણ દૂર કરવાનો રસ્તો સાફ થયો હતો. આથી આજે દ્વારકામાં વકફના નામે સરકારી જગ્યાઓ પર કબજો કરી કુલ ૧૨ ગેરકાયદેસર ધાર્મિક દબાણો ઊભા કરી દેવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા દબાણો દૂર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. બેટ દ્વારકાના બાલાપર ગામ ખાતે ગેરકાયદેસર ધાર્મિક દબાણોને વકફ બોર્ડની મિલકત હોવાનો ખોટો દાવો કરતી પીટીશન અરજદાર દ્વારા નામદાર હાઈકોર્ટમાં કરવામાં આવી હતી, જેને હાઈકોર્ટે ફગાવી દીધી છે. વકફના નામે સરકારી જગ્યાઓ પર કબજો કરી જે ગેરકાયદેસર ધાર્મિક દબાણો ઊભા કરી દીધા હતા તેને તંત્ર દ્વારા દબાણો દૂર કરવાનો કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. બેટ દ્વારકાના બાલાપર ગામ ખાતે દરિયા કિનારે કબ્રસ્તાનની જમીન પર કુલ ૧૨ ગેરકાયદેસર ધાર્મિક દબાણો ઊભા કરી દેવામાં આવ્યા હતા.

## અમદાવાદ સહિત અલગ અલગ જિલ્લાના બિલ્ડર ગ્રુપના ત્યાં DGGI ના દરોડા

| (એજન્સી) અમદાવાદ, તા.૫ |

રાજ્યના અલગ અલગ જિલ્લામાં બિલ્ડર ગ્રુપના DGGI દ્વારા દરોડા, બેનામી વ્યવહારોનું કૌભાંડ આવશે બહાર, સરલ બિલ્ડર્સ ના ૧૫ થી વધારે પ્રોજેક્ટો પર દરોડા પડ્યા, મોટાપાયે બેનામી વ્યવહારો અને સંપત્તિ ઝડપાય તેવી શક્યતા છે.અમદાવાદ અને ગાંધીનગરમાં અલગ અલગ બિલ્ડર ગ્રુપના ત્યાં DGGI વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. બેનામી વ્યવહારોનું કૌભાંડ પકડવા માટે DGGI દ્વારા આ દરોડા પાડવામાં આવ્યા છે. ગાંધીનગર ભાટ નજીક સરલ ગ્રુપમાં મોટા પાયે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. DGGI ના સર્ચ અને સર્વેમાં મોટું કૌભાંડ બહાર આવે તેવી શક્યતા છે. સરલ બિલ્ડર્સના ૧૫ થી વધારે પ્રોજેક્ટો પર દરોડા પાડવામાં આવ્યા છે. DGGIના દરોડામાં ઓફિસર્સનો મોટો કાફલો સક્રિય છે. સરલ બિલ્ડર્સના ત્યાંથી દસ્તાવેજો, કોમ્પ્યુટર જપ્ત કરવામાં આવ્યા છે.બિલ્ડર્સની ઓફિસ, ઘર, ફાર્મ હાઉસ સહિત ૧૫ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા છે. અમદાવાદ, ગાંધીનગર, ભાટ, અને મગોડીમાં દરોડા પાડવામાં આવ્યા છે.

# પશ્ચિમ રેલવે ચલાવશે વધુ ત્રણ જોડી મહાકુંભ સ્પેશિયલ ટ્રેનો

| અમદાવાદ, તા.૫ |

પશ્ચિમ રેલવે દ્વારા મહાકુંભ મેળા-૨૦૨૫ દરમિયાન યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં અમદાવાદ-જંઘઈ, સાબરમતી-બનારસ અને વિશ્વામિત્રી-બલિયા ની વચ્ચે ત્રણ જોડી મહાકુંભ મેળા સ્પેશિયલ ટ્રેનો વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સ્પેશિયલ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે :

૧. ટ્રેન નંબર ૦૯૪૦૫/૦૯૪૦૬ અમદાવાદ-જંઘઈ મહાકુંભ મેળા સ્પેશિયલ (૪ ફેરા)

ટ્રેન નંબર ૦૯૪૦૫ અમદાવાદ-જંઘઈ મહાકુંભ મેળા સ્પેશિયલ ૧૩ અને ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ અમદાવાદથી ૨૨:૪૦ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે ૦૪:૩૦ કલાકે જંઘઈ પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૯૪૦૬ જંઘઈ-અમદાવાદ મહાકુંભ મેળા સ્પેશિયલ ૧૫ અને ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ જંઘઈ થી ૦૮:૩૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૮:૦૦ કલાકે અમદાવાદ પહોંચશે.

માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગદા, ભવાની મંડી, રામગંજ મંડી, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના, આગરા ફોર્ટ, ટૂંડલા, ઈટાવા, ગોવિંદપુરી, ફતેહપુર અને પ્રયાગરાજ સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં એસી ૨-ટિયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

૨. ટ્રેન નંબર ૦૯૪૫૩/૦૯૪૫૪ સાબરમતી-બનારસ મહાકુંભ મેળા સ્પેશિયલ (૨ ફેરા)

ટ્રેન નંબર ૦૯૪૫૩ સાબરમતી-બનારસ મહાકુંભ મેળા સ્પેશિયલ ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ સાબરમતી થી ૧૧:૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૬:૦૦ કલાકે બનારસ પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૯૪૫૪ બનારસ-સાબરમતી મહાકુંભ મેળા સ્પેશિયલ ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ બનારસથી ૧૯:૩૦ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે ૦૦:૩૦ કલાકે સાબરમતી પહોંચશે.

માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબૂ રોડ, પિંડવાડા, ફાલના, રાની, મારવાડ, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, બાંદીકુઈ, ભરતપુર, આગરા ફોર્ટ, ટૂંડલા, ઈટાવા, ગોવિંદપુરી, ફતેહપુર, પ્રયાગરાજ અને જ્ઞાનપુર રોડ સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં એસી ૨-ટિયર, એસી ૩-ટિયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

૩. ટ્રેન નંબર ૦૯૧૩૯/૦૯૧૪૦ વિશ્વામિત્રી-બલિયા મહાકુંભ મેળા સ્પેશિયલ (૦૨ ફેરા)

ટ્રેન નંબર ૦૯૧૩૯ વિશ્વામિત્રી-બલિયા મહાકુંભ મેળા સ્પેશિયલ ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ વિશ્વામિત્રી થી ૦૮:૩૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૨૦:૩૦ કલાકે બલિયા પહોંચશે. એ જ રીતે, ટ્રેન નંબર ૦૯૧૪૦ બલિયા-વિશ્વામિત્રી મહાકુંભ મેળા સ્પેશિયલ ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ ૨૩:૩૦ કલાકે બલિયાથી ઉપડશે અને ત્રીજા દિવસે ૧૦:૦૫ કલાકે વિશ્વામિત્રી પહોંચશે. માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, ઉજ્જૈન, શુજાલપુર, સંતહિરદારામ નગર, વિદિશા, ગંજ બાસૌદા, બીના, લલિતપુર, વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી, ઉરઈ, ગોવિંદપુરી, ફતેહપુર, પ્રયાગરાજ, મિર્જાપુર, ચુનાર, વારાણસી, જૌનપુર, ઔડિહાર અને ગાજીપુર સિટી સ્ટેશનો પર રોકાશે.

ટ્રેન નંબર ૦૯૧૩૯ નો વડોદરા સ્ટેશન પર એક્સ્ટ્રા સ્ટોપેજ હશે. ટ્રેનમાં એસી ૧-ટિયર, એસી ૨-ટિયર, એસી ૩-ટિયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૪૦૫, ૦૯૪૫૩ અને ૦૯૧૩૯ નું બુકિંગ ૦૬ ફેબ્રુઆરી ૨૦૨૫ થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના રોકાણઁ, સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# રેલવેની ગતિને શક્તિ આપનારૂં બજેટ

| અમદાવાદ, તા.૫ |

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ત્રીજા કાર્યકાળમાં મોટા ફેરફારોના સંકેતો પહેલાથી જ દેખાઈ રહ્યા હતા. વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું નિર્માણ કરવા માટે, એક સમાવિષ્ટ વાતાવરણ બનાવવું જરૂરી છે જ્યાં લોકો રૂઢિગત વિચારો છોડીને પ્રગતિશીલ વિચારસરણી અપનાવે અને નવીનતાઓને પ્રોત્સાહન આપે. નાણાંમંત્રી નિર્મલા સીતારમણે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના બજેટ દ્વારા એક નવા અને વિકસિત ભારતનો પાયો નાખવાનું કામ કર્યું છે. વિકસિત ભારતમાં, પરિવહનના તમામ માધ્યમોનો વિકાસ અનિવાર્ય છે. ભારતીય રેલવે - દેશની જીવનરેખા છે, પરિવહનનું સૌથી શક્તિશાળી માધ્યમ છે. નવા વિકસિત ભારતમાં મધ્યમ વર્ગની ભૂમિકા સૌથી મહત્વપૂર્ણ રહેશે. મધ્યમ વર્ગના લોકો માટે પરિવહનનું સૌથી પ્રિય માધ્યમ ભારતીય રેલવે જ છે. આ જ કારણ છે કે કરોડો લોકો રેલવે વ્યવસ્થાના નવીનીકરણની આતુરતાથી રાહ જોતા રહે છે.

જમ્મુ થી કાશ્મીર સુધીની રેલ કનેક્ટિવિટી અને તમિલનાડુના પંબન ખાતે નવી ટેકનોલોજીવાળા પુલના નિર્માણથી સામાન્ય લોકોને ભારતીય રેલવે પર ગર્વ કરવાની તક મળી છે. અશ્વિની વૈષ્ણવના પ્રભાવશાળી નેતૃત્વ હેઠળ, ભારતીય રેલવેએ તમામ પ્રકારના પડકારોનો સામનો કર્યો છે અને કાશ્મીર ખીણને ભારતના મુખ્ય નેટવર્ક સાથે જોડવામાં સફળતા મેળવી છે. પંબન ચેનલ પર બનેલો પુલ પણ એક ઐતિહાસિક સિદ્ધિ છે જેના દ્વારા રામેશ્વરમ ફરી એકવાર ભારતીય રેલવે નેટવર્ક સાથે જોડાયું છે. એવી અપેક્ષા છે કે ખૂબ જ ટૂંક સમયમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ બંને ભવ્ય પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કરશે.

આ વર્ષના બજેટમાં કરવામાં આવેલી જોગવાઈઓ ભારતીય રેલવેને મજબૂત બનાવશે. ભારતીય રેલવે માટે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં રૂા. ૨,૫૨,૨૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. તેવી જ રીતે, આગામી નાણાકીય વર્ષ માટે કુલ મૂડી ખર્ચ (Capex.) રૂા. ૨,૬૫,૨૦૦ કરોડ નિર્ધારિત કરવામાં આવ્યો છે. આનું તાત્પર્ય એ છે કે કેન્દ્ર સરકાર રેલવે પ્રોજેક્ટ્સ પ્રત્યે ખૂબ જ ગંભીર છે. ઉલ્લેખનીય છે કે નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૪માં ભારતીય રેલવેનો મૂડીખર્ચ માત્ર રૂા. ૪૫,૯૦૦ કરોડ હતો

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે બજેટ પર પોતાની પ્રતિક્રિયા આપતાં સ્પષ્ટ કર્યું છે કે ભારતીય રેલવે યુવાનોની આકાંક્ષાઓ અને સપનાઓને સાકાર કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે. વંદે ભારત, નમો ભારત અને અમૃત ભારત ટ્રેનોના સંગમ અને ૧૩૦૦ થી વધુ અમૃત ભારત સ્ટેશનોના નવીનીકરણ સાથે, ભારતીય રેલવે એક એવું ઉદાહરણ સ્થાપિત કરવા જઈ રહ્યું છે જેના પર દરેક ભારતીય ગર્વ કરશે અને કહી શકશે કે તેમના દેશની રેલવે સિસ્ટમ વિશ્વની શ્રેષ્ઠ રેલવે વ્યવસ્થાઓમાંની એક છે. છેલ્લા ૧૦ વર્ષમાં સમગ્ર રેલવે વ્યવસ્થામાં પરિવર્તન આવ્યું છે. સમસ્ત મૂડી ખર્ચનું ધ્યાન – નેટવર્ક વિસ્તરણ, સુરક્ષા, વીજળીકરણ અને રોલિંગ સ્ટોક અને માળખાગત સુવિધાઓના આધુનિકીકરણ પર કેન્દ્રિત રહ્યું છે. ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, આંધ્ર પ્રદેશ, કર્ણાટક, ગુજરાત, મહારાષ્ટ્ર અને બિહાર જેવા રાજ્યોમાં છેલ્લા ૧૦ વર્ષમાં જેટલી રેલવે લાઈનોનું નિર્માણ કરવામાં આવ્યું છે તે સ્વિટ્ઝર્લેન્ડ, મલેશિયા અને બેલ્જિયમ જેવા દેશોના કુલ રેલવે નેટવર્ક કરતાં પણ વધારે છે. નવી રેલવે લાઈનોના નિર્માણની પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં રૂા. ૩૨,૨૩૫.૨૪ કરોડનું બજેટ નિર્ધારિત કરવામાં આવ્યું છે. જ્યારે નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૪માં નવી રેલવે લાઈનોના નિર્માણ માટે સરેરાશ વાર્ષિક બજેટ ફક્ત રૂા. ૫,૦૭૫ કરોડ હતું. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ગેજ રૂપાંતરણ માટે રૂા.૪,૫૫૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે, જ્યારે નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૪માં તેનું સરેરાશ વાર્ષિક બજેટ રૂા.૩,૦૮૮ કરોડ હતું. રોલિંગ સ્ટોક માટે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં રૂા. ૫૭,૬૯૩ કરોડનું બજેટ રાખવામાં આવ્યું છે, જ્યારે નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૪માં તેનું સરેરાશ વાર્ષિક બજેટ રૂા.૧૬,૦૨૯ કરોડ હતું. આ રકમનો ઉપયોગ કરીને, સેંકડોની સંખ્યામાં નવી વંદે ભારત એક્સપ્રેસ, નમો ભારત રેપિડ રેલ અને અમૃત ભારત ટ્રેનોની વ્યવસ્થા કરવામાં આવશે. જે શહેરો વચ્ચે વંદે ભારત, નમો ભારત અને અમૃત ભારત ટ્રેનોના સંચાલનનો આરંભ થયો છે, ત્યાંના લોકોએ તાળીઓના ગડગડાટ સાથે આ ટ્રેનોનું હાર્દિક સ્વાગત કર્યું છે. ભારતીય રેલવે દ્વારા વ્યસ્ત રૂટને ડબલીંગ અને ચાર ગણા કરવા માટે ઘણી યોજનાઓને પણ મંજૂરી આપવામાં આવી છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં આ કાર્ય માટે રૂા.૩૨,૦૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે, જ્યારે નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૪માં સરેરાશ વાર્ષિક બજેટ માત્ર રૂા. ૨,૪૬૧ કરોડ હતું. વ્યસ્ત રૂટ પર લાઈનોની સંખ્યા વધારવાથી લોકપ્રિય સ્થળોએ વધુ ટ્રેનો ચલાવવાનું શક્ય બનશે.

ભારતીય રેલવે માં સુરક્ષાને સર્વોપરી ગણવામાં આવે છે. જો પરિવહન વ્યવસ્થા સુરક્ષિત ન હોય તો આરામ અને નવીનતાઓનું કોઈ મૂલ્ય નથી. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં રેલવે સલામતી સંબંધિત પ્રોજેક્ટ્સ માટે ૧,૧૬,૫૧૪ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં રોડ ઓવર બ્રિજ (ROB) / રોડ અંડર બ્રિજ (RUB) ના બાંધકામ માટે રૂા. ૭,૦૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે, જ્યારે નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૪ માં તે ફક્ત રૂા. ૯૧૬ કરોડ હતું. ટ્રેક નવીકરણ માટે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માંરૂા. ૨૨,૮૦૦ કરોડનું બજેટ નિર્ધારિત કરવામાં આવ્યું છે.

જેમ કે બધા સંમત થાય છે, ભારતીય રેલવે શ્રીમંત વર્ગનું નહીં જ્યારે સામાન્ય લોકો માટે પરિવહનનું પસંદગીનું માધ્યમ છે, બજેટમાં નીચલા-મધ્યમ અને મધ્યમ વર્ગના લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ૧૭,૫૦૦ નોન-એસી જનરલ કોચના નિર્માણ માટે જોગવાઈ કરવામાં આવી છે. આનાથી સામાન્ય લોકોને ઘણી રાહત મળશે. ભારતીય રેલવેની યોજના છે કે આગામી ૫ વર્ષમાં પરંપરાગત કોચને અત્યંત અદ્યતન LHB કોચથી બદલી દેવામાં આવે. આનાથી યાત્રા તો આરામદાયક થશે જ, સુરક્ષા પણ વધુ ઉત્તમ થશે કારણ કે LHB કોચ અદ્યતન સુવિધાઓથી સુસજ્જ છે.

વંદે ભારત એક્સપ્રેસની અપાર લોકપ્રિયતાએ ભારતીય રેલવેને વંદે સ્લીપર ટ્રેન બનાવવા માટે પ્રેરિત કર્યું. પ્રથમ વંદે સ્લીપર રેકનું નિર્માણ થઈ ગયું છે અને હાલમાં તેનું પરીક્ષણ ચાલી રહ્યું છે. ટ્રાયલની સફળતા પછી આ ટ્રેન મુસાફરોની સેવા કરતી ભારતીય રેલવે નેટવર્કનો એક ભાગ બનશે. આ પછી, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૭ માં કુલ ૫૦ વંદે સ્લીપર ટ્રેનોનું નિર્માણ કરવામાં આવશે. ભારતીય રેલવે દ્વારા ૧૦૦ નોન-એસી અમૃત ભારત ટ્રેનો બનાવવાનો પણ નિર્ણય લીધો છે જે અદ્યતન સુવિધાઓ સાથે બનાવવામાં આવી રહી છે. આનાથી ફક્ત સામાન્ય લોકોને જ રાહત મળશે.

ભારતીય રેલવેની સુરક્ષા વ્યવસ્થાને મજબૂત બનાવવા માટે કવચ સિસ્ટમ વિકસાવવામાં આવી છે. આ અથડામણ વિરોધી પ્રણાલીને મજબૂત બનાવવા માટે ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં ૧૦,૦૦૦ લોકોમોટિવ અને ૩,૦૦૦ કિ.મી. રેલ ટ્રેકને કવચ થી લૈસ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જે એક સ્વાગતપાત્ર પગલું છે.

ભારતીય રેલ્વે માત્ર મુસાફરોના પરિવહનનું એક મહત્વપૂર્ણ માધ્યમ નથી, પરંતુ માલ પરિવહન માટે પણ એટલું જ મહત્વપૂર્ણ છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં માલસામાન લોડિંગ (Freight Loading) નો લક્ષ્યાંક ૧,૭૦૦ મિલિયન ટન નક્કી કરવામાં આવ્યો છે. જે સુધારેલ અંદાજ ૨૦૨૪-૨૫ ની તુલનામાં ૬૫ મિલિયન ટન (૪% વધુ) છે. અલગ-અલગ ચીજવસ્તુઓની પરિવહન જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આધુનિક વેગનના નિર્માણ ની દિશામાં ભારતીય રેલવે દ્વારા કામ કરવામાં આવી રહ્યું છે.

ભારતીય રેલવે જેવા વિશાળ નેટવર્કના સુરક્ષિત સંચાલન અને વિસ્તરણ માટે ભંડોળ સાથે મજબૂત ઈચ્છાશક્તિ અને દ્રષ્ટિકોણ પણ જરૂરી છે. દેશ ભાગ્યશાળી છે કે તેનું નેતૃત્વ નરેન્દ્ર મોદી જેવા સક્ષમ પ્રશાસકના હાથમાં છે. રેલ વ્યવસ્થાને મજબૂત બનાવવાની જવાબદારી અશ્વિની વૈષ્ણવને સોંપી છે જેઓ સામાન્ય લોકોના જીવનને બેહતર બનાવવા માટે ટેકનોલોજીના વ્યાપક ઉપયોગ કરવાના સમર્થક છે. આ જ કારણ છે કે ભારતીય રેલ્વે, તાત્કાલિક જરૂરિયાતો પૂરી પાડવાની સાથે લાંબા ગાળાના પ્રોજેક્ટ્સ પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ બજેટ રેલવેના લાંબા ગાળાના પ્રોજેક્ટ્સ માટે પૂરતા ભંડોળ પૂરું પાડશે, જેનાથી રેલવેની ગતિને વધુ શક્તિ પ્રાપ્ત થશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા બાળકો અને યુવાનોની સંખ્યામાં ૧૧૩%નો વધારો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

આપણે ઘણા સમયથી અકસ્માતની ઘટનાઓ દરરોજ આવી રહી છે. જેને લઈને પ્રશ્ન થાય કે, ભારતમાં દરરોજ કેટલા અકસ્માતો થતાં હશે અને તેમાં કેટલા લોકોના મોત થતાં હશે. ત્યારે જણાવી દઈએ કે, ભારતમાં દરરોજ ઘણા ભયાનક માર્ગ અકસ્માતો થાય છે, જેમાં લોકો જીવ ગુમાવે છે. આ ઉપરાંત, કેટલાક લોકો કાયમ માટે પોતાના હાથ કે પગ પણ ગુમાવી દે છે. માર્ગ અકસ્માતો અંગે અનેક પ્રકારના અહેવાલો બહાર આવતા રહે છે, જેનાથી દરેક વ્યક્તિ ડરી જાય છે અને તેઓ દરરોજ બહાર જતા પોતાના પરિવારોની ચિંતા કરવા લાગે છે. હવે બીજો એક રિપોર્ટ બહાર આવ્યો છે, જે જણાવે છે કે, ભારતમાં દરરોજ કેટલા બાળકો અને યુવાનો માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામે છે. આ આંકડાઓ ખૂબ જ ચોંકાવનારા છે. NIMHANS અને UNICEFના સંયુક્ત અહેવાલમાં જણાવાયું છે કે, ૨૦૧૧ થી ૨૦૨૨ ની વચ્ચે, માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા બાળકો અને યુવાનોની સંખ્યામાં ૧૧૩ ટકાનો વધારો થયો છે. મૃત્યુ પામેલા લોકોની ઉંમર ૧૮ વર્ષ કે તેથી ઓછી હતી.

### વજન ઘટાડવા માટેની દવા ખાતા ખેડૂત નેતાનું મોત

। (એજન્સી) બાગપત, તા.૫ ।

ઉત્તરપ્રદેશના બાગપતમાંથી એક ચોંકવનારો કિસ્સો સામે આવી રહ્યો છે. હકીકતમાં એક શખ્સે પોતાનું વજન ઘટાડવા માટે સોશિયલ મીડિયા ફેસબુક પર જાહેરાત જોઈને ઓનલાઈન દવા મંગાવી હતી. આ દવા ખાવાના કારણે શખ્સની કિડની ખરાબ થઈ હતી અને એ પછી તેનું મોત થઈ ગયું હતું. આ ઘટના સામે આવતાં આ વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. યુપીના બાગપત જીલ્લાની માતા કોલોનીમાં રહેતા ૪૦ વર્ષીય ફુરકાને વજન ઓછું કરવા માટે ઓનલાઈન દવા મંગાવીને ખાવાની શરુ કરી હતી. દવાથી થોડા જ દિવસમાં વજન ઓછું થવા લાગ્યું. પરંતુ ધીરે ધીરે તેની કિડની ખરાબ થવા લાગી હતી. છેલ્લા સાત મહિનામાં ફુરકાનની સારવાર કરવામાં આવી રહી હતી, પરંતુ તેના શરીરમાં કોઈ સુધારો આવતો નહતો. ધીરે ધીરે કિડની કામ ન કરતાં ડોક્ટરોએ ડાયાલિસિસ કરાવાની સલાહ આપી હતી. પરંતુ ગઈકાલ તેનું મોત થયું હતુ. આજકાલ લોકો પોતાનું વજન ઓછુ કરવા માટે વિવિધ પ્રકારની દવાઓનું સેવન કરતાં હોય છે. આવી દવાઓ ફેસબુક જેવા સોશિયલ મીડિયામાં ખુલ્લેઆમ વેચાઈ રહી છે. આવી દવાની આડ અસર વધારે હોય છે. હકીકતમાં આ પ્રકારની દવાઓમાં કોઈ પણ પ્રકારનું સંશોધન કરવામાં આવેલુ હોતું નથી. લોકો જાહેરાતો જોઈને તેના પર વિશ્વાસ કરી બેસે છે.

### UPમાં ૧૬૦૦ કરોડનું રોકાણ કરશે પતંજલિ ગ્રુપ

। (એજન્સી) લખનૌ, તા.૫ ।

પતંજલિ ગ્રુપ યમુના એક્સપ્રેસવે ઔદ્યોગિક વિકાસ પ્રાધિકરણ(YEIDA) ક્ષેત્રમાં પોતાના ઔદ્યોગિક વિસ્તારને ઝડપથી આગળ વધારી રહ્યું છે. આ કડીમાં પતંજલિ આયુર્વેદ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર આચાર્ય બાલકૃષ્ણ આજે પ્લોટ નંબર ૧૭, સેક્ટર 24A, YEIDA પહોંચ્યા હતા. જ્યાં તેમણે પતંજલિ ફૂડ એન્ડ હર્બલ પાર્કની આગામી યોજનાઓ પર ચર્ચા કરી. આ પ્રમુખ પરિયોજના ક્ષેત્રમાં મોટા પાયે રોકાણ અને રોજગારની તકો પ્રદાન કરવાના હેતુથી વિકિસિત કરવામાં આવી રહી છે. આ પાર્કમાં એક અત્યાધુનિક ડેરી પ્લાન્ટ અને ઔદ્યોગિક પ્રમોશન હબ સ્થાપિત કરાશે. જેનાથી સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તર પર વેપારી ગતિવિધિઓને પ્રોત્સાહન મળશે. આ અવસરે આચાર્ય બાલકૃષ્ણએ જણાવ્યું કે આ ઔદ્યોગિક પાર્ક ૧,૬૦૦ કરોડ રૂપિયાના રોકાણથી વિક્સિત કરાશે. જેનાથી ક્ષેત્રની અર્થવ્યવસ્થાને નવો આયામ મળશે. તેમણે કહ્યું કે આ પ્રોજેક્ટ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મેક ઈન ઈન્ડિયા અભિયાન અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજીના ઈન્વેસ્ટ યુપી મિશન અનુરૂપ છે. સંપૂર્ણ રીતે કાર્યશીલ થયા બાદ પતંજલિ ફૂડ એન્ડ હર્બલ પાર્કથી ૩૦૦૦થી વધુ રોજગારની તકો પેદા થવાની આશા છે જેનાથી વિસ્તારના લોકોને મોટો લાભ થશે. પતંજલિ ગ્રુપ પહેલેથી જ એક ઔદ્યોગિક પાર્ક વિક્સિત કરી રહ્યું છે.



નવી દિલ્હીમાં દિલ્હી વિધાનસભાની ચૂંટણી દરમિયાન મતદાન મથક પર ઓળખ કાર્ડ બતાવી મતદારોએ પોતાનો મત આપવા માટે લાઈનમાં ઉભા રહ્યા હતાં.

### ગુજરાત સાથે છે અનોખો સંબંધ

# મોહમ્મદ પયગંબરના વંશજ કરીમ આગા ખાનનું નિધન

**કરીમ આગા ખાન ૨૦ વર્ષની ઉંમરે ઇસ્માઇલી મુસ્લિમોના આધ્યાત્મિક નેતા બન્યા હતા**

। (એજન્સી) પોર્ટુગલ, તા.૫ ।

પ્રિન્સ કરીમ અલ-હુસેની આગા ખાન IVનું અવસાન થયું છે. તેઓ વિશ્વભરમાં ફેલાયેલા લાખો શિયા ઈસ્માઈલી મુસ્લિમોના આધ્યાત્મિક નેતા હતા. તેમણે મંગળવારે લિસ્બન (પોર્ટુગલ) માં ૮૮ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા છે. તેમને માત્ર ૨૦ વર્ષની ઉંમરે ઈસ્માઈલી મુસ્લિમોના ૪૯માં ઈમામ અને આધ્યાત્મિક નેતા બનાવવામાં આવ્યા હતા. તેમણે પોતાનું આખું જીવન લોક કલ્યાણ માટે સમર્પિત કર્યું હતું. ઈસ્માઈલી મુસ્લિમોના આધ્યાત્મિક નેતા હોવા ઉપરાંત, તેમણે અબજો ડોલરની મદદથી વિકાસશીલ દેશોમાં ઘરો, હોસ્પિટલો અને શાળાઓ બનાવવા જેવા પરોપકારી કાર્યો દ્વારા પણ પોતાની ઓળખ બનાવી હતી. પ્રિન્સ કરીમ અલ-હુસેની આગા ખાન IV ના પરિવારને ઈસ્લામના પયગંબર મુહમ્મદના વંશજ માનવામાં આવે છે. તેઓ પયગંબર મુહમ્મદની પુત્રી હઝરત બીબી ફાતિમા અને પયગંબર સાહેબના પિતરાઈ ભાઈ અને જમાઈ હઝરત અલી, ઈસ્લામના ચોથા ખલીફા અને પ્રથમ શિયા ઈમામના વંશજ હતા. તેઓ પ્રિન્સ અલી ખાનના મોટા પુત્ર અને સ્વર્ગસ્થ સર સુલતાન મુહમ્મદ શાહ આગા ખાન ત્રીજાના પૌત્ર અને ઈમામના પદના વારસદાર હતા. ગુજરાતમાં, આગા ખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ, ભારત (AKRSP,I) ૨૮૦થી વધુ ગામડાંઓમાં કાર્યરત છે. તેમણે વિશેષ રૂપે, મહિલા સશક્તિકરણ અને નેતૃત્વ તાલીમ કાર્યક્રમો દ્વારા ગ્રામીણ મહિલાઓને આર્થિક સ્વાવલંબન તરફ દોરવામાં આવી રહી છે. ૨૦૧૫માં ભારત સરકારે તેઓને સામાજિક યોગદાન માટે 'પદ્મ વિભૂષણ'થી સન્માનિત કર્યા, જે તેમની સેવાઓની મહાનતા દર્શાવે છે. આર્કીટેકચર ક્ષેત્રે, ૧૯૯૨માં અમદાવાદની એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (EDI)ને આગા ખાન એવાર્ડ ફોર આર્કિટેક્ચર દ્વારા સન્માનિત કરવામાં આવી, જે ભારતીય આર્કિટેક્ચરને મળેલું મહત્વનું સન્માન છે. ૧૯૫૭માં જ્યારે તેમના દાદાએ તેમના પુત્ર અલી ખાનને પાછળ છોડીને રાજકુમાર કરીમ આગા ખાનને પોતાના ઉત્તરાધિકારી તરીકે પસંદ કર્યા. ત્યારે તેઓ માત્ર ૨૦ વર્ષના હતા. આધ્યાત્મિક નેતૃત્વ માટે તેમને નોમિનેટ કરતી વખતે, એવું કહેવામાં આવ્યું હતું કે, આ જવાબદારી એવા યુવાન વ્યક્તિને સોંપવી જોઈએ જે નવા વિચારો વચ્ચે મોટો થયો હોય. પ્રિન્સ કરીમ આગા ખાન હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા હતા.

### ઓડિશામાં મોટી દુર્ઘટના ટળી

# પાટા પરથી ટ્રેન ઉતરી નજીકની સોસાયટીમાં ઘુસતા ચકચાર

**રેલવે અને પ્રશાસનની ટીમ ઘટનાસ્થળે આવી પહોંચી છે અને ડબ્બાને હટાવવાની કામગીરી શરૂ કરી હતી**

। (એજન્સી) રાઉરકેલા, તા.૫ ।



ઓડિશાના રાઉરકેલાના માલગોદામ બસ્તી વિસ્તારમાં એક માલગાડી પાટા પરથી ઉતરી ગઈ હતી. જે બાદ આખા વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો. ટ્રેનના ત્રણ ડબ્બા ટ્રેક પરથી ઉતરીને નજીકમાં આવેલા રહેણાંક વિસ્તારમાં જતા રહ્યા હતા. જેના કારણે ત્યાંથી પસાર થતાં લોકોને ભારે તકલીફનો સામનો કરવો પડ્યો. રેલવે અને પ્રશાસનની ટીમ ઘટનાસ્થળે આવી પહોંચી છે અને ડબ્બાને હટાવવાની કામગીરી શરુ કરી દીધી છે. રાઉરકેલા એસપીના જણાવ્યા અનુસાર, પ્રાથમિક સૂચના અનુસાર, રેલવેની કોઈ ટેકનિકલ સંચાલન દરમ્યાન આ દુર્ઘટના થઈ છે. દુર્ઘટનામાં અત્યાર સુધીમાં કોઈ જાનહાનિની સૂચના નથી મળી. બાદમાં રાહત કાર્ય ચાલું કરી દીધું છે અને સ્થિતિ સ્વાભાવિક કરવાની કોશિશ થઈ રહી છે. જાણવા મળ્યું છે કે, ટૂંક સમયમાં આ માર્ગ પર રેલ વ્યવહાર ફરીથી શરુ થઈ જશે. રેલવે એ જાણવાની કોશિશ કરી રહ્યું છે કે, આ દુર્ઘટના કેવી રીતે થઈ. રાહતની વાત એ છે કે અત્યાર સુધીમાં કોઈ ઘાયલ થવાના સમાચાર નથી. દક્ષિણ પૂર્વી રેલવેના સીપીઆરઓએ જણાવ્યું કે, રાઉરકેલા રેલવે યાર્ડ જ્યારથી ખાલી કંટેનર રેકને પ્લેસ કરી રહ્યા હતા, ત્યારે બફર ઝોન અને ડેડ એન્ડને તોડતા ડબ્બા પાછળ આવેલા રહેણાંક વિસ્તારમાં ઘુસી ગયા હતા. આ ડબ્બા દીવાલ તોડીને ૧૦ મીટર અંદર ઘુસી ગયા હતા. જો કે સારી વાત એ છે કે આ દુર્ઘટનામાં કોઈ ઘાયલ થયું નથી. લોકોને કહેવામાં આવ્યું છે કે, જ્યાં સુધી રસ્તો સાફ ન થાય, ત્યાં સુધી બીજા રસ્તાનો ઉપયોગ કરવાની પ્રશાસને વાત કરી છે.



દિલ્હી વિધાનસભા ચૂંટણી દરમિયાન નવી દિલ્હીમાં મતદાન મથક પર મતદાન કર્યા પછી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પોતાની આંગળી પર અમીટ શાહીનું નિશાન બતાવતા નજરે પડે છે.

## અયોધ્યા રામમંદિરમાં દર્શન અને આરતીનો સમય બદલાયો

। (એજન્સી) અયોધ્યા, તા.૫ ।

અયોધ્યામાં રામ મંદિર ટ્રસ્ટે શ્રદ્ધાળુઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખતા રામલલાના દર્શન અને આરતીના સમયમાં મહત્વના ફેરફાર કર્યા છે. હવે રામલલાના દર્શન સવારે ૬.૦૦ વાગ્યાથી લઈને રાતના ૧૦.૦૦ વાગ્યા સુધી કરી શકાશે. જેના કારણે વધારેમાં વધારે ભક્તોને તેનો લાભ મળશે. સવારે ૪.૦૦ વાગ્યે મંગળા આરતી થશે અને આ દિવસની પહેલી આરતી હશે. મંગળા આરતી બાદ ભગવાનના પટ થોડા સમય માટે બંધ રહેશે. સવારે ૬.૦૦ વાગ્યે શ્રૃંગાર આરતી, આ આરતી સાથે જ રામલલાનું મંદિર સામાન્ય લોકો માટે ખોલી દેવામાં આવશે. બપોરે ૧૨.૦૦ વાગ્યે રાજભોગ, આ સમય ભગવાનને ભોગ લગાવવામાં આવશે, પણ આ દરમ્યાન પણ શ્રદ્ધાળુઓ રામલલાના દર્શન કરી શકશે. તો વળી સાંજના ૭.૦૦ વાગ્યે સંધ્યા આરતી,સંધ્યા આરતીના સમયે ભગવાનના પટ ૧૫ મિનિટ માટે બંધ રહેશે. રાતના ૧૦.૦૦ વાગ્યે શયન આરતી. ત્યાર બાદ ભગવાનના પટ બંધ કરી દેવામાં આવશે. અહીં ઉલ્લેખનિય છે કે, પહેલા સવારે ૭.૦૦ વાગ્યે ભક્તો માટે પટ ખોલવામાં આવતા હતા.

### તોડ્યા તમામ રેકોર્ડ, દુનિયાભરમાં માંગ

# બ્રાઝિલમાં યોજાયેલા પશુ મેળામાં ભારતીય નસ્લની ગાય ૪૦ કરોડ રૂપિયામાં વેચાઈ

। (એજન્સી) બ્રાઝિલ, તા.૫ ।

બ્રાઝિલમાં યોજાયેલા પશુ મેળામાં ભારતીય જાતિની ગાય ૪૦ કરોડ રૂપિયામાં વેચાઈ હતી. આ કોઈપણ ગાય માટે અત્યાર સુધીની સૌથી મોંઘી બોલી છે, જેણે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે. આ બોલી બ્રાઝિલના મિનાસ ગેરાઈસમાં લાગી હતી, જ્યાં એક ગ્રાહકે વિઆટીના-૧૯ નામની ગાય માટે આટલી ઊંચી બોલી લગાવી હતી. ગાયનું વજન ૧૧૦૧ કિલો હોવાનું જાણવા મળ્યું, જે આ જાતિની અન્ય ગાયોની સરખામણીમાં લગભગ બમણું છે. નેલ્લોર જાતિની આ ગાય ચર્ચામાં આવી છે. આ જાતિ ભારતના આંધ્રપ્રદેશ, તેલંગાણામાં જોવા મળે છે. વિઆટીના-૧૯ નામની ગાયને આખી દુનિયામાં ઓળખ મળી છે. તે તેના અસાધારણ જનીનો અને શારીરિક સુંદરતા માટે જાણીતી છે. આ ગાયે મિસ સાઉથ અમેરિકાનો ખિતાબ પણ જીત્યો હતો. ત્યારથી આ મુદ્દો ચર્ચામાં છે. લોકો આ ગાયના બચ્ચાને વિશ્વના



ઘણા દેશોમાં લઈ ગયા છે જેથી સારી જાતિની ગાયો ઉત્પન્ન થઈ શકે. આ જ કારણ છે કે જ્યારે આ ગાય માટે બોલી લગાવવામાં આવી ત્યારે એક ગ્રાહકે ૪૦ કરોડ રૂપિયા સુધીની ઊંચી કિંમત ચૂકવવાનું નક્કી કર્યું. નેલ્લોર ગાયોની જાતિને ઓંગોલ જાતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ગાયોની ખાસિયત એ છે કે તેઓ અત્યંત મુશ્કેલ અને ગરમ પરિસ્થિતિમાં પણ જીવી શકે છે. તેમની દૂધ આપવાની ક્ષમતા પર કોઈ અસર થતી નથી. સામાન્ય રીતે, અત્યંત ગરમ હવામાનમાં ગાયોનું દૂધ ઉત્પાદન ઘટે છે. આ ઉપરાંત, નેલ્લોર જાતિની ગાયોની રોગપ્રતિકારક શક્તિ પણ ઉત્તમ છે અને તેઓ રોગો સામે લડવામાં સક્ષમ છે. આ જ કારણ છે કે તેમની લોકપ્રિયતા સમગ્ર વિશ્વમાં ખૂબ ઊંચી છે. આ ગાયો ખૂબ જ ઓછી કાળજી સાથે મુશ્કેલ વિસ્તારોમાં ટકી શકે છે. સફેદ રૂંવાટી અને ખભા પર ઊંચા ખૂંધ ધરાવતી આ ગાયોમાં ઊંટની જેમ લાંબા સમય સુધી ખોરાક અને પાણીનો સંગ્રહ કરવાની વિશેષ ક્ષમતા હોય છે. આ કારણે, તેમના માટે રણ અને ગરમ વિસ્તારોમાં રહેવું સરળ બને છે. આ જ કારણ છે કે સમગ્ર વિશ્વમાં નેલ્લોર જાતિની ગાયોની માંગ વધી છે. ક્યારેક ઘાસચારાના અભાવે પ્રાણીઓ માટે જીવવું મુશ્કેલ બની જાય છે. આવી સ્થિતિમાં, આ ગાયો એક સારો વિકલ્પ છે. આ ગાયો ચરબીનો સંગ્રહ કરે છે. આ કારણે, મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ તેમના સ્વાસ્થ્ય પર બહુ અસર થતી નથી. નેલ્લોર જાતિની ગાય માટે ઊંચી બોલી સ્પષ્ટપણે દર્શાવે છે કે ગાયની માંગ ઘણી વધારે છે. આ ગાયોમાં રોગોથી રક્ષણ આપવા માટે મજબૂત રોગપ્રતિકારક શક્તિ હોય છે. આ ઉપરાંત, તેમના માટે ગરમીમાં ટકી રહેવું બહુ મુશ્કેલ નથી.

### આપ-ભાજપ આવ્યા સામસામે

# સીલમપુરમાં બુરખો પહેરી મતદાન કરવા મામલે માથાકૂટ થઈ હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી માટે મતદાન ચાલી રહ્યું છે. તમામ ૭૦ સીટો પર લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા છે. આ દરમિયાન કેટલીક જગ્યાએ હંગામાના સમાચાર છે. સીલમપુર, જંગપુરા અને ગ્રેટર કૈલાશમાં વહીવટીતંત્ર અને નેતાઓ વચ્ચે માથાકૂટ જોવા મળી રહી છે. સીલમપુરમાં બુરખામાં મતદાનને લઈને હંગામો થયો હતો. ભાજપે આરોપ લગાવ્યો હતો કે બુરખાની આડમાં ખોટા વોટ નાખવામાં આવી રહ્યા છે. હંગામો એટલો વધી ગયો કે ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો સામસામે આવી ગયા. ભાજપનો આરોપ છે કે બ્રહ્મપુરીની આર્યન પબ્લિક સ્કૂલમાં બનેલા બૂથ પર નકલી મતદાન થઈ રહ્યું છે.

### મનમોહન સિંહના સ્મારક માટે સ્થળ નક્કી થયુ

। (એજન્સી) નવીદિલ્હી, તા.૫ ।

સરકારે ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહના પરિવારને તેમના સ્મારક માટે જમીન આપવાની ઓફર કરી છે . આ જમીન ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના સ્મારક માટે નિર્ધારિત જમીનની નજીક ફાળવવામાં આવી છે. આ મામલે, સરકાર મનમોહન સિંહના પરિવાર દ્વારા ટ્રસ્ટ બનાવવાની રાહ જોઈ રહી છે. આ પછી જમીન સત્તાવાર રીતે ફાળવવામાં આવશે. આ રકમ સ્મારકના નિર્માણ પાછળ ખર્ચવામાં આવશે.

NAME HAS BEEN CHANGED

I Have Change My Old Given Name From
MAHAMADRAFIK ABDULHABIB SHEKH
To My New Name As
MAHAMMADRAFIK ABDULHABIB SHAIKH

Address :- Dolivas, Deesa, Banaskantha 385535

NAME HAS BEEN CHANGED

I Have Change My Old Given Name From
MEHRUNISA ABDULHABIB SHEKH
To My New Name As
MAHERUNNISHA ABDULHABIB SHAIKH

Address :- Dolivas, Deesa, Banaskantha 385535

# તંત્રી લેખ...

## ટ્રમ્પના નિવેદનથી છેડાયો વિવાદ

અમેરિકન પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં એક વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે જેમાં તેમણે કહ્યું છે કે તેઓ ઈચ્છે છે કે અમેરિકા ગાઝા પટ્ટીની માલિકી મેળવે અને પેલેસ્ટિનિયન લોકોને અન્ય દેશોમાં વસાવીને આ પ્રદેશનો ફરીથી વિકાસ કરે. ટ્રમ્પે કહ્યું, "અમેરિકા ગાઝા પટ્ટી પર કબજો કરશે અને અમે અહીં કામ કરીશું. અમે તેની માલિકી લઈશું અને બધા ખતરનાક શસ્ત્રોનો નાશ કરવાની જવાબદારી લઈશું." આ ઉપરાંત, તેમણે કહ્યું કે અમેરિકા આ વિસ્તારમાં નાશ પામેલી ઈમારતોનો કાટમાળ સાફ કરશે અને ત્યારબાદ આર્થિક વિકાસ તરફ કામ કરશે. જોકે, ટ્રમ્પે આ યોજના પર કામ કરવાની પદ્ધતિ કે તેના સંચાલન અંગે કોઈ ચોક્કસ માહિતી આપી નથી. તેમણે એ જણાવ્યું ન હતું કે અમેરિકા આ વિસ્તારનું સંચાલન કેવી રીતે કરશે અથવા પેલેસ્ટિનિયન લોકોના પુનર્વસન માટે કઈ યોજનાઓ બનાવવામાં આવશે. ગાઝા પટ્ટી દાયકાઓથી સંઘર્ષનું ક્ષેત્ર રહ્યું છે, જ્યાં ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે વારંવાર અથડામણો થતી રહે છે. ટ્રમ્પની યોજના પર આંતરરાષ્ટ્રીય પ્રતિક્રિયાની રાહ જોવાઈ રહી છે કારણ કે તે ખૂબ જ સંવેદનશીલ અને જટિલ મુદ્દો છે. ડોનાલ્ડ ટ્રમ્પના આ નિવેદનથી આંતરરાષ્ટ્રીય રાજકારણમાં હલચલ મચી ગઈ છે. ગાઝા પટ્ટી જેવા સંઘર્ષગ્રસ્ત વિસ્તાર અંગે આપવામાં આવેલા આ નિવેદનની પ્રતિક્રિયા આગામી સમયમાં સ્પષ્ટ થઈ શકે છે. હાલમાં, આ યોજનાના અમલીકરણ અંગે કોઈ નક્કર માહિતી આપવામાં આવી નથી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું આ પ્રદેશમાં કોઈપણ સુરક્ષા પરિસ્થિતિને મજબૂત બનાવવા માટે યુએસ સૈનિકો તૈનાત કરી શકાય છે, ત્યારે ટ્રમ્પે કહ્યું, "અમે જે જરૂરી હશે તે કરીશું. જો જરૂરી હશે, તો અમે તે કરીશું."

## જનરલ સૈયદ ચાનેગ્રિહા, રાષ્ટ્રીય સંરક્ષણ મંત્રીના પ્રતિનિધિ, પીપલ્સ નેશનલ આર્મી, અલ્જેરિયાના ચીફ ઓફ સ્ટાફ ભારતની મુલાકાતે આવશે

અલ્જેરિયાના જનરલ સૈયદ ચાનેગ્રિહા, રાષ્ટ્રીય સંરક્ષણ મંત્રીના પ્રતિનિધિ, પીપલ્સ નેશનલ આર્મીના ચીફ ઓફ સ્ટાફ ૦૬ થી ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન ભારતની સત્તાવાર મુલાકાતે આવશે. તેઓ બેંગલુરુમાં એરો ઈન્ડિયા ૨૦૨૫ના ઉદ્‌ઘાટનમાં હાજરી આપશે અને રક્ષા મંત્રી શ્રી રાજનાથ સિંહ સાથે વાતચીત કરશે. મંત્રીનાં પ્રતિનિધિ શ્રી "BRIDGE – Building Resilience through International Defence and Global Engagement" થીમ પર સંરક્ષણ મંત્રીઓના સંમેલનમાં હાજરી આપશે. જે વ્યૂહાત્મક ભાગીદારી તરફ સંવાદને સરળ બનાવશે. તેઓ એરો ઈન્ડિયા અંતર્ગત પોતાના સમકક્ષો સાથે મહત્વપૂર્ણ બેઠકો પણ કરશે. નવી દિલ્હીમાં જનરલ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરશે અને તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવશે.

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નવી દિલ્હીમાં જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષાની સ્થિતિ પર ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી



કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષાની સ્થિતિ પર એક ઉચ્ચ-સ્તરીય સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ શ્રી મનોજ સિંહા, કેન્દ્રીય ગૃહ સચિવ, ઈન્ટેલિજન્સ બ્યૂરોના ડાયરેક્ટર, મુખ્ય સચિવ અને જમ્મુ-કાશ્મીરના પોલીસ મહાનિર્દેશક સહિત ગૃહ મંત્રાલય અને જમ્મુ-કાશ્મીર પ્રશાસનના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે ગઈકાલે પણ જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષાની સ્થિતિ પર એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજી હતી. જેમાં ચીફ ઓફ આર્મી સ્ટાફ, જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી, ગૃહ સચિવ અને ગૃહ મંત્રાલય અને સેનાના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકને સંબોધતા કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર જમ્મુ-કાશ્મીરમાંથી આતંકવાદનો સંપૂર્ણ સફાયો કરવા માટે કટિબદ્ધ છે. તેમણે કહ્યું હતું કે, મોદી સરકારના સતત અને સંકલિત પ્રયાસોને કારણે જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદની ઈકોસિસ્ટમ નોંધપાત્ર રીતે નબળી પડી છે. ગૃહમંત્રીએ તમામ સુરક્ષા એજન્સીઓને 'શૂન્ય ઘૂસણખોરી'ના લક્ષ્યને લક્ષ્ય બનાવીને આતંકવાદ સામેની લડાઈને આગળ વધારવાનો નિર્દેશ આપ્યો હતો. તેમણે તમામ સુરક્ષા એજન્સીઓને શૂન્ય ઘૂસણખોરીનાં અભિગમ સાથે આતંકી કૃત્યો પર વધુ કડક કાર્યવાહી કરવા જણાવ્યું હતું. તેમણે કહ્યું કે આતંકવાદીઓના અસ્તિત્વને ઉખાડી ફેંકવાનું આપણું લક્ષ્ય હોવું જોઈએ.

શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, નાર્કો નેટવર્ક ઘૂસણખોરો અને આતંકવાદીઓને તેમની પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે સહાય પૂરી પાડે છે. તેમણે કહ્યું કે માદક દ્રવ્યોના વેપારની આવકમાંથી ટેરર ફંડિંગ સામે સતર્કતા અને કઠોરતાથી ત્વરિત કાર્યવાહી કરવાની જરૂર છે.

શ્રી અમિત શાહે નવા ફોજદારી કાયદાઓના સમયસર અમલીકરણને ધ્યાનમાં રાખીને એજન્સીઓને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (એફએસએલ)ની જગ્યાઓ પર નવી નિમણૂકો કરવા સૂચના આપી હતી.

શ્રી અમિત શાહે આતંકવાદ મુક્ત જમ્મુ અને કાશ્મીરનાં લક્ષ્યાંકને હાંસલ કરવા માટે આતંકવાદ સામે મોદી સરકારની 'ઝીરો ટોલરન્સની નીતિ' પર ભાર મૂક્યો હતો. તેમણે તમામ સુરક્ષા એજન્સીઓને સતર્ક રહેવા અને જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદને ખતમ કરવા માટે તાલમેલથી કામ કરવાનું ચાલુ રાખવાનો નિર્દેશ આપ્યો હતો. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા પરિદ્રશ્યના તમામ માપદંડોમાં નોંધપાત્ર સુધારા માટે સુરક્ષા એજન્સીઓના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

**દરેક વખતે દરેક સ્ત્રી શક્તિ સ્વરૂપની સહન શક્તિ સરખી ન્હોય એવું બને! અને કોઈ કોઈ આ વિકટ પરિસ્થિતિનો રસ્તો કાઢવા કોઈ ઉપાય શોધે!**

# ૐ જયંતિ, મંગલા, કાલી, ભદ્રકાલી, કપાલીની, દુર્ગા, ક્ષમા, શિવા, ધાત્રી, સ્વાહા, સ્વધા નમોડઃસ્તુતે. નવદુર્ગાના આ સ્વરૂપો જીવંત મૂર્તિમાં શોધીએ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

આપણે માઘ ગુપ્ત નવરાત્રિ દરમિયાન થતી શક્તિ આરાધના વિશે વાત કરીએ છીએ. મા દિકરી કે પત્ની રુપે શક્તિને આપણી આસપાસના દાયરામાં વધુ નજીકથી અનુભવી શકાય છે, એ વિશે આપણે સતત નવા નવા એંગલથી સમજી રહ્યા છીએ. માનવી એક સામાજિક પ્રાણી હોવાથી પારિવારિક જેમ જ એને સામાજિક દાયિત્વ નિભાવવું પણ એટલું જ જરૂરી છે. હમણાં જ સોશિયલ મીડિયા પર એક કેબીસીનો વિડીયો જોયો, જેમાં સંતાનો કે જે પોતાના મોજશોખ માટે તો લાખો રૂપિયા વાપરે છે, પણ એને પોતાના માતા પિતા ભારે પડે છે, અને એ તેને સડક પર છોડી દે છે. કોઈ કોઈ તો મિલકત જપ્ત કરવા માટે થઈને કેવા કેવા કીમિયા અજમાવે છે, એ જોઈને એમ થાય કે, શું આ એ જ ભારત છે? જ્યાં માતૃદેવો ભવ પિતૃ દેવો ભવનાં સંસ્કાર પાયામાં હતા! એટલે બધા જ એવા હોય છે, એવો કહેવાનો મતલબ જરા પણ નથી. જે લોકો મોજશોખ કરે છે એ પણ પોતાનું દાયિત્વ સારી રીતે નિભાવે, તો એની કોઈ તકલીફ પણ નથી. પરંતુ બીજી રીતે જોઈએ તો પોતાની માટે જ્યાં આટલા રૂપિયા ખર્ચાતા હોય, ત્યાં ક્યાંક ક્યાંક અઠવાડિયા સુધી ચૂલામાં આગ પણ નથી પેટાવાતી, અને પેટની આગ તો ભડભડ બળે છે. એટલે આ બધી આજના સમાજની હજી પણ સચ્ચાઈ છે. લોકો પોતાની આસ્થા પ્રમાણે ભલે જે રીતે શક્તિની પૂજા કરતા હોય તે પરંતુ ખરા અર્થમાં જીવિત શક્તિઓ તો આપણી આસપાસ જ ફરતી હોય છે, અને એ સૌને માનસન્માન આપીએ તો એ આપણી શક્તિ પૂજા કર્યા બરાબર જ છે, એટલું અવશ્ય વિચારવું! એટલે કે શક્તિ આરાધનાનાં પર્વ પહેલાં સ્ત્રી એક અનન્ય શક્તિ! અને શક્તિ એટલે સ્ત્રી ચરિત્ર! એમ જોઈ જીવંત મૂર્તિને પ્રેમથી પૂજીએ.પરંતુ શક્તિ એટલે સ્ત્રી! અને સ્ત્રી એટલે શક્તિ! એ રીતે આપણે જોઈએ તો શક્તિ આરાધનાના આ પર્વ દરમિયાન સમાજની સ્ત્રીની માનસિકતાને પણ જરાક જોઈ લઈએ, અને એવું લાગે છે કે આપણે મૂર્તિ રૂપે તો એને પૂજવી છે, પણ બાકી બધું બંધ મુઠ્ઠી લાખની! જેમ. આપણે પણ ક્યાંક આવો અપરાધ કે ભૂલ નથી કરતા ને? એ વિચારીને એ દૂર કરીશું તો એ શક્તિ આરાધના સાબિત થશે.

આમ તો આ બધું જ શક્તિને કારણે જ છે, જેમ કે પ્રકૃતિ શક્તિ સ્વરૂપ છે, ચિંતનની ધારા રોજ વહે છે, એ પણ સ્ત્રી શક્તિ સ્વરૂપ, અને જે હેતુસર વહે છે, એ સદગુરુની કૃપા પણ શક્તિ સ્વરૂપા. આ ત્રિવેણીમાં આપણે નિત્ય સ્નાનનો અવસર પ્રાપ્ત થયા કરે, એવી અભ્યર્થના. એકધારું છત્રીસ વર્ષથી તો મહિલા તરીકે જીવન જીવાય છે, અને એ પણ નાગર તરીકે, છતાં કહેવું પડે કે સુધરેલા સમાજમાં પણ હજી ક્યાંક શક્તિને જોઈએ તેટલું માન સન્માન નથી મળતું! તો ક્યાંક એથી ઉલટું પણ છે, એટલે સ્ત્રી શક્તિ એ ઘર પરિવાર વિખેરી નાંખ્યા હોય!

બાળકી, કિશોરી, યુવતી, સ્ત્રી, નારી, મહિલા, આમ એ એક પછી એક અવસ્થા પાર કરતાં મહિલા સુધી પહોંચે છે. બાળકી, કિશોરી,અને યુવતી સ્વરૂપે પિતાને ઘેર જે રીતે ઉછરી હોય, એ તમામ લાડકોડ છોડી અને પતિના ગૃહે આવે છે, હવે તે એક નવા પરિવારને પોતાનો બનાવવા કટિબદ્ધ થાય છે.અહી તે પત્નીની સાથે સાથે અન્ય સંબંધ નિભાવતી માતા સુધી પહોંચે છે. બાળકનો સૌથી પહેલો પરિચય તેની માતા સાથે થાય છે, અને સૌ કોઈ જાણે છે કે કોઈ માતાથી વધારે મમતાનો સંબંધ નિભાવી શકતું નથી. દુનિયામાં બાળકથી વધારે તેને માટે કોઈ મૂલ્યવાન સંપત્તિ હોતી નથી. લગભગ દરેક માતા પોતાના સંતાનો માટે જ જીવતી હોય છે, છતાં ભારતીય સમાજમાં મહિલાઓની માનસિકતામાં ૧૮મી સદીથી ઓગણીસમી સદી અને ૧૯મી સદીથી ૨૦મી સદી સુધીના અંતરમાં લગભગ બહુ ફેર પડ્યો નથી. રામાયણ કાળની વાત કરીએ તો ભલે આપણને બોધપાઠ મળે, એટલે કે રામ સીતા તરીકે પત્ની પર અવિશ્વાસની વાત ત્યારે પણ એટલી જ અસરકારક હતી, અને આજે પણ એટલી જ અસરકારક છે. તો કઈ રીતે આપણે કહી શકાય કે સ્ત્રીએ કે મહિલાએ વિકાસ કર્યો છે, સફળ થઈ છે!. કાર્યક્ષેત્રની રીતે મહિલાઓ એ દરેક ક્ષેત્રમાં સફળતા ચોક્કસ પ્રાપ્ત કરી છે, પરંતુ સામાજિક સ્તરે પોતાનું સ્થાન પુરુષ સમાન લઈ જવામાં હજી એ સક્ષમ બની નથી. છેલ્લાં એક કે બે દાયકાની વાત કરીએ તો સમાજનો લગભગ દરેક વર્ગ હવે સ્ત્રી શિક્ષણમાં માનનારો થઈ ગયો છે, અને પોતાની દીકરીને નિશાળે મોકલવા સુધીની જાગૃતિ તેનામાં આવી ગઈ છે. પહેરવેશની દ્રષ્ટિએ પણ પુરુષે સ્ત્રીઓના પહેરવેશ અમુક કક્ષાએ સ્વીકારી લીધા છે, અને લગભગ બધા ઘરોમાં અમુક છૂટ મળી ગઈ છે.

ભારતીય સમાજની બીજી એક માનસિકતા એવી છે કે એને મૂર્તિ સ્વરૂપે શક્તિની પૂજા કરવી છે, અર્ચના કરવી છે, માન આપવું છે, બધું જ કરવું છે. પરંતુ જીવંત શક્તિને સદાય અવગણી ને, તેને પોતાનું પ્રાધાન્ય સ્થાપવું છે. અહંકાર કે આગ્રહ વશ આ બધું સદીઓથી ચાલતું આવે છે,પણ ક્યાં સુધી!!!

સાંપ્રત સમયમાં પણ પરિવાર માથે સંકટ તોળાય તો ઘરની મહિલાઓ પોતાના દર દાગીના કે અંગત રુપિયા આપી દેતા પણ અચકાતી નથી,એ વાત સૌ કોઈ અનુભવ સાથે જાણે છે. તો મોટેભાગે સમર્પણમાં કમી ન હોવા છતાં, આ રીતનો વ્યવહાર શું કામ ? એ પ્રશ્ન તો થાય જ. અમુક સમાજમાં તો પતિની ખરાબ આદતોને પણ સ્ત્રીઓએ સ્વીકારી અને ઘર-પરિવાર ચલાવવા માટે મજૂરી કરી હોય, એવા દાખલાઓ સમાજમાં ઠેર ઠેર જોવા મળે છે.

શક્તિ આરાધનામાં આ બધા સવાલોના જવાબ મેળવવા બધી મહિલા એક થઈ સશક્તિકરણ માટે આગળ આવે, ઘર પરિવારથી શરૂ કરી અંદરોદર એક બોન્ડ બનાવે કે જેને કોઈ કાપી ન શકે. દિકરી ઓને માત્ર શિક્ષણ નહીં, પરંતુ આત્મ નિર્ભર બનાવે, ડિફેન્સની પણ તાલીમ આપે, જેથી કરીને સમાજ સરકાર કે કોઈ પાસે ન્યાય માંગવાની જરૂર જ ન રહે, જેની સાથે કંઈ અજુગતું થશે એવું લાગે તેણે તરત જ એને બોધ પાઠ આપવો. પરંતુ દરેકે મર્યાદાના સંસ્કાર ચુકાય નહીં, તેનું પુરેપુરું ધ્યાન રાખવું, એટલે કે જરૂર પડે જ દુર્ગા બનવું, બાકી મા અન્નપૂર્ણા બની સદા પરિવારનું પોષણ પણ કરવું.

કેબીસીની વાતથી શરૂઆત કરી અને પૂર્ણ પણ એનાથી જ કરીએ, માધાપરના પ્રવિણભાઈ એ જણાવ્યું કે, ૧૯૭૧ ની સાલમાં પાકિસ્તાન સાથે યુદ્ધ ચાલુ હતું, અને એરફોર્સના વિમાનને ઉડવા માટેનો રન વે તૂટી ગયો, ત્યારે ત્યાંની મહિલાઓ એ રન વે બનાવ્યો હતો, અને એ વીરાંગના આપણાં જ સમાજની હતી, કે જેણે ભારત માતા માટે પોતાના જીવની પણ પરવાહ કરી નહોતી. આપણે સૌ આશા રાખીએ કે એકવીસમી સદી સ્ત્રી રૂપી શક્તિ માટેનો સુંદર સમયે લાવે, અને જ્યાં એ આજ સુધીની એની તમામ લાગણી અન્ય માટે જેમ મુક્ત રીતે વહાવે છે, એ જ રીતે એને પણ લાગણી પ્રેમ ને હુંફની જરૂર છે,એ મેળવી ખૂબ ખુશી ખુશી જીવન જીવે, એવું એક સુંદર સ્વપ્ન જોઈએ,અને સમાજ હવે માત્ર મૂર્તિ રૂપે શક્તિ નહીં પણ પ્રકૃતિ, સંસ્કૃતિ, અને સ્ત્રી રૂપી શક્તિની આરાધના કરીને સમાજને સ્વસ્થ બનાવે, તો આપણી શક્તિ આરાધના સંપન્ન થઈ કહેવાશે.બસ આવું આપણે સૌ ભેગા મળીને કરી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**ભગવાન વિના મારું કોઈ નથી, દરેક મહાન પુરુષ ઉપર દુ:ખો આવ્યાં છે**

# ભાગવતમાં નવમા સ્કંધ સુધી સાધન ભક્તિનું વર્ણન છે દસમા સ્કંધમાં સાધ્ય ભક્તિનું વર્ણન છે સાધ્ય ભક્તિ પ્રભુને બાંધેછે પુષ્ટિ ભક્તિ ભગવાનને બાંધશે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**પરમાત્મા સારથિ ત્યારે જ થાય કે ધર્મને મોટો માને. આજે તો લોકો ધર્મને મોટો માનતા નથી. ધનને મોટું માને છે, પણ માનવ જીવનમાં ધન મુખ્ય નથી, ધર્મ મુખ્ય છે. ધન ધર્મની મર્યાદામાં રહીને મેળવવું જોઇએ. તમારે કોઈ કાર્ય કરવું હોય તો પહેલા ધર્મને પૂછજો.**

આજે મહા સુદ નુમ ભગવદ્‌ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરીએ તો આ જીવ સર્વ પ્રકારે સુખી થાય એ યોગ્ય નથી.એકાદ દુ:ખ તો મનુષ્યના હૃદયમાં હોવું જ જોઈએ.કારણ કે દુ:ખમાં જ ખાતરી થાય છે કે, ભગવાન વિના મારું કોઈ નથી. દરેક મહાન પુરુષ ઉપર દુ:ખો આવ્યાં છે. પરમાત્માએ વિચાર્યું કે, પાંડવોને પૃથ્વીનું રાજ્ય મળ્યું છે,સંતતિ છે અને સંપત્તિ પણ પુષ્કળ છે. પાંડવોને આ સુખમાં કદાચ અભિ માન થશે તો તેમનું પતન થશે. આવા શુભ હેતુ માટે ઠાકોર જી કોઈ વખત નિષ્ઠુર બની જાય છે. સુખમાં પાંડવો સાનભાન ન ભૂલે તેથી આ દુ:ખ પ્રભુએ આપ્યું. ભગવાન જીવને ગુપ્ત રીતે દુ:ખમાં મદદ કરે છે. તમે પણ પ્રભુ પાસે એકાદ દુ:ખ તો માગજો. તે પછી અશ્વત્થામા અને અર્જુનનું યુદ્ધ થાય છે.અર્જુને અશ્વત્થામાને મારવાની પ્રતિજ્ઞા કરેલી છે, પણ મારવાની હિંમત નથી, ગુરુપુત્ર ગુરુનું સ્વરૂપ છે. અશ્વત્થામાને બાંધી અર્જુન તેને ખેંચીને દ્રૌપદી પાસે લાવ્યો. દ્રૌપદી આંગણામાં બેઠેલાં છે. પુત્રશોકથી રડે છે. અશ્વત્થામાની આ સ્થિતિ જોઈ દ્રૌપદી દોડયાં આવે છે,ને અશ્વ ત્થામાને વંદન કરે છે. કહે છે, મારા આંગણે બ્રાહ્મણનું અપમાન ન કરો. પોતાના પાંચે બાળકોને મારનારને દ્રૌપદી વંદન કરે છે.

આ સાધારણ વેરી નથી.પાંચ બાળકોને મારનારો વેરી આંગણે આવ્યો છે,છતાં તેને બ્રાહ્મણ માની દ્રૌપદી પ્રણામ કરે છે. તમારો વેરી તમારે આંગણેઆવ્યો હોય તો તમે જય શ્રીકૃષ્ણકહેશો? વેરની શાંતિ નિર્વેરથી થાય છે, પ્રેમથી થાય છે, વંદનથી થાય છે.

વૈષ્ણવ એ કે જે વેરનો બદલો પ્રેમથી આપે છે. જય શ્રીકૃષ્ણ કહેવાનો એ અર્થ છે કે, મને જે દેખાય તે શ્રીકૃષ્ણમય છે.

અશ્વત્થામા વિચારે છે, ખરેખર દ્રૌપદી વંદનીય છે.હું વંદનીય નથી અશ્વત્થામા કહે છે,દ્રૌપદી,લોકો જે તારાં વખાણ કરે છે તે ઓછાં છે.તું વેરનો બદલો પ્રેમથી આપેછે ધન્ય છે તને!જેનો સ્વભાવ અતિ સુંદર તે ભગવાનને વહાલો લાગે છે.શરીર જેનું સુંદર છે તે ઠાકોર જીને સર્વદા ગમતો નથી પણ જેનો સ્વભાવ સુંદર છે તે ઠાકોરજીને સર્વદા ગમે છે. સ્વભાવ સુંદર ક્યારે બને? અપકારનો બદલો ઉપકારથી આપે ત્યારે દ્રૌપદી બોલી ઊઠે છે, તેને છોડી દો. મારશો નહીં.આ ગુરુપુત્ર છે. જ વિદ્યા દ્રાણાચાર્યે પોતાના પુત્રને ન આપી તે તમને આપી.ગુરુનું ઋણ કદી ભૂલશો નહીં. બ્રાહ્મણ પરમાત્માનું સ્વરૂપ છે. ગાય લૂલી, લંગડી, વાંઝણી હોય તો પણ ગાયના શુકન મનાયા છે.ભેંસના શુકન માનવામાં આવતા નથી. ગાય અને બ્રાહ્મણ વંદનીય છે. દ્રૌપદી એ દયાનું સ્વરૂપ છે. દયા સાથે જીવ ન પરણે, ત્યાં સુધી શ્રીકૃષ્ણ તેના સારથિ બનતા નથી. અર્જુન જીવાત્મા ગુડાકેશ અને શ્રીકૃષ્ણ હૃષીકેશ છે. એ જોડી આ શરીર રથમાં બેઠી છે. ઈન્દ્રિયોરૂપી ઘોડાઓનો રથ પ્રભુને સોંપશો તો કલ્યાણ થશે. ઈન્દ્રિયોના સ્વામી શ્રીકૃષ્ણ છે. યુધિષ્ઠિર એ ધર્મ છે.ભીમએ બળ છે. સહદેવ-નકુલ બુદ્ધિ અને જ્ઞાન છે. આ ચાર ગુણવાળો જીવ અર્જુન છે.આ ગુણો ક્યારે શોભે? જ્યારે દ્રૌપદી-દયાતેનીપત્નીબનેછે.ત્યારેજીવદયા દ્રૌપદીસાથે લગ્ન કરે છે.ત્યારે દ્રૌપદી ક્યારે મળે?ધર્મને મોટો માને ત્યારે. પરમાત્મા સારથિ ત્યારે જ થાય કે ધર્મને મોટો માને. આજે તો લોકો ધર્મને મોટો માનતા નથી. ધનને મોટું માને છે, પણ માનવ જીવનમાં ધન મુખ્ય નથી, ધર્મ મુખ્ય છે. ધન ધર્મની મર્યાદામાં રહીને મેળવવું જોઇએ. તમારે કોઈ કાર્ય કરવું હોય તો પહેલા ધર્મને પૂછજો. આ કાર્ય કરવાથી પાપ તો નહીં લાગે ને? તમે અર્જુન જેવું પવિત્ર જીવન ગાળશો તો, ભગવાન તમારા સારથિ થશે. પૈસા માટે ધર્મનો ત્યાગ કરે તે ઈશ્વરને ગમતો નથી,પણ ધર્મ માટે પૈસાનો ત્યાગ કરે તે પ્રભુને ગમે છે.

દ્રૌપદીએ અશ્વત્થામાને બચાવ્યો. તેણે અર્જુનને કહ્યું, અશ્વત્થામાને મારશો તો તેની મા ગૌતમીને અતિ દુ:ખ થશે.હું હજુ સધવા છું, અશ્વત્થામાની મા વિધવા છે.તે પતિના મર્યા પછી પુત્રના આશ્વાસને જીવે છે. કોઈના આશીર્વાદ ન લો તો કાંઈ નહીં પણ કોઈનો નિ:સાસો લેશો નહીં. કોઈ નિ:સાસો આપે તેવું કૃત્ય કરતા નહીં.જગતમાં બીજાને રડાવશો નહીં,જાતે રડજો. રડવાથી પાપ બળે છે.રડવાથી એક દિવસ પરમાત્મા કૃપા કરે છે. ત્યારે ભીમ અર્જુનને કહે છે,આ બાલહત્યારા ઉપર દયા હોતી હશે? અર્જુન વિચારમાં પડ્યા. છેલ્લે શ્રીકૃષ્ણે આજ્ઞા કરી, દ્રૌપદી કહે છે તે બરાબર છે. દ્રૌપદીના દિલમાં દયા છે.ભીમસેને કહ્યું કે, આતતાયીને મારવામાં પાપ નથી. તેને શ્રીકૃષ્ણ જવાબ આપે છે, બ્રાહ્મણનું અપમાન એ મરણ બરાબર છે. માટે અશ્વત્થામાને મારવાની જરૂર નથી.તેનું અપમાન કરી કાઢી મૂકો.

અશ્વત્થામાનું મસ્તક કાપ્યું નહીં. તેના માથામાં જન્મસિદ્ધ મણિ હતો તે કાઢી લીધો. અશ્વત્થામા તેજહીન બન્યો. હવે મરવામાં શું બાકી રહ્યું? અપમાન મરણ કરતાં પણ વિશેષ છે.

અશ્વત્થામાએ વિચાર કર્યો કે, આના કરતાં મને મારી નાખ્યો હોત તો સારું થાત!આ અપમાન નો બદલો હું લઈશ. ઉત્તરાના પેટમાં ગર્ભ છે તે પાંડવો નો ઉત્તરાધિકારી છે.તે ગર્ભનો નાશ થાય તો પાંડવોના વંશનો નાશ થાય,એમ વિચારી ગર્ભ ઉપર તેણે બ્રહ્માસ્ત્ર છોડ્યું.ઉત્તરા વ્યાકુળ થાય છે, હરિસ્મરણ કરે અને હરિઆશ્રય લે તો ભગવાન માર્ગ બતાવે છે.બ્રહ્માસ્ત્ર ઉત્તરાના શરીરને બાળવા લાગ્યું.ઉત્તરા દોડતાં દોડતાં શ્રીકૃષ્ણ પાસે આવ્યા.શ્રીકૃષ્ણ ઉત્તરાના ગર્ભમાં પરીક્ષિતનું રક્ષણ કરે છે. જીવમાત્ર પરીક્ષિત છે. સર્વનું ગર્ભમાં કોણ રક્ષણ કરે છે? જીવ માત્રનું રક્ષણ ગર્ભમાં ઈશ્વર કરે છે.બહાર આવ્યા પછી પણ જીવનું રક્ષણ ભગવાન કરે છે.ગર્ભમાં તો જીવાત્મા હાથ જોડીને પરમાત્મા ને સતત નમન કરે છે પણ બહાર આવ્યા પછી બે હાથ છૂટા થતાં તેનું નમન છૂટી જાય છે પ્રભુને તે ભૂલી જાય છે. ગર્ભાવસ્થામાં જીવનું રક્ષણ પરમાત્મા કરે છે,તે બાલ્યાવસ્થા માં પણ જીવનું પરમાત્મા જ રક્ષણ કરે છે. પણ જવાનીમાં માનવી ભાન ભૂલે છે. અક્કડાઈમાં ચાલે છે અને કહે છે કે હું ધર્મમાં માનતો નથી, ઈશ્વરમાં માનતો નથી.

દ્રૌપદીએ ઉત્તરાને સારી શિખામણ આપેલી કે જીવનમાં દુ:ખનો પ્રસંગ આવે ત્યારે શ્રી કૃષ્ણને શરણે જજે તે તને જરૂર મદદ કરશે.તારા દુ:ખ ની કથા દ્વારિકાનાથ સિવાયકોઈને કહેતી નહીં.તેથી ઉત્તરા રક્ષણ માટે પાંડવો પાસે ગયા નથી પણ પરમાત્મા પાસે ગયા છે.

ભગવાન કોઈના ગર્ભમાં જતા નથી પરમાત્માની લીલા અપ્રાકૃત છે. દેવકીના પેટમાં ભગવાન ગયા નથી. દેવકીને ભ્રાંતિ કરાવી છે કે, મારા પેટમાં ભગવાન છે. પરંતુ આજે એવી જરૂર પડી હતી. આજે ભક્તનું રક્ષણ કરવું હતું એટલે પરમાત્માએ ગર્ભમાં જઈ રક્ષણ કર્યું. પરમ આશ્ચર્ય છે.

શ્રીકૃષ્ણે સુદર્શનચક્રથી બ્રહ્માસ્ત્રનું નિવારણ કર્યું, પરીક્ષિતનું રક્ષણ કર્યું. માતાના પેટમાં જ પરીક્ષિતને પરમાત્માનાં દર્શન થયા છે, તેથી પરીક્ષિત ઉત્તમ શ્રોતા છે. હવે દ્વારિકાનાથ દ્વારિકા જવા તૈયાર થાય છે.કુંતાએ મર્યાદા અને સાધનભક્તિ છે.યશોદાએ પુષ્ટિ ભક્તિ છે.યશોદાનો બધો વ્યવહાર ભક્તિ રૂપ હતો. પ્રેમલક્ષણા ભક્તિમાં વ્યવહાર અને ભક્તિનો ભેદ રહેતો નથી.વૈષ્ણવની દરેક ક્રિયા ભક્તિ બની જાય છે.

મર્યાદા ભક્તિ પહેલાં આવે છે, તે પછી પુષ્ટિભક્તિ.મર્યાદા શક્તિ એ સાધન છે તેથી આરંભમાં આવે છે પુષ્ટિભક્તિ એ સાધ્ય છે એટલે અંતમાં આવે છે. ભાગવતમાં નવમા સ્કંધ સુધી સાધન ભક્તિનું વર્ણન છે. દસમા સ્કંધમાં સાધ્ય ભક્તિનું વર્ણન છે. સાધ્ય ભક્તિ પ્રભુને બાંધે છે. પુષ્ટિ ભક્તિ ભગવાનને બાંધશે. તેથી કથા ભાગવતમાં છેવટે આવે છે. દરેક વ્યવહારને ભક્તિરૂપ બનાવે તે પુષ્ટિ ભક્તિ છે. અને છેલ્લે આજે જોઈએ રાજા ભોજ ના દરબારમાં એક વિદ્વાન આવ્યો તે ઘણી ભાષાઓ અસ્ખલિત રીતે બોલતો હતો. રાજાભોજ જાણવા માંગતા હતા કે તેની માતૃભાષા કઈ છે? પણ ખચકાટને કારણે તે પૂછી શક્યા નહીં.

વિદ્વાનજી ગયા પછી, રાજાએ તેમના દરબારીઓને શંકા વ્યક્ત કરી અને પૂછ્યું, "શું તમારામાંથી કોઈ મને કહી શકે છેકે વિદ્વાનજી ની માતૃભાષા કઈ છે?" હાસ્ય કલાકારે કહ્યું, "આજે નહીં તો કાલે મને ખબર પડશે કે તેમની માતૃભાષા શું છે?" બીજા દિવસે વિદ્વાનજી નિયત સમયે આવ્યા અને જ્યારે દરબારી બેઠક પૂરી થઈ અને તેઓ જઈ રહ્યા હતા,ત્યારે હાસ્ય કલાકારે તેમને સીડી પર ધક્કો માર્યો,જેના કારણે તેઓ પડી ગયા અને તેમને થોડી ઈજા થઈ. તે હાસ્ય કલાકારના અસભ્ય વર્તનથી ખૂબ ગુસ્સે થયો અને તેને ખૂબજ ગાળો આપવા લાગ્યો જે ભાષામાં તેઓ અપશબ્દો બોલી રહ્યા હતા તે તેમની માતૃ ભાષા માનવામાં આવતી હતી.

રાજાએ બહારથી હાસ્ય કલાકાર પ્રત્યે ગુસ્સો વ્યક્ત કર્યો પણ હૃદયમાં બધાએ તેની શાણપણની પ્રશંસા કરી.

વિદ્વાન ગયા પછી,હાસ્ય કલાકારે કહ્યું,"પોપટ ફક્ત ત્યાં સુધી રામ- રામ કહે છે જ્યાં સુધી તેના પર કોઈ મુશ્કેલી ન આવે.પરંતુ જ્યારે બિલાડી તેની સામે આવે છે, ત્યારે તે ફક્ત દસ-દસ જ કહે છે. તેવી જ રીતે, ગુસ્સામાં, માણસ સાચી ભાષા બોલવાનું શરૂ કરે છે. રાજવી પૂજારીએ કહ્યું, "વ્યક્તિનું સાચું વ્યક્તિત્વ ત્યારે પ્રગટ થાય છે જ્યારે પ્રતિકૂળતા આવે છે. સામાન્ય સમયમાં લોકો માસ્ક પાછળ છુપાયેલા રહે છે, પરંતુ મુશ્કેલીના સમયમાં તેઓ ખરેખર જેવા છે તેવા જ વર્તે છે." બોધ પાઠ :-જે વ્યક્તિ તક આવે કે પ્રતિકૂળતામાં પણ સ્વાર્થ માટે ખોટો રસ્તો અપનાવતો નથી, તે પ્રામાણિક અને સાચા ચારિત્ર્યનો વ્યક્તિ છે.

હંમેશા ખુશ રહો-તમારી પાસે જે કંઈ છે તે પૂરતું છે. જેનું મન ખુશ છે તેની પાસે બધું જ છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે ગુરુવાર વરાણા સહિત ખોડીયાર માતાજી ના મંદિરે મેળો અંતિમ ચરણમાં પહોચ્યો છે.પૂનમ સુધી મહાકુંભ ની જેમ ભક્તિની ભીડ જોવા મળશે. શ્રદ્ધા ભક્તિની જયોત સદા સર્વદા પ્રજ્વલિત રહે.. અસ્તુ.

### મુકેશ કુમાર સિંઘ દ્વારા આ ફિલ્મ ડિરેક્ટ કરવામાં આવી છે

# ‘કન્નપ્પા’ને અલૌકિક શક્તિ આપશે રુદ્ર અવતાર

વિષ્ણુ માંચુની ‘કન્નપ્પા’ની લાંબા સમયથી રાહ જોવાઈ રહી છે, તેના પાત્રોના એક પછી એક લૂક જાહેર થઈ રહ્યા છે. ભગવાન શિવના પરમ ભક્ત મનાતા ‘કન્નપ્પા’ના જીવન પર બની રહેલી મસમોટા બજેટની ફિલ્મ ૨૫ એપ્રિલે થિએટરમાં રિલીઝ થઈ રહી છે. આ એક પૌરાણિક ફિલ્મ છે, ‘કન્નપ્પા’નો મોટા ભાગનો હિસ્સો ન્યુઝીલેન્ડમાં શૂટ થયો છે, જેના દૃશ્યો મોટા પડદે જોવામાં ખાસ મજા આવશે જેના પોસ્ટર્સ ફિલ્મની ટીમ દ્વારા એક પછી એક સોશિયલ મીડિયા પર રિલીઝ થઈ રહ્યા છે, સાથે ફિલ્મ માટેની આતુરતા પણ વધવા માંડી છે. આ ફિલ્મમાં પ્રભાસ રુદ્રનું પાત્ર ભજવશે, તેનું પોસ્ટર સોમવારે લોંચ થયું છે. આ પોસ્ટર સોશિયલ મીડિયા પર ફિલ્મની ટીમ દ્વારા શેર કરવામાં આવ્યું હતું. જેમાં લખ્યું છે, “એ તોફાન લઈને આવશે! તે ભૂત અને ભવિષ્યના જાણકાર છે. તે ભગવાન શિવના આદેશને આધીન છે.” આ વાત પરથી ખ્યાલ આવે છે, કે પ્રભાસનું પાત્ર આ ફિલ્મમાં કેટલું મહત્વનું અને શક્તિશાળી છે. આ પોસ્ટર શેર કરતા એક્સ પર કૅપ્શનમાં લખાયું હતું, ‘કન્નપ્પા’નો મોટા ભાગનો હિસ્સો ન્યુઝીલેન્ડમાં શૂટ થયો છે, જેના દૃશ્યો મોટા પડદે જોવામાં ખાસ મજા આવશે, “ શક્તિશાળી રુદ્ર - એક એવો બળવાખોર રુદ્ર, જે કન્નપ્પામાં અલૌકિક તાકાત, સમજણ અને સુરક્ષાનો સ્ત્રોત છે. ભક્તિ, બલિદાન અને અતૂટ પ્રેમની અતુલ્ય સફર પર આવવા તૈયાર થઈ જાઓ. આ મહાન દંતકથા આ એપ્રિલમાં મોટા પડદે જોઈ શકશો.”મુકેશ કુમાર સિંઘ દ્વારા આ ફિલ્મ ડિરેક્ટ કરવામાં આવી છે, જેમાં વિષ્ણુ માંચુ, મોહન બાબુ, મોહનલાલ, પ્રિટી મુકુંદન, અક્ષય કુમાર, સરત કુમાર અને કાજલ અગ્રવાલ જેવી લોકપ્રિય સ્ટાર કાસ્ટ પણ છે. ‘કન્નપ્પા’નો મોટા ભાગનો હિસ્સો ન્યુઝીલેન્ડમાં શૂટ થયો છે, જેના દૃશ્યો મોટા પડદે જોવામાં ખાસ મજા આવશે. મહત્વની વાત એ છે કે આ ફિલ્મ યૂએસના સિનેમેટોગ્રાફર શેલ્ડન ચૌ અને સિદ્ધાર્થ દ્વારા શૂટ કરવામાં આવી છે. જ્યારે સ્ટીફન ડેવાસી દ્વારા તેનું મ્યુઝીક આપવામાં આવ્યું છે તેમજ પ્રભુ દેવાએ તેની કોરિયોગ્રાફી કરી છે.




દેવા ફિલ્મનો રિવ્યુ ખાસ સારો નથી | બોક્સ ઓફિસ પર પહેલા બીજા દિવસે સારું કલેક્શન

# ફિલ્મની સારા ઓપનિંગ છતાં ફિલ્મ દેવા અને સ્કાય ફોર્સ લાંબુ ટકી શકશે નહીં

બોક્સ ઓફિસ પર પહેલા બીજા દિવસે સારું કલેક્શન મેળવ્યા બાદ ઘણી ફિલ્મો બીજા વીક એન્ડ સુધી પહોંચી શકતી નથી. જાન્યુઆરી મહિનામાં એક પણ ફિલ્મ એવી આવી નથી જે બૉક્સ ઓફિસ પર સારો દેખાવ કરી શકી હોય. અક્ષય કુમારની સ્કાય ફોર્સને ૨૬મી જાન્યુઆરી અને થિયેટરોમાં બીજી સારી ફિલ્મો ન હોવાનો લાભ મળ્યો હોવાથી તેણે બે વીક સક્સેસફુલી કાઢ્યા છે પરંતુ સોમવારે તેનું કલેક્શન પણ નીચે ગયું છે. એક મીડિયા અહેવાલ અનુસાર દેવાએ પહેલા દિવસે રૂ. ૫.૫ કરોડની ઓપનિંગ સાથે સારી શરૂઆત કરી હતી. ફિલ્મનો રિવ્યુ ખાસ સારો નથી, બોક્સ ઓફિસ પર પહેલા બીજા દિવસે સારું કલેક્શન મેળવ્યા બાદ ઘણી ફિલ્મો બીજા વીક એન્ડ સુધી પહોંચી શકતી નથીપરંતુ શાહિદ કપૂરના દમદાર પ ર્ફોમન્સને કારણે ફિલ્મ દર્શકો ખેંચી લાવી હતી. બીજા અને ત્રીજા દિવસે એટલે કે શનિ અને રવિવારે ફિલ્મે ૬.૪ કરોડ અને ૭.૨૫ કરોડનું કલેક્શન કર્યું છે. સોમવારે ફિલ્મ ઠંડી પડી અને માત્ર ૨.૫૦ કરોડ કલેક્ટ કરી શકી છે. દેવા ફિલ્મનો રિવ્યુ ખાસ સારો નથી સોમવારે વર્કિંગ ડે હોવાનું કારણ જવાબદાર હોઈ શકે, પરંતુ પુષ્પા-૨ જેવી ફિલ્મોને વીક ડેઝ નડતા નથી. મહિલાઓ સહિતનો મોટો વર્ગ વર્કિંગ ડેમાં ફિલ્મો જોવાનું પસંદ કરે છે. બોક્સ ઓફિસ પર પહેલા બીજા દિવસે સારું કલેક્શન મેળવ્યા બાદ ઘણી ફિલ્મો બીજા વીક એન્ડ સુધી પહોંચી શકતી નથી સોમવાર સહિતના કલેક્શનની વાત કરીએ તો ફિલ્મએ માત્ર રૂ. ૨૧.૬૫ કરોડ સુધી પહોંચી છે.જોકે બીજી બાજુ સ્કાય ફોર્સ પણ ઉડવાને બદલે નીચે આવી ગઈ છે. સોમવારે અક્ષયની વૉર ફિલ્મનું કલેક્શન દેવા કરતા પણ ઓછું રૂ. ૧.૩૫ કરોડ સુધી પહોંચી ગયું હતું.







### બર્લિન ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ માટે

# રિયા શુક્લાની શોર્ટ ફિલ્મ ‘રૂઝ’ની પસંદગી થઈ

**રિયા શુક્લા દ્વારા દિગ્દર્શિત આ ટૂંકી ફિલ્મ ૧૩થી ૨૩ ફેબ્રુઆરી દરમિયાન બર્લિનમાં આયોજિત થનારા ફેસ્ટિવલમાં ભાગ લેનારી ૧૫ ફિલ્મોમાંની એક છે**



ફિલ્મમેકર રિયા શુક્લાની શોર્ટ ફિલ્મ ‘રૂઝ’ ૭૫ માં બર્લિન ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ માટે પસંદ કરવામાં આવી છે. જનરેશન KPlus સેગમેન્ટમાં આ ફિલ્મનું વર્લ્ડ પ્રીમિયર થવા જઈ રહ્યું છે. રિયા શુક્લા દ્વારા દિગ્દર્શિત આ ટૂંકી ફિલ્મ ૧૩થી ૨૩ ફેબ્રુઆરી દરમિયાન બર્લિનમાં આયોજિત થનારા ફેસ્ટિવલમાં ભાગ લેનારી ૧૫ ફિલ્મોમાંની એક છે. ૨૯ વર્ષીય ફિલ્મ નિર્માતા રિયા શુક્લાએ કહ્યું હતું કે ‘રૂઝ’ની સફર અદ્ભુત રહી. હું આભારી છું કે મને યોગ્ય લોકો મળ્યા જેઓ યુવાન અને નીડર હતા અને ઘણી રીતે દ્રશ્યોની જવાબદારી સંભાળી. તે ચોમાસાની બપોરે સેલ્યુલોઈડ પર ખૂબ સુંદર લાગે છે. ‘રૂઝ’ની વાર્તા વિશે વાત કરીએ તો આ ત્રણ કિશોરીઓની વાર્તા છે, જેઓ વરસાદી બપોરે ડાન્સની પ્રેક્ટિસ કરે છે. બર્લિન ફિલ્મ ફેસ્ટિવલમાં જનરેશન KPlus વિભાગ જેને ‘બર્લિનાલે’ તરીકે પણ ઓળખવામાં આવે છે,તે એક સ્પર્ધાત્મક ઈવેન્ટ છે જેમાં ‘બાળકો અને કિશોરોની દુનિયાના વિવિધ પાસાઓમાં ડોકિયું કરતી આંતરરાષ્ટ્રીય મૂવીઝ બતાવવામાં આવે છે. બર્લિન ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એ વિશ્વના ત્રણ સૌથી મોટા ઉત્સવોમાંનો એક છે. જો રિયા આ જીતશે તો ૭૫ વર્ષમાં આ ટાઈટલ જીતનારી તે ત્રીજી ભારતીય હશે.રિયા શુક્લાએ આ પહેલા ફિલ્મ ‘મધુ’માં ક્રિએટિવ પ્રોડ્યુસર તરીકે કામ કર્યું છે. આ ફિલ્મનું પ્રીમિયર ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ રોટરડેમ અને લિંકન સેન્ટર MoMA ખાતે રાખવામાં આવ્યું હતું. આ ફિલ્મે પામ સ્પ્રિંગ્સ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં ‘સ્પેશિયલ મેન્શન જ્યુરી એવોર્ડ’ જીત્યો હતો. નોએ નોર્વેજીયન મ્યુઝિક ગ્રૂપ ઓરા ધ મોલેક્યુલ માટે ‘આઈ વાના બી લાઈક યુ’ મ્યુઝિક વીડિયો પણ ડિરેક્ટ કર્યો છે.

# અભિનેત્રી અંકિતા લોખંડેએ જૂથવાદ સામે અવાજ ઊઠાવ્યો



**લોકોને કોઈ પક્ષપાત નથી હોતો પરંતુ હા એવા લોકો ચોક્કસ હોય છે જેમને પોતાના જ લોકો સાથે આગળ વધવું હોય છે**

અંકિતા લોખંડે ટીવીનો જાણીતો ચહેરો છે, તાજેતરમાં અંકિતા લોખંડે અને તેનાં પતિ વિતી જૈને બિગબોસમાં ભાગ લીધો હો, ત્યારે તો ઘણા ચર્ચા અને વિવાદોમાં રહ્યાં હતાં. અંકિતા કંગના રણૌત સાથે ‘મણિકર્ણિકા’ સહિતની ફિલ્મોમાં કામ પણ કરી ચૂકી છે. એ પછી તેણે રણદીપ હુડા સાથે સ્વાતંર્ત્ય વીર સાવરકરમાં પણ કામ કર્યું હતું. હવે વિકી જૈન પણ ‘ફૌજી’ સાથે ફિલ્મમાં ડેબ્યુ કરશે. તાજેતરમાં આ કપલે એલ્વિશ યાદવના યૂટ્યુબ પોડકાસ્ટમાં ભાગ લીધો હતો, ત્યારે અંકિતાએ ઈન્ડસ્ટ્રીમાં જૂથવાદ અંગે પણ વાત કરી હતી. અંકિતાએ કહ્યું, “લોકોને કોઈ પક્ષપાત નથી હોતો પરંતુ હા એવા લોકો ચોક્કસ હોય છે જેમને પોતાના જ લોકો સાથે આગળ વધવું હોય છે. જૂથવાદ ચોક્કસ છે.”આ વખતે એલ્વિશે કટાક્ષમાં મજાક કરતાં કહ્યું, “કરણ જોહરને આવું ન કહેશો.”ત્યારે અંકિતાએ તરત જ કહ્યું, “બધાં એવા જ છે, માત્ર કરણ નહીં. મને લાગે છે કે દરેકનું પોતાનું એક ગ્રૂપ હોય છે.”આ બાબતે વિકી જૈને પણ કહ્યું કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીનાં લોકોને એવા લોકો સાથે કામ કરવું હોય છે, અંકિતાએ કહ્યું, લોકોને કોઈ પક્ષપાત નથી હોતો પરંતુ હા એવા લોકો ચોક્કસ હોય છે જેમને પોતાના જ લોકો સાથે આગળ વધવું હોય છે જેમને તેઓ પહેલાંથી જ ઓળખતા હોય, તેથી તેઓ બહારના કોઈ વ્યક્તિને તક આપ વામાં માનતા નથી. અંકિતા હાલ વૅબ સિરીઝ ‘આમ્રપાલી’ની તૈયારી કરી રહી છે, જેમાં તે પૌરાણિક વૈશાલીની એક રાજનર્તકીનો રોલ કરશે. આ સિરીઝ સંદીપ સિંઘ ડિરેક્ટ કરશે. હાલ તે લાફ્ટર શેફની બીજી સીઝન માટે પણ કામ કરી રહી છે.



શેફાલી શાહને આપશે ટક્કર

# હુમા કુરેશી દિલ્હી ક્રાઇમ્સની ત્રીજી સીઝનમાં ક્રૂર વિલન બની





**દિલ્હી ક્રાઇમ એક ખુબ લોકપ્રિય ક્રાઇમ ડ્રામા સિરીઝ છે, જેને ઇન્ટરનેશનલ એમી એવોર્ડ પણ મળ્યો છે**

દિલ્હી ક્રાઈમ એક ખુબ લોકપ્રિય ક્રાઈમ ડ્રામા સિરીઝ છે, જેને ઈન્ટરનેશનલ એમી એવોર્ડ પણ મળ્યો છે. ત્યારે હવે આ સિરીઝની ત્રીજી સીઝનની રાહ જોવાઈ રહી છે. ત્યારે હવે શેફાલી શાહની સાથે આ સિરીઝમાં હવે હુમા કુરેશી પણ જોડાઈ છે. મહત્વની વાત એ છે કે હુમા આ સિરીઝમાં ક્રૂર વિલનના રોલમાં જોવા મળશે.સોમવારે આ સીઝનનો ફર્સ્ટ લૂક જાહેર કરવામાં આવ્યો, જેમાં આ વખતનો કેસ પહેલાં કરતાં પણ અઘરો કેસ ગણાવાય છે. તેમજ હુમા કુરેશી તેમાં પહેલાં ક્યારેય ન જોઈ હોય એવા અવતારમાં જોવા મળશે. ૫૮ સેકન્ડની આ ક્લિપમાં વર્તિકા ચતુર્વેદી આસામમાં તપાસ માટે પહોંચેલી દેખાય છે, જ્યાં એક ટ્રક ખોલતાં તેમાંથી યુવાન છોકરીઓ બહાર આવતી દેખાય છે. તાજેતરના અહેવાલો મુજબ હાલ આ સિરીઝનું પોસ્ટ પ્રોડક્શનનું કામ ચાલુ છે, જેમાં હુમા કુરેશી અત્યાર સુધીની સૌથી ક્રૂર વિલનના રોલમાં જોવા મળશે. શેફાલી શાહ એટલે કે ડીસીપી વર્તિકા ચતુર્વેદીને હુમાનો સામનો કરવો પડશે. થોડાં વખત પહેલાં હુમા કુરેશીએ કહ્યું પણ હતું, “આ આંતરરાષ્ટ્રિય સ્તરે એવોર્ડ મેળવી ચુકેલા શોમાં વિલનના રોલ માટે મેકર્સે મારો સંપર્ક કર્યો એનો મને ઘણો આનંદ અને ગૌરવ છે.” હુમા અને શેફાલી શાહ ઉપરાંત આ સિરીઝમાં રસિકા દુગ્ગલ, રાજેશ તિલાંગ સહિતના કલાકારો ફરી તેમના જાણીતા પાત્રોમાં જોવા મળશે. આ સિરીઝની ત્રીજી સીઝન તનુજ ચોપરાએ ડિરેક્ટ કરી છે, જેમાં દિલ્હીની એક ઘાતકી ઘટનાની તપાસ કરવામાં આવશે. જ્યારે આ સિરીઝની પહેલી સીઝનમાં ૨૦૧૨ની દિલ્હી ગેંગરેપની ઘટના પર આધારિત સ્ટોરી હતી. જ્યારે બીજી સીઝનમાં કચ્ચા બનિયા ગેંગની વાત હતી. હવે ત્રીજી સીઝનમાં આ વખતે હ્યુમન ટ્રાફિકિંગની વાત હોવાનું જણાય છે. આ સિરીઝની ત્રીજી સીઝન ૨૦૨૫માં જ નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થશે. શનિવારે શેફાલી શાહે આ અંગે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ લખી હતી.



**મહિલાને લાફો મારવા કે નાભિમાં ચૂંટીયો ખણવા જેવા રોલને હું ના પાડી દઉં છું**

# મેં એ બધાં રોલને હા પાડી હોત તો આજે હું મોટો સ્ટાર હોત !: સિદ્ધાર્થ

સિદ્ધાર્થને દર્શકોએ ‘રંગ દે બસંતી’ કે પછી ‘સ્ટ્રાઈકર’ જેવી ફિલ્મમોમાં જોયો છે અને તેના અભિનયના વખાણ પણ થયા હતા, જોકે, તે પછી હિન્દી ફિલ્મોમાં ઓછો અને સાઉથની ફિલ્મોમાં થોડો વધુ દેખાયો. તાજેતરમાં સિદ્ધાર્થ ‘ઇન્ડિયન ૨’માં જોવા મળ્યો હતો. તેનું આવું કરવા પાછળ તેની ફિલ્મોને નકારી દેવાની ટેવ જવાબદાર છે. આ અંગે તાજેતરમાં તેણે હૈદરાબાદ લિટરરી ફેસ્ટિવલમાં વાત કરી હતી. તેની સાથે સિદ્ધાર્થની પત્ની અદિતિ રાવ હૈદરી અને જાણીતાં ગાયિકા વિદ્યા રાવે ચર્ચા કરી હતી. સિદ્ધાર્થે કહ્યું હતું કે તે બહુ ધ્યાનપૂર્વક ફિલ્મોની પસંદગી કરે છે અને કેટલાંક રોલ ઈરાદાપૂર્વક નકારી દે છે. સિદ્ધાર્થે કહ્યું, “મને એવી સ્ક્રિપ્ટ મળતી હતી, જેમાં હું કોઈ મહિલાને લાફો મારતો હોય, આઈટમ સોંગ ગાતો હોય, કોઈની નાભિ પર ચૂંટલીઓ ખણતો હોય, મહિલાને કહેતો હોય, તેણે શું કરવું અને શું નહીં, તેણે ક્યાં જવું જોઈએ, વગેરે..આવા રોલને હું સીધી ના જ પાડી દઉં છું. જો હું થોડો વિચિત્ર હોત તો હું આજે મોટો સ્ટાર બની ગયો હોત. મને જે ગમે છે એ જ કામ હું કરું છું.” મહિલાઓ પ્રત્યેના તેના સન્માન, વડિલો સાથે સારા અને બાળકો સાથે કાળજીપૂર્વક રહેવાથી તેની ઓડિયન્સ પર કેટલી હકારાત્મક અસર થઈ છે, તે અંગે સિદ્ધાર્થે કહ્યું કે તેની ૧૫ વર્ષ પહેલાં બનેલી ફિલ્મ આજના દર્શકોને પણ કેટલી યોગ્ય લાગે છે અને યુવા પેઢીને પણ જોવી ગમે છે, તેનાથી તેણે આ વર્ષોમાં લોકો પર ઘણી હકારાત્મક અસર કરી છે.તેના આ વલણ સામેના પડકારો અંગે સિદ્ધાર્થે કહ્યું કે તેને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. તેનાથી તેને જે સંતોષ મળે છે, તેની કોઈ રીતે સરખામણી થઈ શકે તેમ નથી. તેની આસપાસના લોકો જ્યારે “મર્દ કો દર્દ નહીં હોતા” અને “એંગ્રી યંગ મેન” રોલ કરવામાં વ્યસ્ત હતા ત્યારે તેને પડદા પર રડવામાં કોઈ સંકોચ નહોતો અને તે તો પડદાં પર પણ પુરુષ નબળો પડી શકે છે, તે પ્રકારના રોલ કરતો હતો. ૨૦ વર્ષની કેરિઅરમાં સિદ્ધાર્થે એવા રોલ પસંદ કર્યા છે, જે તેના અભિનયના વિવિધ પાસાં બહાર લાવી શકે. જેની વાર્તા મજાની હોય અને તેમાં સામાન્ય પ્રવાહની કમર્શીયલ ફિલ્મ કરતાં વધુ પડકારો હોય. હાલ તેની ‘ટેસ્ટ’ નામની તમિલ રોમેન્ટિક ફિલ્મ આવી રહી છે.

અર્જુન રામપાલના માથા પર તૂટ્યો કાચ | સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં

# સ્ટેજ પર એન્ટ્રી કરતી વખતે અર્જુન રામપાલ ઘાયલ થયો

અર્જુન રામપાલ રૂપેરી પડદેથી લઈને OTT સુધી પોતાનો ચાર્મ બતાવતો રહે છે. તાજેતરમાં, અભિનેતા નેટફ્લિક્સના ‘નેક્સ્ટ ઓન નેટફ્લિક્સ ૨૦૨૫’ કાર્યક્રમમાં હાજરી આપી હતી, જ્યાં તેની સાથે એક અકસ્માત થયો હતો. નેટફ્લિક્સે તાજેતરમાં એક ઈવેન્ટમાં OTT પ્લેટફોર્મ પર આવનારી ઘણી ફિલ્મો અને સિરીઝની જાહેરાત કરી હતી. આ દરમિયાન, અર્જુન રામપાલની ‘રાણા નાયડુ સિઝન ૨’ નું ટીઝર પણ રિલીઝ થયું, જેમાં રાણા દગ્ગુબાતી અને વેંકટેશ પણ જોવા મળશે. આ સિરીઝમાં અર્જુન રામપાલ પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકામાં છે. આ જ ઈવેન્ટમાં, અર્જુન રામપાલે કાચ તોડીને ગ્રાન્ડ એન્ટ્રી કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ કાચના ટુકડા અભિનેતાના હાથમાં ઘૂસી ગયા અને અભિનેતાના માથા પર પણ કાચ તૂટ્યો હતો.સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં, અભિનેતાના હાથમાંથી લોહી નીકળતું જોઈ શકાય છે. સ્ટંટ દરમિયાન, અભિનેતાની આંગળી પર કાચ લાગ્યો, જેના કારણે તેની આંગળીમાંથી લોહી નીકળવા લાગ્યું. એક ઈન્સ્ટાગ્રામ યુઝરે અર્જુન રામપાલની આ ક્લિપ શેર કરી છે, જે હવે વાયરલ થઈ રહી છે. વીડિયોમાં, અભિનેતા પોતાની સિરીઝ ‘રાણા નાયડુ સિઝન ૨’ના પ્રમોશન માટે સ્ટેજ પર એક પાતળી કાચની દિવાલ તોડીને પ્રવેશતો જોઈ શકાય છે. તે કાચ તોડીને બહાર આવવાનો પ્રયાસ કરે છે,ત્યારે કાચ તેના માથા પર પણ પડે છે.પરંતુ, આ અકસ્માત પછી પણ, અર્જુન રામપાલના ચહેરા પર દર્દ નથી જોવા મળતું. તે હસતાં હસતાં સ્ટેજ પર આવ્યો અને શોને આગળ વધાર્યો. જોકે, આ સમય દરમિયાન તેની આંગળીમાંથી લોહી નીકળતું હતું, તેથી હોસ્ટ મનીષ પોલે અભિનેતાની આંગળી તરફ ઈશારો કર્યો. આ સમય દરમિયાન, અર્જુને કાળો કુર્તો અને પાયજામા પહેર્યો હતો અને તેના ગળામાં એક સ્ટોલ પહેર્યો હતો.ઘણા યુઝર્સે આ પોસ્ટ પર પ્રતિક્રિયા આપી. એકે લખ્યું, ‘રા-વન મોડ એક્ટિવ થઈ ગયો.’



## આયુષ્યમાન આરોગ્ય મંદિર ટાંડા પ્રાથમિક શાળા ખાતે રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ યોજાયો



દાહોદ તાલુકાના ટાંડા પી.એચ.સ. ના આયુષ્યમાન આરોગ્ય મંદિર ટાંડા પ્રાથમિક શાળા ખાતે રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમનુ આયોજન કરવામા આવ્યુ હતુ.

## શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદમાં C.W.D.C દ્વારા રંગોળી સ્પર્ધા યોજાઇ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદમાં C.W.D.C અંતર્ગત રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનું આયોજન C.W.D.C દ્વારા કરવામાં આવ્યું. જેમાં કોલેજની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. એ.આર. મોદી દ્વારા વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં. આ કાર્યક્રમના આયોજનમાં સવિતાબેન ચૌધરી દ્વારા મુખ્ય ભૂમિકા ભજવવામાં આવી હતી. આ સ્પર્ધામાં પ્રા. એસ. જે.દાસ, ડૉ. અનીતાબેન પાદરીયા અને ડૉ. રવિપ્રકાશ મેર નિર્ણાયક તરીકે ની ભૂમિકા ભજવી હતી.

# ઝાલોદ તાલુકાના મહુડી મુંડાહેડા વાયા પાવડી એસ.આર.પી ગ્રૂપ સુધીનો માર્ગ બિસ્માર હાલતમાં

### ઝાલોદના મહુડી મુંડાહેડા વાયા પાવડી SRP ગ્રુપ સુધી બનાવેલ રોડની ૨૨/૫૬૫ કિમીનો માર્ગની હાલત બિસ્માર : ઠેરઠેર જાણે ડામર કપચીના છૂટાછેડા!

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

ઝાલોદ તાલુકામાં વિકાસની વણઝાર વરસી રહી હોઈ તેમ રોડ રસ્તા ઠેરઠેર બની રહ્યા છે અને વિકાસની ગાથા રોડની જેમ ચોતરફ જોવા મળી રહી છે પરંતુ વિકાસની સાથોસાથ રોડ રસ્તા હોઈ કે નાળા ચોતરફ ભ્રષ્ટાચારની મહેક ફેલાતી હોઈ તેવી ગંધ સામાન્ય પ્રજાને પણ અનુભવી શકાય તેવી કામગીરી ગ્રામ્ય સ્તરે મંજૂર કરેલ રોડ રસ્તા હોઈ કે નાળા એવીરીતે બનાવવામાં આવેલ છે.

મહુડી મુંડાહેડા વાયા પાવડી SRP ગ્રુપ સુધી બનાવેલ રોડની ૨૨/૫૬૫ કિમીનો માર્ગ જ્યાં ભારે વાહનોની અવરજવર ના હોવા છતાં આ માર્ગની હાલત સમુદ્રમાં વહેતા મોજાની જેમ ઉબડખાબડ જોવા મળી રહી છે જે માર્ગમાં હલકી ગુણવત્તાનું માલસામાન માટી મેટલનો ઉપયોગ કરવામાં આવેલ હોઈ જેથી કરીને માર્ગમાં ઠેરઠેર ખાડાઓ તેમજ કપચી નાખેલ હોઈ એવા માર્ગમાં દશ્યો જોઈ શકાય છે.

લાખો - કરોડોની માતબર રકમ ઝાલોદ તાલુકામાં અંતરિયાળ વિસ્તારમાં ડામર રોડ માટે ફાળવેલ રકમ જાણે માટી મેટલ પુરાણ કરીને વેઠ ઉતારીને પૂરા કરેલ હોઈ એમ ડામર રસ્તાઓ દ્રશ્યમાન થઈ રહ્યા છે.

૨૨/૫૬૫ કિમી મહુડી જાફરપુરા મુંડાહેડા પરથમપુર ટુ પાવડી મિરાખેડી ડામર રોડની



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

હાલત દર કિલોમીટરે કાકરીઓ નીકળી ગયેલ અને મસમોટા ખાડામાં તબદીલ થયા હોઈ અને જમ્પિંગ રોડ બનાવ્યો હોઈ એવા હલકી ગુણવતા વાળા માર્ગોનું નિર્માણ થતાં અકસ્માતોનું પ્રમાણ વધી રહેલ છે. વાહનચાલક દ્વારા ખાડા ટાળવા જતા માર્ગ અકસ્માત થવાના બનાવ બનતા હોઈ છે કુદરતી મૃત્યુ કરતા વાહન અકસ્માતોનું પ્રમાણ દિનપ્રતિદિન વધી રહેલ છે માર્ગ સલામતી સપ્તાહ જેવા કાર્યક્રમો માત્ર સપ્તાહ પૂરતા હોઈ ખરેખર હલકી ગુણવતા ધરાવતા માર્ગની ચકાસણી કરી વહેલી તકે મરામત કરવામાં આવે અને ભવિષ્યમાં હલકી ગુણવત્તા ધરાવતા રોડનું નિર્માણ ના થાય એ માર્ગ મકાન વિભાગ દોષનો ટોપલો વધુ વરસાદ કે ઓવર લોડેડ વાહનોને માથે ના મૂકી લોકહિતમાં મહામૂલું જીવનને ભ્રષ્ટાચારિયો ના કારણે અકસ્માતમાં જીવ ગુમાવવાનો વારો સામાન્ય જનતાનો ના આવે એ જોવું રહ્યું.

# તા.૮ અને તા.૯મીના રોજ સુરતના વનિતા વિશ્રામ ખાતે મિલેટ્સ મહોત્સવ યોજાશે



। (માહિતી) સુરત, તા.૫ ।

ખેત પેદાશ-મિલેટ્સ(જાડા ધાન્ય)ની ખેતી અને તેની આહારમાં ઉપયોગિતાને પ્રોત્સાહન આપવા માટે યુનાઈટેડ નેશન્સે વર્ષ-૨૦૨૩ને 'આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ' તરીકે જાહેર કર્યા બાદ સમગ્ર ભારતમાં મિલેટ્સ ઉત્સવો-જાગૃત્તિ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષે પણ પૌષ્ટિક મિલેટ્સ, પ્રાકૃતિક ખેતીથી પકવેલા અનાજનો લોકો વધુને વધુ ઉપયોગ કરવા પ્રેરિત થાય તેવા આશયથી સુરત ખેતીવાડી વિભાગ અને સુરત મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે આગામી તા.૮ અને ૯મી ફેબ્રુઆરી બે દિવસ માટે વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે સુરત જિલ્લાકક્ષાનો મિલેટ્સ મહોત્સવ યોજાશે. આ મહોત્સવના આયોજન અંગે મ્યુનિ.કમિશનર શાલિની અગ્રવાલના અધ્યક્ષસ્થાને સુડાભવન ખાતે બેઠક મળી હતી. બેઠકમાં કમિશનરશ્રીએ ખેડૂતોના સ્ટોલ્સ, સ્ટેજ, બેઠક સહિતની વ્યવસ્થાઓ માટે અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું. આગામી તા:૮મીએ સવારે ૧૧.૦૦ વાગે મહોત્સવને ખૂલ્લો મૂકાશે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ વર્ચ્યુઅલ સંબોધન કરશે. દ.ગુજરાતના સુરત, વલસાડ, નવસારી, ડાંગ, તાપી, નવસારી જિલ્લાના ૬૦ જેટલા પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો ૭૫ જેટલા સ્ટોલ્સમાં મિલેટ્સ ઉત્પાદનો વેચાણ માટે પ્રદર્શિત કરશે. જ્યારે મિલેટ્સની વાનગીઓના ૧૫ ફુડ સ્ટોલ્સ ઉભા કરાશે. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોની હળદર, નાગલી, આંબા મોર રાઈસ, દુધ મલાઈ, કોદરો, જુવાર, ગોળ, મધ જેવી અનેક ખેતપેદાશો સુરતીઓને ખરીદવાની તક મળશે. નોંધનીય છે કે, મિલેટ્સ એટલે કે બાજરી, જુવાર, જવ, રાગી, રાજગરો વગેરે જાડા ધાન અનેક પોષક તત્વોથી ભરપૂર છે અને શક્તિદાયક છે, પાચનમાં પણ મદદરૂપ બને છે. મિલેટ્સના નિયમિત ભોજનથી બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, સ્ટ્રોક, આંતરડાના કેન્સર અને અન્ય ગંભીર બિમારીનું જોખમ ઘટી જાય છે.

## ઝાલોદ તાલુકાના લીમડી ખાતે સ્પર્શ લેપ્રસી અવેરનેસ કાર્યક્રમ યોજાયો



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

આજ રોજ તા ૦૪/૦૨/૨૦૨૫ના રોજ સ્પર્શ લેપ્રસિ અવરનેસ કાર્યક્રમ અંતર્ગત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. ઉદય ટિલાવત સાહેબ જિલ્લા રક્તપિત્ત અને ક્ષય અધિકારીશ્રી ડો. આર. ડી. પાહાડીયા સાહેબ DNMO ડો. અલ્પના મેડમ ના માર્ગદર્શન હેઠળ તેમજ તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડો. તુષાર ભભોર સાહેબ ના માર્ગદર્શન હેઠળ લીમડી હાટ બજાર ખાતે જય શ્રીબ્રહ્માની ભવાઈ કલામંડળ ના મુળજીભાઈ દ્વાર લેપ્રસી. ટી. બી. એચ.આઈ.વી જેવા રોગો વિશે ભવાઈ કાર્યકર્મ ના માધ્યમ થી પ્રચાર પ્રસાર કરવામાં આવેલ અને લોકોને પત્રિકા વિતરણ તથા હાટ બજાર માં માઈક પ્રચાર કરવામા આવેલ . જેમાં તાલુકા લેપ્રસી સુપરવાઈઝર ડાંગી પ્રદીપભાઈ તાલુકા ટી.બી સુપરવાઈઝર ગરાસીયા સતીષભાઈ પ્રા.આ. કેન્દ્ર વરોડના મેડિકલ ઓફિસરશ્રી તથા સુપરવાઈઝર દિપકભાઈ ડામોર તથા પ્રા.આ.કેન્દ્ર વરોડના એમ.પી.એચ ડબ્લ્યુ ભાઈઓના સહકારથી આ કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

# પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી શાકભાજી અને ફળોના વાવેતર વિશેની શ્રેણીમાં આવો જાણીએ તુવેર વિશે

### ચૂસીયા પ્રકારની જીવાત માટે ૩ લીટર નિમાસ્ત્ર ૧૦૦ લીટર પાણીમાં મિશ્રિત કરી એક એકરમાં છંટકાવ કરવો

। (માહિતી) વડોદરા, તા.૫ ।

રાજ્યમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન મળે, ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે માર્ગદર્શન, સહાય મળી રહે તે ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકાર સતત કાર્યરત છે. ત્યારે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને તુવેરના વાવેતર તથા તેના ઉછેર અંગે જરૂરી માર્ગદર્શન અને માહિતી મળી રહે તે બાબતે વિગતવાર વાત કરીએ.

**તુવેરનો વાવેતર સમય, અંતર અને જાતોની પસંદગી**

ગુજરાત તુવેર-૧, ગુજરાત તુવેર-૧૦૧ અને ગુજરાત તુવેર -૧૦૩, બી.ડી.એન.-૨, જી.જે.પી.-૧ જેવી સુધારેલી જાતોનું વાવેતર જુન જુલાઈ મહિનામાં ૧૨ થી ૧૫ કિલો પ્રતિ હેક્ટર બીજનો દર રાખી બે હાર વચ્ચે ૯૦ થી ૧૨૦ સેન્ટિમીટર અને બે છોડ વચ્ચે ૨૫થી ૩૦ સેન્ટિમીટરે વાવેતર કરવું.

રવિ ઋતુ માટે તુવેરની ગુજરાત તુવેર-૧૦૨ જાતોનું વાવેતર સપ્ટેમ્બર થી ઓક્ટોમ્બર મહિનામાં ૧૨ થી ૧૫ કિલો પ્રતિ હેક્ટર બીજનો દર રાખી બે હાર વચ્ચે ૯૦થી ૧૨૦ સેન્ટિમીટર અને બે છોડ વચ્ચે ૨૫ થી ૩૦ સેન્ટીમીટરે વાવેતર કરવું.

**બીજ સંસ્કાર અને ઘન જીવામૃત**

સારા ઉગાવા, રોગ-જીવાત સામે રક્ષણ મેળવવા અને સારું ઉત્પાદન મેળવવા તુવેરના બીજને બીજામૃતથી સંસ્કારીત કરવા. બીજામૃતનો પટ આપી બીજને છાયડામાં સૂકવી વાવેતર કરવું. બીજામૃતની માવજતથી ઉગાવો ઝડપથી અને સારો થાય છે ઉપરાંત પાકને જમીન જન્ય રોગોથી બચાવી શકાય. વાવેતર સમયે ૧૦૦ કિલો છાણિયું ખાતર અને ૧૦૦ કિલો ઘન જીવામૃત ભેળવીને ૧ એકર જમીનમાં નાખો. પાક અવશેષોનું મલ્ચીંગ કરવું, ત્યારબાદ મહિનામાં એકવાર જમીન ઉપર ૨૦૦ લિટર જીવામૃત પ્રતિ એકર છાંટો અથવા જીવામૃત પાક ઉપર છાંટો. રાસાયણિક ખેતીમાં થી પ્રાકૃતિક ખેતીમાં આવીએ ત્યારે પ્રથમ વર્ષમાં જમીનને જીવંત બનાવવાનો પ્રયત્ન કરવો. પાક લીધા પહેલા લીલા ખાતરના રૂપમાં શણ કે ઈકકડ કે કઠોળનો પાક લેવો. યોગ્ય સમય પર જીવામૃત પાકને આપતાં રહો.

**જીવામૃતનો જમીનમાં ઉપયોગ**

વાવેતર બાદ એક એકર જમીનમાં ૨૦૦ લિટર જીવામૃત પાણી સાથે આપવું. ત્યારબાદ મહિનામાં બે વાર ૨૦૦ લિટર જીવામૃત પ્રતિ એકર પ્રમાણે જમીનમાં આપવું અથવા પિયતના પાણી સાથે આપવું.

**જીવામૃતનો પાક ઉપર છંટકાવ**

પ્રથમ છંટકાવઃ- વાવેતરના એક મહિના પછી ૫ લિટર જીવામૃતને ૧૦૦ લિટર પાણી સાથે છંટકાવ કરવો.

બીજો છંટકાવઃ- પહેલા છંટકાવના ૨૧ દિવસ પછી ૭.૫ લિટર જીવામૃતને ૧૨૦ લિટર પાણી સાથે છંટકાવ કરવો.

ત્રીજો છંટકાવઃ- બીજા છંટકાવના ૨૧ દિવસ પછી ૧૦ લિટર જીવામૃતને ૧૫૦ લિટર પાણી સાથે છંટકાવ કરવો.

ચોથો છંટકાવઃ- ત્રીજા છંટકાવના ૨૧ દિવસ પછી ૧૫ લિટર જીવામૃતને ૧૫૦ લિટર પાણી સાથે છંટકાવ કરવો.

પાંચમો છંટકાવઃ- ચોથા છંટકાવના ૨૧ દિવસ બાદ ૩ લિટર ખાટી છાશમાં ૧૦૦ લીટર પાણી સાથે છંટકાવ કરવો.

છઠ્ઠો છંટકાવઃ- પાંચમા છંટકાવના ૨૧ દિવસ બાદ ૧૫ લીટર જીવામૃત ને ૧૫૦ લીટર પાણી સાથે છંટકાવ કરવો.

**રોગ-જીવાત**

(ક) ચૂસીયા પ્રકારની જીવાતઃ ચૂસીયા પ્રકારની જીવાત માટે ૩ લીટર નિમાસ્ત્ર ૧૦૦ લીટર પાણીમાં મિશ્રિત કરી એક એકરમાં છંટકાવ કરવો. (ખ) લીમડાનું તેલ પણ વાપરી શકાય છે. ૨૦ મિલી લીમડાનું તેલ પ્રતિ ૧૦ લીટર પાણી સાથે મિશ્રિત કરી છંટકાવ કરવો. (ગ) કૃમિ (સુંડી) : ૩ લીટર બ્રહ્માસ્ત્ર ૧૦૦ લીટર પાણીમાં ભેળવી એક એકરમાં છંટકાવ કરવો.(ઘ) થડ વેધક, ફળ વેધક, કૃમિ માટે : ૩ લીટર અગ્નિઅસ્ત્ર ૧૦૦ લીટર પાણીમાં મિશ્રિત કરી એક એકરમાં છંટકાવ કરવો. (ચ) ફૂગના રોગ : ફૂગ અને વાયરસ દ્વારા ફેલાતા રોગોના નિવારણ માટે ૩ લીટર ખાટી છાશમાં ૧૦૦ લીટર પાણી મેળવી છંટકાવ કરો. ખાટી છાશ ૩ થી ૪ દિવસ જૂની હોવી જોઈએ.

# સરકારે 'હજ સુવિધા એપ' અને વિસ્તૃત હેલ્થકેર સપોર્ટ દ્વારા હજયાત્રીઓ માટે હજ યાત્રાનો અનુભવ વધાર્યો

। નવી દિલ્હી, તા.૫ ।

'હજ સુવિધા એપ' યાત્રાના અનુભવને વધારવા, ઈન્ફર્મેશન ટેકનોલોજીનો લાભ લેવા માટે શરૂ કરવામાં આવી હતી. યાત્રાળુઓ એપ્લિકેશનનો ઉપયોગ તાલીમ સામગ્રી, રહેઠાણ અને ફ્લાઈટની વિગતો, સામાનની માહિતી, ઈમરજન્સી હેલ્પલાઈન (એસઓએસ), ફરિયાદ નિવારણ, પ્રતિસાદ, ભાષા અનુવાદ અને યાત્રા સંબંધિત વિવિધ માહિતી મેળવવા માટે કરી શકે છે. આ એપ્લિકેશન સાઉદી અરેબિયામાં હજ કામગીરીના સંચાલન માટે તૈનાત સરકારી અધિકારીઓ માટે એક વહીવટી ઈન્ટરફેસ પણ પ્રદાન કરે છે. જે વાસ્તવિક સમયની દેખરેખ અને કટોકટીની પ્રતિક્રિયામાં મદદ કરે છે, અને વધુ સારા સંકલન અને જવાબદારીને સુનિશ્ચિત કરે છે. હજ-૨૦૨૪ દરમિયાન ભારતના કુલ ૧,૭૫,૦૨૫ હજયાત્રીઓમાંથી ૭૮,૦૦૦થી વધુ હજયાત્રીઓએ એપ્લિકેશન પર રજિસ્ટ્રેશન કરાવ્યું હતું અને ૮,૫૦૦થી વધુ ફરિયાદો અને ૨,૧૦૦થી વધુ એસઓએસ કોલ્સ એપ્લિકેશન મારફતે હેન્ડલ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, એપ્લિકેશન દ્વારા બેગેજ આઈડેન્ટિફિકેશનની ક્યુઆર કોડ મિકેનિઝમ રજૂ કરવામાં આવી હોવાના પરિણામે હજ -૨૦૨૪ દરમિયાન ગુમ થયેલા બેગેજના કેસોમાં ભારે ઘટાડો થયો હતો.

વર્ષ ૨૦૨૪માં કુલ ૪૫૫૮ મહિલા યાત્રાળુઓએ મેહરમ (પુરુષ સાથી) વિના યાત્રા કરી હતી. જે હજ-૨૦૧૮માં મેહરમ વિનાની લેડીઝ કેટેગરીની શરૂઆત થયા પછી અત્યાર સુધીની સૌથી વધુ સંખ્યામાં મહિલાઓએ કરેલી યાત્રા છે. ભારત સરકાર હજયાત્રીઓના કલ્યાણ અને સુખાકારી માટે પ્રતિબદ્ધ છે તથા હજનાં સમયગાળા દરમિયાન સાઉદી અરેબિયામાં કેટલીક કામચલાઉ હેલ્થકેર સુવિધાઓ સ્થાપિત કરે છે. જેથી વૃદ્ધો સહિત ભારતીય યાત્રાળુઓને સારી ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય સેવાઓ સુનિશ્ચિત કરી શકાય.

હજયાત્રીઓની સારવારના સંબંધમાં જરૂરી સહાય સાઉદી અરેબિયામાં ભારત સરકાર દ્વારા સંચાલિત ભારતીય હજ મિશન મારફતે અને તૃતીયક સંભાળ માટે સાઉદીના કાયદા અનુસાર પ્રદાન કરવામાં આવી હતી.

## દેવગઢ બારીઆ પોલીસ સ્ટાફ દ્વારા નગરપાલિકા ની ચૂંટણીને ધ્યાનમાં લઇ ફ્લેગ માર્ચ કરી



તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૫ ।

દેવગઢ બારીઆ નગર પાલિકા ચૂંટણી ને ધ્યાનમાં લઈ આજ રોજ દેવગઢ બારીઆ પોલીસ દ્વારા કોઈ પણ પ્રકાર લડાઈ ઝગડા તથા કોઈ અનિચ્છિય બનાવ ના બને તેના માટે આજરોજ પી. આઈ ચાવડા સાહેબ તથા સ્ટાફ મા ASI મુકેશ ભાઈ પટેલ D સ્ટાફ તથા મહિલા કોન્સ્ટેબલો સાથે આજ રોજ દેવગઢ બારીઆ નગરમા ફ્લેગ માર્ચ કરી જેથી ચૂંટણી અનું લક્ષી કોઈ પણ પ્રકાર ના બનાવો ના બને તેથી આ ફ્લેગ માર્ચ કરવામા આવી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારી આસપાસના લોકો તમને ખૂબ જ અપેક્ષાયુક્ત લાગશે-તમે આપી શકો તે કરતાં વધારનું વચન આપતા નહીં-અને અન્યોને ખુશ કરવા તમારી જાતને થકાવટની હદ સુધી ન ખેંચતા. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. બહેનના લગ્નના સમાચાર તમને ખુશખુશાલ કરી મુકશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે કોઈક આધ્યાત્મિક વ્યક્તિ તમારા પર શુભાશિષ વર્ષાવશે તથા તેને કારણે માનસિક શાંતિ આવશે. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. પરિવારના સભ્ય ોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. પ્રેમમાં સહન કરવાની હિંમત રાખો તથા ખુશખુશાલ રહો. તમારી જાતને અભિવ્યક્ત કરવા માટે પણ આ સારો દિવસ છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે તમે મહત્વનના કામ માટે નહીં જઈ શકો તેને કારણે તમે પાછળ રહી જાવ એવી શક્યતા છે. તમારી જાતને આગળ લઈ જવા માટે તાર્કિક આધાર લો. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમે થોડો આરામ અનુભવ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. નવી બાબત પર ધ્યાન કેન્દ્રિત કરો અને તમારા ખાસ મિત્રની મદદ લો. આજે તમારા પ્રિયપાત્રને માફ કરવાનું ભૂલશો નહીં. તમારી ખાસિયતને ઉપયોગ વ્યાવસાયિક મુદ્દાઓને આસાનીથી ઉકેલવા માટે કરો.

**સિંહ (મ,ટ) :**

માત્ર તમે જ જાણો છો કે તમને શું જોઈએ છે-આથી દૃઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. જૂનાં સંપર્કો તથા મિત્રો મદદરૂપ સાબિત થશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારો માયાળુ સ્વભાવ અનેક ખુશીભરી ક્ષણો લાવશે. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. પ્રવાસને કારણે રૉમેન્ટિક સંબંધોને વંગ મળશે. નવા પ્રસ્તાવો લલચાવનારા હશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે શક્ય હોય તો લાંબી મુસાફરી ટાળવી કેમ કે મુસાફરી કરવા માટે તમે ખૂબ જ નબળા છો અને આ મુસાફરી તમને વધુ નબળા પાડી શકે છે. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે. લમે જેમની સાથે રહો છો એ લોકો તમારાથી ખુશ નહીં હોય-પછી ભલેને તમે તેમને ખુશ કરવા ગમે તે કરો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે કદાચ અન્યોની જરૂરિયાત તમારી ઈચ્છામાં હસ્તક્ષેપ કરશે આથી પોતાનું ધ્યાન રાખો-તમારી લાગણીઓને દબાવો નહીં અને હળવાશ અનુભવવા માટે તમને જે ક્રમમાં ચીજો કરવી ગમે છે તેમ કરો. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે. બહેન જેવો પ્રેમ તમારો ઉત્સાહ વધારશે. પણ તમારે નાની ચણભણમાં મગજ પરનો કાબુ ન ખોવો જોઈએ કેમ કે એનાથી તમારા હિતોને નુકસાન થશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ખાસ કરીને ગર્ભવતી સ્ત્રીઓએ ખાસ સંભાળ રાખવાનો દિવસ. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. આકાશ તમને વધુ તેજસ્વી લાગશે, ફૂલો વધુ રંગીન જણાશે, તમારી આસપાસ બધું જ ઝળકતું હોવાનો આભાસ તમને થશે, કેમ કે તમે પ્રેમમાં છો.

**મકર (ખ,જ) :**

આજે સાંજે થોડીક હળવાશ માણો. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે. તમે જેને સૌથી વધુ ચાહો છો તે વ્યક્તિ પ્રત્યેનો તમારો ખરાબ અભિગમ તમારા સંબંધમાં અસંગતતા લાવી શકે છે. તમે તમારૂં કામ સારી રીતે કર્યું છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજથી વધુ સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. સાંજ માટે કશું ખાસ આયોજન કરો અને તેને થઈ શકે એટલું રૉમેન્ટિક બનાવવાનો પ્રયાસ કરો. વ્યાપાર તથા શિક્ષણ કેટલાંક માટે લાભદાયક પુરવાર થશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારો જીદ્દી અભિગમ તમારા ખુશખુશાલ જીવન માટે ત્યજી દો, કેમ કે આ બાબત સમયનો નર્યો વેડફાટ છે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દૃષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં.

## ભારત-ઈંગ્લેન્ડ મેચ પહેલા નાસભાગ, ટિકિટ લેવા માટે ભીડ ઉમટી પડી

**। (એજન્સી) નાગપુર, તા.૫ ।**

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે આવતીકાલથી વન ડે સીરિઝ શરૂ થઈ છે. આ મેચ ૬ ફેબ્રુઆરીએ નાગપુરમાં રમાશે. આ માટેની ટિકિટો પહેલાથી જ વેચાઈ ગઈ છે. પરંતુ આ સીરિઝની બીજી મેચ ૯ ફેબ્રુઆરીએ કટકમાં રમાશે. જેના માટે સ્ટેડિયમમાં ટિકિટ વેચાઈ રહી હતી. પરંતુ આ દરમિયાન નાસભાગ મચી ગઈ હતી. જેમાં ૧૦ લોકો બેભાન થઈ ગયા હોવાની માહિતી મળી રહી છે. આ સાથે જ ઘણા લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઓડિશાના મિલેનિયમ સિટી કટકના બારાબતી સ્ટેડિયમ ખાતે ૯ ફેબ્રુઆરીએ યોજાનારી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની વન ડે મેચ માટે ઓફલાઈન ટિકિટોના વેચાણ માટે આજે સવારે મોટી ભીડ ઉમટી પડી હતી જેના કારણે અફરાતફરી મચી ગઈ હતી. ક્રિકેટ પ્રેમીઓ મોટી સંખ્યામાં ટિકિટ કાઉન્ટર પર પહોંચ્યા હતા, જેના કારણે નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ હતી અને પોલીસને સુરક્ષા વ્યવસ્થા સંભાળવામાં ભારે મુશ્કેલી પડી હતી.

નિર્ધારિત કાર્યક્રમ પ્રમાણે કટકના બારાબતી સ્ટેડિયમમાં ભારત vs ઈંગ્લેન્ડ વન ડે મેચ માટે ટિકિટોનું ઓફલાઈન વેચાણ આજે સવારે ૯:૦૦ વાગ્યે શરૂ થયું હતું. લોકો ટિકિટ માટે કાઉન્ટર પર ચઢી ગયા હતા, જેના કારણે પોલીસ બોલાવવી પડી હતી. લોકોની ભીડને કાબુમાં લેવા માટે પોલીસે લાઠીચાર્જ અને વોટર કેનનનો પણ સહારો લેવો પડ્યો હતો. મીડિયા અહેવાલ પ્રમાણે મંગળવાર સાંજ સુધીમાં OCA કર્મચારીઓ અને રાજ્ય ક્રિકેટ એસોસિએશન સાથે જોડાયેલી સંસ્થાઓને ૯,૦૦૦ ટિકિટ વેચી દેવામાં આવી હતી. ૨ ફેબ્રુઆરીના રોજ ૪,૦૦૦ ટિકિટો ઓનલાઈન વેચાઈ હતી, જ્યારે બાકીની ૧૧,૫૦૦થી વધુ ટિકિટો આજથી બે દિવસ માટે જાહેર જનતા માટે ઓફલાઈન વેચાણ માટે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આજે જ્યારે કાઉન્ટર ખુલ્યા ત્યારે લોકો બેકાબૂ થઈ ગયા હતા. ટિકિટનું આ વેચાણ આજે અને આવતીકાલે સ્ટેડિયમ પરિસરમાં આવેલા કાઉન્ટર પર ચાલુ રહેશે. ઓડિશા ક્રિકેટ એસોસિએશન (OCA)એ મહિલાઓ માટે એક સ્પેશિયલ કાઉન્ટર બનાવ્યું છે. OCA ના નિર્ણય પ્રમાણે દરેક વ્યક્તિ માન્ય ઓળખપત્ર રજૂ કરીને વધુમાં વધુ બે ટિકિટ ખરીદી શકે છે. બારાબાતી સ્ટેડિયમમાં ૪૪,૫૭૪ દર્શકોની ક્ષમતા છે. તેમાંથી ૨૪,૬૯૨ ટિકિટ વેચાણ માટે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ઓફલાઈન ટિકિટ માટે અલગ અલગ કિંમતો નક્કી કરવામાં આવી છે.

### ઓસ્ટ્રેલિયાના મુખ્ય કોચ એન્ડ્ર્યુ મેકડોનાલ્ડનો ખુલાસો

## પેટ કમિન્સનું ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થવું નિશ્ચિત

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।**

ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સનું ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ ટૂર્નામેન્ટમાંથી બહાર થવું લગભગ નિશ્ચિત છે. ICCની આ મોટી ટૂર્નામેન્ટ પહેલા આ ખૂબ જ ખરાબ સમાચાર સામે આવ્યા છે. ઓસ્ટ્રેલિયાના મુખ્ય કોચ એન્ડ્ર્યુ મેકડોનાલ્ડે ખુલાસો કર્યો છે કે, ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થનારી ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમના કેપ્ટન અને ફાસ્ટ બોલર પેટ કમિન્સ સંપૂર્ણ રીતે ફિટ થવાની શક્યતા ઓછી છે. જો પેટ કમિન્સ સમયસર ફીટ નહીં થાય તો સ્ટીવ સ્મિથ અથવા ટ્રેવિસ હેડમાંથી એકને ઓસ્ટ્રેલિયાની કમાન સોંપવામાં આવી શકે છે. પોતાના બીજા બાળકના જન્મને કારણે શ્રીલંકામાં ટેસ્ટ



સિરીઝમાં ન રમનાર પેટ કમિન્સ પણ પગની ઘૂંટીની ઈજાથી પીડાઈ રહ્યો છે અને તેણે હજુ સુધી પ્રેક્ટિસ શરૂ કરી નથી. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની પાંચ ટેસ્ટ મેચની બોર્ડર-ગાવસ્કર સિરીઝ દરમિયાન તેની ઘૂંટીની સમસ્યા વધી ગઈ હતી. ઓસ્ટ્રેલિયાના મુખ્ય કોચ એન્ડ્ર્યુ મેકડોનાલ્ડે કહ્યું કે, પેટ કમિન્સ કોઈપણ રીતે બોલિંગ ફરી શરૂ કરવામાં સક્ષમ નથી. તેથી તેની ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમવાની શક્યતા ઘણી ઓછી છે. આનો અર્થ એ છે કે, અમારે કેપ્ટનની જરૂર છે. જ્યારે અમે પેટ (કમિન્સ)ની સાથે ઘરમાં ચેમ્પિયન્સ ટ્રોફી ટીમ વિશે ચર્ચા કરી રહ્યા હતા, ત્યારે સ્ટીવ સ્મિથ અને ટ્રેવિસ હેડ એ બે ખેલાડીઓ હતા જેની સાથે અમે વાત કરી રહ્યા હતા. અમે કેપ્ટનશિપ માટે આ બન્ને પર નજર રાખી રહ્યા છીએ. શ્રીલંકા સામેની ટેસ્ટ સિરીઝમાં પેટ કમિન્સની ગેરહાજરીમાં સ્મિથે ટીમની કમાન સંભાળી હતી. ઓસ્ટ્રેલિયાને ચેમ્પિયન્સ ટ્રોફી ટૂર્નામેન્ટમાં અફઘાનિસ્તાન, ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાની સાથે ગ્રુપ બીમાં રાખવામાં આવ્યું છે.

### શ્રીલંકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની બીજી મેચ કરુણારત્નેની ૧૦૦મી ટેસ્ટ

## ૧૦૦મી ટેસ્ટ રમીને શ્રીલંકાનો કરુણારત્ને નિવૃત્તિ જાહેર કરી દેશે

### ૨૦૧૨માં શ્રીલંકા માટે ટેસ્ટ કારકિર્દીનો પ્રારંભ કરનારો કરુણારત્ને આવતા મહિને ઓસ્ટ્રેલિયા જનારો છે જ્યાં તેનો પરિવાર સેટ થયેલો છે

**। (એજન્સી) મુંબઈ, તા.૫ ।**

શ્રીલંકાનો અનુભવી બેટ્સમેન અને ભૂતપૂર્વ સુકાની દિમુથ કરુણારત્ને ગુરુવારથી શરૂ થઈ રહેલી ઓસ્ટ્રેલિયા સામેની બીજી અને અંતિમ ટેસ્ટ રમીને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી દેશે. આ મેચ તેની કારકિર્દીની ૧૦૦મી ટેસ્ટ છે. ૩૬ વર્ષીય કરુણારત્ને શ્રીલંકન ટેસ્ટ ઈતિહાસમાં સૌથી સફળ બેટ્સમેન પૈકીનો એક છે. તેણે અત્યાર સુધીમાં ૯૯ ટેસ્ટમાં ૭૧૭૨ રન કર્યા છે અને તેની સરેરાશ ૪૦ની નજીકની રહી છે. આ દરમિયાન તેણે ૧૬ સદી અને ૩૪ અડધી સદી ફટકારી હતી. તે છેલ્લા ૧૪ વર્ષથી શ્રીલંકા માટે રમી રહ્યો છે.

આ ઉપરાંત કરુણારત્ને શ્રીલંકા માટે ૫૦ વન-ડે ઈન્ટરનેશનલ મેચ રમ્યો છે જેમાં તેણે એક સદી અને ૧૧ અડધી સદી સાથે ૧૩૧૬ રન ફટકાર્યા છે. કરુણારત્નેએ મંગળવારે જણાવ્યું હતું કે વર્ષમાં સરેરાશ ચાર ટેસ્ટ રમવી અને સતત ફોર્મ જાળવી રાખવું તે વર્તમાન ક્રિકેટને જોતાં કપરી બાબત છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો પ્રારંભ થયો ત્યાર બાદ અમને ઘણી ઓછી દ્વિપક્ષીય સિરીઝ રમવાની મળી છે. મારું વર્તમાન ફોર્મ પણ એક અલગ કારણ છે. હું મારી ૧૦૦ ટેસ્ટ પૂરી કરી રહ્યો છું અને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ સાઈકલ પણ પૂરી થઈ રહી છે ત્યારે મેં વિચાર્યું કે આ યોગ્ય સમય છે.૨૦૧૨માં શ્રીલંકા માટે ટેસ્ટ કારકિર્દીનો પ્રારંભ કરનારો કરુણારત્ને આવતા મહિને ઓસ્ટ્રેલિયા જનારો છે જ્યાં તેનો પરિવાર સેટ થયેલો છે. ૨૦૦૮માં તેણે સિંહાલિઝ સ્પોર્ટ્સ ક્લબ (એસએસસી) માટે તેના ફર્સ્ટ ક્લાસ ક્રિકેટનો પ્રારંભ કર્યો હતો.



દિલ્હી વિધાનસભા ચૂંટણી દરમિયાન નવી દિલ્હીમાં મતદાન મથક પર મતદાન કર્યા પછી ભાજપના સાંસદ પ્રવીણ ખંડેલવાલ પોતાની શાહીવાળી આંગળી બતાવતા નજરે પડે છે.

## અભિષેક શર્માએ ICC T20I રેન્કિંગમાં ઉથલપાથલ મચાવી

**। નવી દિલ્હી, તા.૫ ।**

તાજેતરમાં ઈંગ્લેન્ડ સામેની T20I સીરિઝને ૪-૧થી જીત્યા બાદ ICCએ જાહેર કરેલી રેન્કિંગમાં T20I ફોર્મેટમાં ભારતીય બેટરોએ ટોપ-૫માં ત્રણ ભારતીય ખેલાડીઓએ સ્થાન મેળવ્યું છે. જેમાં અભિષેક શર્મા, તિલક વર્મા, સૂર્યાકુમાર યાદવ પણ સામેલ છે. જયારે મિસ્ટ્રી સ્પીનર વરુણ ચક્રવર્તી પણ T20I બોલિંગ રેન્કિંગમાં ભારે સુધારો કર્યો છે. ICC દ્વારા જાહેર કરવામાં આવેલી આ રેક્રિંગમાં જો બેટિંગની કેટેગરીની વાત કરીએ તો હાલમાં ઈંગ્લેન્ડ સામે શાનદાર પ્રદર્શન કરીને અભિષેક શર્માએ રેક્રિંગમાં ૩૮ સ્થાનની છલાંગ લગાવીને બીજા સ્થાને પહોંચી ગયો છે. આ T20I યાદીમાં ઓસ્ટ્રેલિયન સ્ટાર બેટર ટ્રેવિસ હેડ ટોચના સ્થાન પર છે. ત્રીજા સ્થાન પર તિલક વર્મા છે. જયારે ભારતીય ટીમનો કેપ્ટન સૂર્યકુમાર યાદવને એક સ્થાનનું નુકસાન થયું છે અને તે પાંચમાં સ્થાને પહોંચી ગયો છે.

T20I બોલિંગ રેન્કિંગમાં વરુણ ચક્રવર્તીએ ૧૪ વિકેટ મેળવીને ત્રણ સ્થાનનો સુધારો કરી બીજા સ્થાને પહોંચી ગયો છે.

## જસપ્રીત બુમરાહને સાચવો, દરેક ટુર્નામેન્ટમાં રમાડવાની લાલચ ન રાખશો

### દક્ષિણ આફ્રિકાના પૂર્વ ઝડપી બોલર વર્નોન ફિલેન્ડરે સ્ટાર બોલર જસપ્રીત બુમરાહની પ્રસંશા કરી હતી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।**

દક્ષિણ આફ્રિકાના પૂર્વ ઝડપી બોલર વર્નોન ફિલેન્ડરે સ્ટાર બોલર જસપ્રીત બુમરાહની પ્રસંશા કરી છે. ફિલેન્ડરનું માનવું છે કે, બુમરાહે ઝડપી બોલરો માટે ઊંચા માપદંડો નક્કી કર્યા છે. આ સિવાય તેણે ચેતવણી આપતા કહ્યું કે, ભારતે દરેક ટુર્નામેન્ટમાં તેને રમાડવાની લાલચથી બચવું જોઈએ અને તેના વર્કલોડ મેનેજમેન્ટ પર ધ્યાન આપવું જોઈએ. વર્નોન ફિલેન્ડરે કહ્યું હતું કે, બુમરાહે ઝડપી બોલરો માટે ઊંચા માપદંડો નક્કી કર્યા છે, ઝડપ પર તેનું નિયંત્રણ શાનદાર છે. જો તમે એક વર્ષમાં ભારત દ્વારા રમવામાં આવેલી મેચોની સંખ્યા પર નજર નાખો તો એ સંખ્યા ઘણી વધુ છે. બુમરાહ જેવા ખેલાડીઓને મહત્ત્વ પૂર્ણ સીરિઝ અને ટુર્નામેન્ટ માટે બચાવી રાખવો જોઈએ. તેને દરેક ટુર્નામેન્ટમાં રમાડવાની લાલચ ન રાખવી જોઈએ. ભારતીય ટીમ મેનેજમેન્ટે આ અંગે વિચારવું જોઈએ. હવે IPLની સિઝનમાં ફ્રેન્ચાઈઝી ઈચ્છશે કે તે દરેક મેચ રમે. પરંતુ અહિયાં પણ વર્કલોડ મેનેજ કરવું જરૂરી છે. ઓછી મહત્ત્વની મેચો માટે અન્ય બોલરોને તક આપી શકાય છે. જો કે આ ઘણું મુશ્કેલ છે. કારણ કે, તમે હંમેશા રમવા માંગો છો અને નવા રેકોર્ડ બનાવવાની ઈચ્છા ધરાવો છો. વર્કલોડ મેનેજમેન્ટને લઈને ફિલેન્ડરે કહ્યું હતું કે, મને લાગે છે કે, બોલરોના વર્કલોડ મેનેજમેન્ટ માટે ફિટનેસ ટ્રેનર અને ફિઝિયોએ માર્ગદર્શન આપવું જોઈએ. હવે પૂરી દુનિયામાં લીગ મેચો રમાઈ રહી છે અને તમારું શરીર એક નિશ્ચિત સંખ્યામાં જ બોલિંગ કરી શકે છે. જેથી તમારે નક્કી કરવાનું છે કે સાચા સમયે અને યોગ્ય ટુર્નામેન્ટમાં તે બોલિંગ કરે.

### વિધાનસભા ચૂંટણીના ૨૪ ઉમેદવારોએ ક્રિમિનલ રેકોર્ડની જાણ કરી નથી

## દિલ્હીની ચૂંટણીના ૬૯૯ પૈકી ૧૧૮ ઉમેદવારો ગુનાઇત રેકોર્ડ ધરાવે છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।**

દિલ્હી વિધાનસભાની ચૂંટણીના મેદાનમાં ઉતરેલા ૧૧૮ ઉમેદવારો ક્રિમિનલ રેકોર્ડ ધરાવે છે તે પૈકી ૨૪ ઉમેદવારોએ તો પોતાનું ઉમેદવારી પત્રક ભરતી વખતે પોતાના સામેના ક્રિમિનલ રેકોર્ડની જાણ પણ ચૂંટણીપંચને કરી નહોતી, કે તેમના પક્ષ દ્વારા પણ તેમના ગુનાઈત રેકોર્ડ બાબતે કોઈ ખુલાસો કરાયો નહોતો એમ ચૂંટણી સંબંધિત અધિકારો ઉપર કામ કરતી એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ (એડીઆર) સંસ્થાએ આજે કહ્યું હતું. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કુલ ૬૯૯ ઉમેદવારોએ પોતાનું ભાગ્ય અજમાવવા ઝંપલાવ્યું છે.૭૦ બેઠકો ધરાવતી દિલ્હી વિધાનસભાની ચૂંટણી ૫ ફેબ્રુઆરીએ એટલે કે આજે યોજાવાની છે અને મતગણતરી ૮ ફેબ્રુઆરીના રોજ હાથ ધરાશે. એડીઆર દ્વારા દિલ્હી વિધાનસભા ચૂંટણી-૨૦૨૫ શીર્ષક ધરાવતો એક વિગતવાર રિપોર્ટ જાહેર કર્યો હતો. ફોર્મેટ સી-૭ આધારિત આ રિપોર્ટમાં એવો ઘટસ્ફોટ કરાયો હતો કે સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ જે ઉમેદવારો સામે ક્રિમિનલ કેસ પેન્ડિંગ હોય તેમ છતાં તેઓને ચૂંટણીના મેદાનમાં ઉતારવામાં આવે તો સંબંધિત રાજકીય પક્ષોએ તે માટેના ઉચિત કારણો રજૂ કરવા ફરજિયાત છે, તેમ છતાં ઘણાં રાજકીય પક્ષો ક્રિમિનલ રેકોર્ડ ધરાવતા પોતાના ઉમેદવારને કયા કારણોસર ચૂંટણી લડાવી રહ્યા છે તેનો ખુલાસો કે સ્પષ્ટતા કરી નથી. દિલ્હી વિધાનસભાની ચૂંટણી લડી રહેલાં ૬૯૯ ઉમેદવારો પૈકી ૧૧૮ ઉમેદવારોએ ઉમેદવારી પત્રક ભરતી વખતે પોતાની સામે પેન્ડિંગ રહેલાં ક્રિમિનલ કેસોની જાહેરાત કરી હતી, જે પૈકી ૭૧ ઉમેદવારોની સામે તો ભ્રષ્ટાચાર. કોમી રમખાણો કરાવવા અને હિંસક અથડામણો કરાવવા જેવા ગંભીર આરોપ મૂકાયા છે.

## બંને પક્ષો, સનાતન વિરોધીઓ ઈચ્છતા હતા કે કુંભમાં દુર્ઘટના સર્જાય : સીએમ યોગી

### મહાકુંભમાં ભાગદોડ પછી થયેલા ૩૦ લોકોના મોતને લઈને રાજકીય આક્ષેપબાજી શરૂ થઈ ગઈ છે

**। (એજન્સી) પ્રયાગરાજ, તા.૫ ।**

મહાકુંભમાં ભાગદોડ પછી થયેલા ૩૦ લોકોના મોતને લઈને રાજકીય આક્ષેપબાજી શરૂ થઈ ગઈ છે. સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ અને કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેના નિવદનોને લઈને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પલટવાર કર્યો છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે એટલા સુધી કહ્યું કે, “સનાતન ધર્મની વિરુદ્ધ સોપારી લઈને ખોટો પ્રચાર કરવામાં આવી રહ્યો છે.” આ પહેલા, અખિલેશ યાદવે અને મલ્લિકાર્જુન ખડગેએ યુપી સરકાર પર ભાગદોડ પછી મોતના સાચા આંકડા છુપાવવા, શાહી સ્નાનની પરંપરા તોડવી, સ્નાન કર્યા વગર લાખો લોકોને પરત ફરવા સહિતના આક્ષેપ લગાવ્યા હતા. આ આક્ષેપોનો સીએમ યોગીએ એક-એક કરીને જવાબ આપ્યો છે. યોગી આદિત્યનાથે કહ્યું કે, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ



અખિલેશ યાદવના નિવેદન ફક્ત તેમનું સનાતન વિરોધી ચરિત્ર ઉજાગર કરે એટલું જ નથી, પરંતુ તેમની આ ગીધ દૃષ્ટિની તરફ પણ તમામનું ધ્યાન ગયું છે, જે સતત મહાકુંભને લઈને પ્રથમ દિવસથી દુષ્પ્રચાર કરી રહ્યા છે. તેમનું આ નિવેદન ફક્ત સનાતન ધર્મ પર પ્રહાર નથી, પરંતુ નિંદનીય છે અને શરમજનક પણ છે. આ સાથે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે, કરોડો લોકો એ દિવસે પ્રયાગરાજમાં ઉપસ્થિત હતા. બંને પક્ષો અને સનાતન વિરોધીઓ ઈચ્છતા હતા કે, મહાકુંભમાં મોટી દુર્ઘટના બની જાય. એમ કહેવું કે મહાકુંભમાં મૌની અમાવસ્યાના દિવસે હજારો લોકો મરી ગયા આ અફસોસજનક નિવેદન છે.

### અમેરિકાથી આયાત થતાં ક્રુડ ઓઇલ, કૃષિની મશીનરી પર ૧૦ ટકા ટેરિફ ઝીંકી

## ટ્રમ્પ સામે ચીનનો વળતો ઘાઃ કોલસા અને LNG પર ૧૫ ટકા ટેરિફ ઝીંકી

### અમેરિકન પ્રોડક્ટ ઉપર જાહેર કરાયેલો આ વધારો સોમવારથી જ લાગુ પાડી દેવામાં આવશે : ચીનનું વાણિજ્ય મંત્રાલયે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનના માલ-સામાન ઉપર ૧૦ ટકાનો ટેરિફ ઝીંક્યો હતો તેનો વળતો ઘા કરતા ચીનની સરકારે અમેરિકાથી આયાત થતાં કોલસા અને લિક્વિફાઈડ નેચરલ ગેસ ઉપર ૧૫ ટકા ટેરિફ ઝીંક્યો હતો. તદઉપરાંત અમેરિકાથી આયાત થતાં ક્રુડ ઓઈલ, કૃષિને લગતી મશીનરી અને મોટા કદની મોટરકાર ઉપર ૧૦ ટકા ટેરિફ ઝીંકી હતી.

અમેરિકન પ્રોડક્ટ ઉપર જાહેર કરાયેલો આ વધારો સોમવારથી જ લાગુ પાડી દેવામાં આવશે એમ ચીનના વાણિજ્ય મંત્રાલયે મંગળવારે કહ્યું હતું. મંત્રાલયે બંને દેશો વચ્ચે ચાલી રહેલાં વેપારને લગતા કેટલાંક કડક પગલાં જાહેર કરવા સાથે અમેરિકાની આઈટી જાયન્ટ કંપની ગૂગલની સામે એન્ટિ-ટ્રસ્ટના આરોપસર તપાસ કરવાનો પણ આદેશ આપ્યો હતો.અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનના આયાતી માલ-સામાન ઉપર જે ૧૦ ટકાનો ટેરિફ ઝીંક્યો હતો તેનો અમલ મંગળવારથી શરૂ થઈ જશે. અલબત્ત ડોનાલ્ડ ટ્રમ્પ આગામી



થોડા દિવસમાં જ ચીનના પ્રમઉખ શી ઝીન પિંગ સાથે મુલાકાત કરીને બંને દેશો વચ્ચે ચાલી રહેલાં વેપાર અને ટેરિફ અંગે વાટાઘાટો કરવાનું વિચારી રહ્યા છે.

ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડા અને મેક્સિકોના આયાતી માલ-સામાન ઉપર પણ ૨૫ ટકાનો ટેરિફ ઝીંક્યો હતો તેનો અમલ પણ મંગળવારથી શરૂ થઈ જવાનો હતો. પરંતુ બાદમાં પોતાનું આક્રમક વલણ ઠંડુ પાડતા કેનેડા અને મેક્સિકોના માલ-સામાન ઉપર જાહેર કરાયેલા ૨૫ ટકાના ટેરિફને એક મહિના માટે મુલત્વી રાખવાની જાહેરાત કરી હતી. મેક્સિકો અને કેનેડાની જમીન સીમાએથી અમેરિકામાં ગેરકાયદે ઈમિગ્રન્ટની વધી ગયેલી ઘૂસણખોરી અને આ બંને દેશોની જમીન સીમાએથી વધી રહેલી ડ્રગની દાણચોરી સામે અમેરિકન પ્રમુખને સખત વાંધો હતો. બાદમાં આ બંને દેશોએ પણ પોતાની સરહદો ઉપર થતી ગેરકાયદે ઘૂસણખોરી અને માદક દ્રવ્યોની હેરાફેરી અટકાવવા એકદમ સક્રિય પગલાં લેવાનું શરૂ કરતા ટ્રમ્પ થોડાં શાંત પડ્યા હતાં.

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વિદેશો ઉપર ટેરિફ નાંખવાના મુદ્દે હવે થોડા ઢીલા પડ્યા છે, કેમ કે પહેલાં તેમણે મેક્સિકો ઉપર લાદેલા ૨૫ ટકા ટેરિફના મુદ્દે એક મહિનાની મુદત પાડી હતી, હવે કેનેડા ઉપર લાદેલા સમાન ટેરિફ દરને લાગુ પાડવા બાબતે એક મહિનાની મુદત પાડી હતી. ડોનાલ્ડ ટ્રમ્પને મેક્સિકો અને કેનેડા સામે મુખ્યત્વે ડ્રગની હેરાફેરી અને તેઓની સરહદે વધી ગયેલી ગેરકાયદે ઘુસણખોરી સામે સખત વાંધો હતો જેથી તેમણે આ બંને રાષ્ટ્રોના માલસામાન ઉપર ૨૫ ટકા ટેરિફ નાંખવાની ધમકી ઉચ્ચારી હતી. જો કે અમેરિકાના સૌથી મોટા બે વેપારી ભાગીદાર ગણાતા મેક્સિકો અને કેનેડાએ પ્રમઉખ ટ્રમ્પની ચિંતાને વાજબી ઠેરવતા તેને દૂર કરવાના પગલાં લેવાનું શરૂ કરતા સામે પક્ષે ટ્રમ્પ પણ કૂણાં પડ્યા છે.

## આંદોલનકારી ખેડૂતો સાથે ૧૪મી ફેબ્રુઆરીએ ચર્ચા કરાશે : સરકાર

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।**

કેન્દ્ર સરકારે મંગળવારે સંસદને જાણ કરી છે કે પંજાબ અને હરિયાણામાં આંદોલનકારી ખેડૂતોની સાથે છઠ્ઠા તબકાકાની વાતચીત ૧૪મી ફેબ્રુઆરીએ કરવામાં આવશે. ગત મહિને ખેડૂતો સાથે યોજાયેલી બેઠકમાં સરકારે ટેકાના ભાવ(એમએસપી) પર કેટલાક કૃષિ પાકોની ખરીદી માટે પાંચ વર્ષની યોજનાનો પ્રસ્તાવ રાખ્યો હતો, પરંતુ એમએસપી માટે કાયદાની ગેરંટી સહિત ખેડૂતોની વ્યાપાક માંગો પર સર્વસંમતિ બની શકી ન હતી. કૃષિ રાજ્યમંત્રી રામનાથ ઠાકુરે લોકસભામાં લેખિત ઉત્તરમાં કહ્યું કે, ‘ખેડૂતોની સાથે આગામી તબક્કાની ચર્ચા ૧૪ ફેબ્રુઆરીએ થશે.


**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**

**વિવિધ એન્જીનિયરીંગ કામ**

ઈ-ટેન્ડર નં. 211-2024-25 થી 214-2024-25

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| 01 | 211/2024-25 | આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર ભાવનગર પરા સબ ડિવિઝન :- સ્ટેશનો, ગેટ લોજીસ અને રેલવે કોલોની વગેરે જેવા વિવિધ સ્થળોએ કોન્ટ્રાક્ટરના પોતાના પ્રાપ્તિસ્થાને થી બધી વ્યવસ્થાઓ સહિત 24 મહિના માટે પીવાલાયક પીવાના પાણીની આપૂર્તિ કરવાનું કામ. **બિડિંગ પ્રારંભ થવાની તારીખ :** 13/02/2025 **અને બંધ થવાની તારીખઃ** 27/02/2025 | 9,69,969.50 | 19,400.00 |
| 02 | 212/2024-25 | સિનિ. DEN (C) અધિકારક્ષેત્ર : GRSP રિન્યુઅલ : 8.249 TKM, લાઈનર રિન્યુઅલ : 42.389 TKM **બિડિંગ પ્રારંભ થવાની તારીખ :** 13/02/2025 **અને બંધ થવાની તારીખઃ** 27/02/2025 | 30,80,476.21 | 61,600.00 |
| 03 | 213/2024-25 | ADEN બોટાદ અધિકારક્ષેત્રઃ SSE/P.Way/વઢવાણ સિટીના અધિકારક્ષેત્ર હેઠળ PRCL સેક્શનમાં બે વર્ષો માટે વિવિધ P.Way જાળવણી કામનું અમલ કરવાનું કામ. **બિડિંગ પ્રારંભ થવાની તારીખ :** 13/02/2025 **અને બંધ થવાની તારીખઃ** 27/02/2025 | 1,51,58,322.05 | 2,25,800.00 |
| 04 | 214/2024-25 | ADEN ધોળા અધિકારક્ષેત્ર : SSE/P.Way/ધોળા જં. ના અધિકારક્ષેત્ર હેઠળ PRCL સેક્શનમાં બે વર્ષો માટે વિવિધ P.Way જાળવણી કામનું અમલ કરવાનું કામ. **બિડિંગ પ્રારંભ થવાની તારીખ :** 13/02/2025 **અને બંધ થવાની તારીખઃ** 27/02/2025 | 1,39,62,729.44 | 2,19,800.00 |

NIT તા.04/02/2025 ના રોજ રેલવે વેબસાઈટ : www.ireps.gov.in પર અપલોડ કરવામાં આવી છે.

BVP-192

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

### ગુજરાતમાં આગામી ૮ અને ૯ ફેબ્રુઆરી દરમિયાન યોજાશે મિલેટ મહોત્સવ – પ્રાકૃતિક ફાર્મર માર્કેટ ૨૦૨૫

# અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાશે રાજ્ય સ્તરનો મિલેટ મહોત્સવ, FPO સાથે સંકળાયેલા ૧૦૦૦થી વધુ મિલેટ પકવતા અને પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો તેમજ વિષય નિષ્ણાંતો કાર્યક્રમમાં જોડાશે

। ગાંધીનગર, તા.૫ ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ બરછટ અનાજ એટલે કે મિલેટ્સમાંથી મળતા પોષણની મહત્તા સમજીને મિલેટ્સના ઉત્પાદન અને વપરાશ પર ભાર મૂક્યો છે. મિલેટ્સના ઉપયોગ અંગે લોકોમાં જાગરૂકતા ફેલાવવાના તેમના સઘન પ્રયાસોના પરિણામે સંયુક્ત રાષ્ટ્રએ વર્ષ ૨૦૨૩ને 'આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ' જાહેર કર્યું હતું. આજે ગુજરાત પણ જાડા અને બરછટ અનાજના ઉપયોગ અને વપરાશને પ્રોત્સાહન આપી રહ્યું છે અને તેના ભાગરૂપે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આગામી ૮ અને ૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન રાજ્યમાં 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ ૨૦૨૫' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ બે દિવસીય કાર્યક્રમનો ઉદેશ મિલેટ્સ ઉત્પાદનો તેમજ પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવાનો છે. આ કાર્યક્રમ સાત મ્યુનિસિપલ કોર્પોરેશનો - અમદાવાદ, જામનગર, ગાંધીનગર, વડોદરા, સુરત, ભાવનગર અને રાજકોટમાં યોજાશે, જેમાં રાજ્ય સ્તરનો કાર્યક્રમ અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આયોજિત થશે. ૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ બપોરે ૧૨.૧૫ વાગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં આ કાર્યક્રમનું ઉદ્દ્ઘાટન કરશે. આ પ્રસંગે કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ અને રાજ્યકક્ષાના કૃષિમંત્રી શ્રી બચુભાઈ ખાબડ પણ ઉપસ્થિત રહેશે.

**રાજ્યભરના ખેડૂતો, ગ્રાહકો અને નિષ્ણાંતો માટેનો ગતિશીલ મંચ બનશે મિલેટ મહોત્સવ ૨૦૨૫**

આ કાર્યક્રમમાં, મિલેટ્સનું ઉત્પાદન કરતા તેમજ પ્રાકૃતિક કૃષિ અપનાવતા રાજ્ય સ્તરના FPO સાથે સંકળાયેલા લગભગ ૧૦૦૦ ખેડૂતો, જાણીતા NGOs અને રાજ્યના શહેરી નાગરિકો સામે થશે. આ કાર્યક્રમમાં અંદાજે ૨૫,૦૦૦ થી ૩૦,૦૦૦ મુલાકાતીઓ આવવાની અપેક્ષા છે. તેવી જ રીતે, અન્ય મહાનગરપ ાલિકાઓમાં યોજાનારા જિલ્લા કક્ષાના કાર્યક્રમોમાં લગભગ ૫૦૦ ખેડૂતો અને વિષય નિષ્ણાંતો સામેલ લેશે. જિલ્લા કક્ષાના કાર્યક્રમ સ્થળોએ સ્થળ દીઠ લગભગ ૨૦,૦૦૦ થી ૨૫,૦૦૦ મુલાકાતીઓ આવવાનો અંદાજ છે. સવારે ૯.૦૦ વાગ્યાથી રાતે ૯.૦૦ વાગ્યા સુધી ચાલનારો આ બે દિવસીય કાર્યક્રમ, ખેડૂતો, કૃષિ નિષ્ણાંતો, વ્યવસાયો (બિઝનેસ) અને ગ્રાહકો માટે એક ગતિશીલ મંચ તરીકે સેવા આપશે, જ્યાં તેઓને મિલેટ્સ તેમજ પ્રાકૃતિક ખેતીની સંભાવનાઓને એક્સપ્લોર કરવાની તક મળશે.

**પ્રદર્શનો, લાઇવ ડેમોન્સ્ટ્રેશન્સ અને સાંસ્કૃતિક કાર્યક્રમો**

મિલેટ મહોત્સવમાં ૧૨૫ રાજ્ય-સ્તરીય અને ૭૫ જિલ્લા કક્ષાના સ્ટોલનું પ્રદર્શન આયોજિત કરવામાં આવ્યું છે, જેમાં મિલેટ્સ (જાડું અને બરછટ અનાજ)ના ઉત્પાદનો, પ્રાકૃતિક ખેતી તકનીકો, અને પ્રાકૃતિક કૃષિપેદાશોની એક વિશાળ શ્રેણી પ્રદર્શિત કરવામાં આવશે. વધુમાં, આ પ્રદર્શનમાં, રાજ્ય કક્ષાના ૧૦૦ અને જિલ્લા કક્ષાના ૬૦ સ્ટોર મિલેટ આધારિત ઉત્પાદનો તેમજ પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોને સમર્પિત હશે, જેમાં અનુક્રમે ૨૫ અને ૧૫ લાઇવ ફૂડ સ્ટોલ્સ હશે. કાર્યક્રમ દરમિયાન, મિલેટ્સનું મહત્વ, મિલેટ્સના પાકોમાં મૂલ્યવર્ધન, પ્રાકૃતિક ખેતી, ઓર્ગેનિક સર્ટિફિકેશન, અને બાગાયતી પેદાશોનું કેનિંગ વગેરે જેવા વિષયો પર અગ્રણી કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા પેનલ ચર્ચાઓનું પણ આયોજન કરવામાં આવશે. આ સાથે જ, મિલેટ્સ આધારિત રસોઈ, પ્રાકૃતિક ખેતીની તકનીકો અને ફૂડ પ્રોસેસિંગ એટલે કે ખાદ્ય પ્રક્રિયાઓ અંગેના લાઈવ ડેમોન્સ્ટ્રેશન્સ કાર્યક્રમમાં આવનારા મુલાકાતીઓને મૂલ્યવાન આંતરદ્રષ્ટિ પ્રદાન કરશે. પેનલ ચર્ચાઓ અને લાઈવ ડેમો ઉપરાંત, મુલાકાતીઓના મનોરંજન માટે મિલેટ મહોત્સવમાં સાંજે ૫.૩૦ થી ૭.૦૦ વાગ્યા દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## સેવાલિયામાં સોસાયટીના રહીશો સાથે માથાકૂટ વચ્ચે બિલ્ડરનું ફાયરિંગ

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

દુનિયાભરને હચમચાવી ચૂકેલા કોરોના વાઈરસની મહામારી બાદ હ્યુમન મેટાન્યૂમો વાઈરસે (HMPV) ચીન બાદ ભારતમાં એન્ટ્રી કરી. ગુજરાતમાં અમદાવાદ અને હિંમતનગર સહિત HMPVના અત્યારસુધીમાં ત્રણ કેસ નોંધાયો હતા. જ્યારે HMPVના વધુ એક કબરે રિપોર્ટ આવ્યો હતો. પરંતુ આ મામલે હૉસ્પિટલે તંત્રને અવગત ન કરતાં AMC આરોગ્ય અધિકારીએ નોટિસ પાઠવી હૉસ્પિટલ સત્તાધીશો પાસે. જ્યારે જિલ્લામાં HMPVનો કેસ સામે આવતાની સાથે આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું. HMPVનો ત્રીજો કેસ અમદાવાદથી સામે આવ્યો હતો. જેમાં વસ્ત્રાપુરમાં રહેતા ૮૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેમાં વૃદ્ધને મેમનગરની સ્ટર્લિંગ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. ગુજરાત સરકારે જાહેર કરેલી એડવાઈઝરી અનુસાર, હ્યુમન મેટાન્યૂમો વાઈરસ (HMPV) શ્વસન વાઈરસની જેમ શિયાળાની ઋતુમાં ખાસ કરીને નાના બાળકો અને વૃદ્ધ વયના લોકોમાં દેખાય છે.

## અમદાવાદમાં ૧૦ વર્ષના માસૂમ પુત્રની પિતાએ કરી હત્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

અમદાવાદ શહેરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં બાપુનાગર વિસ્તારમાં રહેતા ૧૦ વર્ષના પુત્રને તેના જ પિતાએ પાણીમાં ઝેરી પાઉડર ભેળવીને પીવડાવી તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. ૧૦ વર્ષના માસૂમનું મૃત્યુ નિપજતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. હાલ આ ઘટનામાં પોલીસે આરોપી પિતાની ધરપકડ કરી છે અને વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ બાપુનગરમાં આવેલ નર્મદા આવાસમાં રહેતા એક ૧૦ વર્ષના બાળકની ઝેર પીવડાવી હત્યા કરી નાખવામાં આવી હતી. અહીં રહેતા કલ્પેશ ગોહિલે પોતાના પુત્ર ઓમને પાણીમાં ૩૦ ગ્રામ જેટલું સોડિયમ નાઈટ્રેટ નામના ઝેરી પાઉડર ભેળવીને પીવડાવી તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ ઘટના અંગે પોલીસના જણાવ્યા મુજબ કલ્પેશની પત્ની બહારગામ ગઈ હતી તે સમયે જ બાળકને મારી નાખવાનો તેના પિતા વિચાર આવ્યો હતો. જેના પગલે કલ્પેશે સોડિયમ નાઈટ્રેટ ઝેરી પાઉડર પાણીમાં ભેળવીને તેના પુત્રને આપી દીધું હતું. જે પી લેતા બાળકનું મોત નિપજ્યું હતું. વધુમાં પોલીસનું એવું કહેવું છે કે બાળકને કોઈ બીમારી હોવાથી પિતા કંટાળ્યો હતો અને તેના કારણે જ આ પગલું ભર્યું હોવાનું કહેવાય છે. તે પોતે પણ આ હત્યા બાદ આત્મહત્યા કરવાનું વિચારી રહ્યો હતો પણ તેની હિંમત તૂટી ગઈ અને તે આ ઘોર પાપ કરી બેઠો હતો.

# પારુલ યુનિ.ની વિદ્યાર્થીઓને લઈને જતી બસ કાંસમાં ખાબકી

**બસના ચાલકે વડોદરા ગ્રામ્યના સર્કિટ હાઉસ પાસે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા આ ઘટના ઘટી હતી**

। (એજન્સી) વડોદરા, તા. ૫ ।

વડોદરા નજીક અમદાવાદ – મુંબઈ નેશનલ હાઈવે પર સયાજીપુરા પાસે આજે વહેલી સવારે પારુલ યુનિવર્સિટીની બસ પલટી ખાઈ ગઈ હતી. સવારે વિદ્યાર્થીઓને યુનિ.માં લઈ જતી બસના ચાલકે વડોદરા ગ્રામ્યના સર્કિટ હાઉસ પાસે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા આ ઘટના ઘટી હોવાનું પ્રાથમિક અનુમાન છે. આ બસમાં ૫૦ વિદ્યાર્થીઓ મુસાફરી કરી રહ્યા હતા.જેમાંથી ઘણાને નાની-મોટી ઈજાઓ થઈ હતી. આ ઘટનામાં બસ ચાલક સહિત બે વિદ્યાર્થીનીઓને નાની-મોટી ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળી રહ્યું છે. ઘટનાને પગલે કપુરાઈ પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને આ મામલે વધુ તપાસ શરૂ કરી છે. વડોદરા પાસે આવેલા વાઘોડિયામાં પારૂલ યુનિવર્સિટી આવેલી છે. આ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને લાવવા-લઈ જવા માટે લક્ઝરી બસની સુવિધા આપવામાં આવે છે. આજે સવારે નિયત રૂટ પર વિદ્યાર્થીઓને લઈને બસ વાઘોડિયા ખાતેના કોલેજ કેમ્પસમાં જઈ રહી હતી. આ દરમિયાન વડોદરા નજીક સયાજીપુરા પાસે બસના ડ્રાઈવર સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવી દીધો હતો અને સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા બસ રોડની બાજુમાં પલટી ખાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતા બે એમ્બ્યુલન્સ સ્થળ પર દોડી ગઈ હતી અને આસપાસના લોકો પણ દોડી આવ્યા હતા અને બસમાં બેઠેલા તમામ લોકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા. ઘટનામાં બે વિદ્યાર્થીનીઓ અને ચાલક ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળી રહ્યું છે. ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલમાં સારવાર અર્થે મોકલી આપવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતા કપુરાઈ પોલીસ મથકનો સ્ટાફ પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને લોકોને હાઈવે પરથી હટાવ્યા હતા.

## ખ્યાતિકાંડના આરોપી રાહુલ જૈનની જામીન અરજી કોર્ટે ફગાવી

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

અમદાવાદમાં થયેલા ખ્યાતિકાંડ પ્રકરણમાં હોસ્પિટલના CEO રાહુલ જૈન દ્વારા અમદાવાદ ગ્રામીણ કોર્ટમાં જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. જે જામીન અરજી કોર્ટે ફગાવી દીધી હોવાનું સામે આવ્યું છે. આ જામીન અરજીમાં અરજદારે રજૂઆત કરી હતી કે, તે આ હોસ્પિટલમાં માત્ર CEO તરીકે કાર્યરત હતો જેના લીધે તેની જવાબદારી અમર્યાદિત હોઈ શકે નહીં. પોતે માત્ર CA અને CS છે. તે પહેલા બહુ જાણીતી સાલ હોસ્પિટલ સાથે જોડાયેલો હતો. બાદમાં વર્ષ ૨૦૨૦થી ખ્યાતિ હોસ્પિટલ સાથે જોડાયો હતો. રાહુલ જૈનને હોસ્પિટલમાં થતા ઓપરેશન, માર્કેટિંગ કે બ્રાન્ડિંગ સાથે કોઈ લેવાદેવા નથી. હોસ્પિટલના ડિરેકટરોએ લીધેલા નિર્ણયના પેપર ઉપર ક્યાંય તેની સહી નથી. અરજદાર PMJAY યોજના સંલગ્ન કાર્ય પણ કરતો નહોતો. પોલીસનું કહેવું છે કે, અરજદારે ખ્યાતિ હોસ્પિટલનો ઓડિટ રિપોર્ટ ખોટો બનાવીને તેને નુકસાની બતાવી હતી.

## બોટાદમાં CNG પંપ પર લાગી રિક્ષાઓની લાંબી લાઇન

। બોટાદ, તા.૫ ।

જાળવણી દરમિયાન સીએનજી પંપ બંધ રહેવાને કારણે રિક્ષા ચાલકોની આવક પર અસર ન પડે તે માટે, તેઓએ અગાઉથી આયોજન કર્યું હતું અને રાત્રે ગેસ ભરવાનો નિર્ણય લીધો હતો. સોમવારે રાત્રે બોટાદના પચ્ચદ રોડ પર આવેલા ઝદ્ભર પંપ પર ઓટો રિક્ષાઓની લાંબી કતારો જોવા મળી હતી. ગેસ લાઈન પર મેન્ટેનન્સ કામ કરવામાં આવશે.

## પાલિકા-પંચાયત ચૂંટણીના । મતદાન પહેલાં જ ભાજપે ૨૧૫ બેઠકો પર કબજો જમાવ્યો

। ગાંધીનગર, તા.૫ ।

રાજ્યની જૂનાગઢ મહાનગરપાલિકા, ૬૬ નગરપાલિકા, ત્રણ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી સહિત અન્ય સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની મળી કુલ ૨૧૭૮ બેઠકો માટે ૧૬ ફેબ્રુઆરીએ યોજાનાર મધ્યસત્ર, પેટા ચૂંટણીઓ માટે મંગળવારે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાના અંતિમ દિવસે ભાજપ દસ ટકા એટલે કે કુલ ૨૧૫ બેઠકો બિનહરીફ કબજે કરવામાં સફળ રહ્યો છે. આ બેઠકો પર ભાજપે પોતાની તમામ તાકાત કામે લગાડીને હરીફ ઉમેદવારોને મેનેજ કરવામાં સફળતા મેળવી લીધી હતી. બીજી તરફ, કોંગ્રેસ અને આમઆદમી પાર્ટીએ મહાનગર પાલિકા, પાલિકા અને પંચાયતોમાં શાસક પક્ષ ભાજપ દ્વારા ધાકધમકી અને લાલચ આપીને ઉમેદવારોને બેસાડી દેવાનો પ્રયાસ કરતો હોવાનો આરોપ મૂક્યો છે. આમઆદમી પાર્ટીએ ધોરાજી નગરપાલિકાના તેના ૨૮ ઉમેદવારોને આવા જ ભયને ધ્યાનમાં રાખીને અજ્ઞાત સ્થળે લઈ ગયાનું જાણવા મળ્યું છે તો સાણંદ પાલિકામાં કોંગ્રેસે પણ તેના પાંચ-સાત ઉમેદવારોને ગુજરાત બહાર લઈ જઈ સલામતી પૂરી પાડી હોવાનું જાણવા મળે છે. કોંગ્રેસને ઉમેદવારી પત્રો ભરવાના અંતિમ દિવસે જ મેન્ડેટ મોડો મળતા એક ઉમેદવાર ફોર્મ ભરી શક્યા ન હતા.ભાજપે સત્તાવાર યાદીમાં દાવો કર્યો છે કે, સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ૬૮ પાલિકામાંથી ૧૯૬ બેઠકો ભાજપને બિનહરીફ પ્રાપ્ત થઈ છે જ્યારે જૂનાગઢ મહાનગરપાલિકાની ૬૦માંથી ૯ બેઠકો બિનહરીફ થઈ છે. ભચાઉ નગરપાલિકામાં ૨૮માંથી ૨૨, હાલોલમાં ૩૬માંથી ૧૯, જાફરાબાદમાં ૨૮માંથી ૧૬, બાંટવામાં ૨૪માંથી ૧૫ બેઠકો બિનહરીફ થતાં મતદાન પહેલાં જ સત્તા મેળવી છે. આમ, પાલિકાની ૧૯૬, જૂનાગઢ મહાનગરની ૯, તાલુકા અને અન્ય પેટા ચૂંટણીની ૧૦ મળી કુલ ૨૧૫ બેઠકો બિનહરીફ મળી છે. રાજ્ય ચૂંટણી પંચે જાહેર કરેલા કાર્યક્રમ મુજબ ૪ ફેબ્રુઆરીએ ફોર્મ પાછા ખેંચવાની અંતિમ તારીખ હોવાથી સવારથી જ ચૂંટણી જાહેર થઈ છે એવી સ્થાનિક સંસ્થાઓમાં કોંગ્રેસ અને આપ દ્વારા પોતાના ઉમેદવારો બારોબાર ફોર્મ પાછું ખેંચી ન લે તેના માટે કાળજી લેવામાં આવી હતી. શરૂઆતથી જ ખેંચતાણ માટે જાણીતી વલસાડની ધરમપુર પાલિકા માટે સરકારી કચેરીમાં ફોર્મ પાછા ખેંચવાને લઈ ધમાસાણ થયું હતું. કોંગ્રેસના પ્રયાસો છતાં ચાર ઉમેદવારોએ ફોર્મ પાછા ખેંચ્યા હતા. આને લીધે એક તબક્કે પોલીસ બોલાવવી પડી હતી.પંચમહાલની હાલોલ નગરપાલિકાના ઈતિહાસમાં પ્રથમ વખત ભાજપને બિનહરીફ સત્તા મળી છે. ૩૬માંથી ૨૦ બેઠકો બિનહરીફ થઈ છે. જિલ્લા પંચાયતની પણ એક બેઠક પર ભાજપ અત્યારથી વિજયી થયો છે. વલસાડની ધરમપુર પાલિકામાં કોંગ્રેસના ચાર ઉમેદવારોએ ફોર્મ પાછા ખેંચી લેતા ભાજપ માટે જીત સરળ બની છે. ચૂંટણી અધિકારી કચેરીમાં કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો આમને સામને આવી જતા પોલીસ બોલાવવાની ફરજ પડી હતી. કોંગ્રેસે ભાજપની દાદાગીરી સામે દેખાવો યોજ્યા હતા. આ તરફ રાજકોટની ધોરાજી નગરપાલિકાના ૨૮ ઉમેદવારોને ભાજપ કે કોંગ્રેસ ફોડી ન જાય એ માટે આમઆદમી પાર્ટીએ તમામને અજ્ઞાત સ્થળે મોકલી આપ્યા હતા.

## ૮મી ફેબ્રુઆરી સુધીમાં તમામ 3.૭3 લાખ ખેડૂતોની મગફળીની ખરીદી પૂર્ણ કરાશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૫ ।

રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળીની ખરીદી કરવા માટે અગાઉ રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યું હતું જેના લીધે રાજ્યના ૩ લાખ ૭૩ હજાર ખેડૂતોએ મગફળી વેચાણ માટેનું રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાં ખેડૂતોની ૧૦ લાખ મેટ્રિક ટનની ખરીદી કરવામાં આવી છે. ૮ ફેબ્રુઆરી સુધીમાં આ તમામ મગફળીની ખરીદી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી ભારત સરકાર દ્વારા ખરીફ પાકોનું વાવેતર થાય તે પહેલા જ ટેકાના ભાવ જાહેર કરાયા હતા. ટેકાના ભાવ બજાર ભાવથી વધુ હોવાથી ગુજરાતના ખેડૂતોએ મગફળી સહિતના ખરીફ પાકોનું પુષ્કળ વાવેતર અને ટેકાના ભાવે વેચાણ કર્યું છે. પરિણામે આ ખરીફ સીઝન દરમિયાન ગુજરાતમાં સરકાર દ્વારા મગફળીની અત્યાર સુધીની સૌથી રેકોર્ડબ્રેક ખરીદી કરવામાં આવી છે. જે અંતર્ગત કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ સંદર્ભે જણાવ્યું હતું કે, ગુજરાતમાં આ વર્ષે મગફળી પાકનું કુલ ૧૮.૮૦ લાખથી વધુ હેકટરમાં રેકોર્ડબ્રેક વાવેતર થયું હતું, જે ગત વર્ષની સરખામણીએ ૨.૫ લાખ હેક્ટર વધુ હતું. ગુજરાતના ખેડૂતોને તેમના મબલખ ઉત્પાદિત પાકોના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બનાસકાંઠા ખાતેથી રાજ્યભરમાં ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદીનો શુભારંભ કરાવ્યો હતો.રાજ્યના અનેક તાલુકાઓમાં નોંધાયેલા તમામ ખેડૂતો પાસેથી ખરીફ પાકોની ખરીદી પૂર્ણ થઈ છે. જ્યારે, બાકીના ખરીદ કેન્દ્રો ખાતે નોંધાયેલા ખેડૂતો પાસેથી ખરીફ પાકોની ખરીદી પૂરવેગે ચાલી રહી છે. બાકીના તમામ ખેડૂતો પાસેથી આગામી તા. ૮ ફેબ્રુઆરી સુધીમાં ખરીદી પૂર્ણ કરવામાં આવશે, તેવી મંત્રીએ ખાતરી આપી હતી. મગફળીની ખરીદી મુદ્દે કૃષિમંત્રી રાઘવજી પટેલનું નિવેદન આપતા જણાવ્યું હતું કે, ૮ ફેબ્રુઆરી સુધીમાં તમામ મગફળીની ખરીદી પૂર્ણ થશે.

૩.૭૩ લાખ ખેડૂતોએ મગફળી વેચાણનું રજીસ્ટ્રેશન કરાવ્યું છે. જેમાં ૩.૫ લાખ ખેડૂતોની મગફળીની ખરીદી કરવામાં આવી છે. ખેડૂતોની ૧૦ લાખ મેટ્રિક ટનની ખરીદી કરવામાં આવી છે. ખેડૂતોને

## રેલવે યાત્રીઓની સુવિધા માટે સાબરમતી અને અમદાવાદ સ્ટેશનો વચ્ચે બસ સેવાની શરૂઆત

। અમદાવાદ, તા.૫ ।



રેલવે પ્રશાસન દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદના સહયોગથી સાબરમતી અને અમદાવાદ વચ્ચે સાબરમતી-જોધપુર એક્સપ્રેસ અને નવજીવન એક્સપ્રેસ ટ્રેનો વચ્ચે કનેક્ટિંગ બસ સેવા શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ શરૂઆત હેઠળ સાબરમતી-જોધપુર એક્સપ્રેસ અને નવજીવન એક્સપ્રેસ ટ્રેનો વચ્ચે કનેક્ટિંગ બસ સેવાની શરૂઆત કરવામાં આવી છે. રેલવે પ્રશાસને મ્યુનિસિપલ કોર્પોરેશનઅમદાવાદનાસહયોગથીઆવ્યવસ્થાકરીછે,જે જોધપુર-સાબરમતી એક્સપ્રેસ (ટ્રેન નંબર ૨૦૪૮૫) અને અમદાવાદ-ચેન્નાઈ સેન્ટ્રલ નવજીવન એક્સપ્રેસ (ટ્રેન નંબર ૧૨૬૫૫) ટ્રેનો વચ્ચે કનેક્ટિંગ બસ સેવા હશે. તે અનુસાર ટ્રેન નંબર ૨૦૪૮૫ જોધપુર-સાબરમતી એક્સપ્રેસ જે સાબરમતી સ્ટેશન પર ૨૦:૦૦ કલાકે પહોંચે છે તથા ટ્રેન નંબર ૧૨૬૫૫ અમદાવાદ-ચેન્નાઈ સેન્ટ્રલ નવજીવન એક્સપ્રેસ જે અમદાવાદ સ્ટેશનથી ૨૧:૨૫ કલાકે ઉપડે છે. જે યાત્રી જોધપુર-સાબરમતી એક્સપ્રેસથી આવીને નવજીવન એક્સપ્રેસથી ચેન્નાઈ જાય છે તે યાત્રીઓ નવજીવન એક્સપ્રેસ ઉપડવાના સમયથી પહેલાં સરળતાથી પહોંચી શકે એટલા માટે રેલવે પ્રશાસન દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી બંને ટ્રેનો વચ્ચે કનેક્ટિંગ બસો શરૂ કરવામાં આવી છે જેનાથી યાત્રીઓને સરળ અને સસ્તી યાત્રા મળી શકશે. આ પગલું યાત્રીઓને ઑટો રિક્શા ચાલકો દ્વારા લેવામાં આવતા મનમરજીના ભાડાથી રાહત આપશે. આની સાથે જ, વટવા સ્ટેશન પર ટર્મિનેટ થનારી તમામ ટ્રેનોના સમયે પણ વિવિધ મુકામ માટે બસ સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આ સેવાથી યાત્રીઓને વટવા સ્ટેશનથી પોતાના મુકામ સુધી જવામાં સુવિધા મળશે.

